
રાજમહેલનું રમખાણ

યાને

પ્રેમનું તોફાન



રાજમહેલનું રમખાણ

યાને

પ્રેમનું તોફાન



54

લેખકઃ—પટેલ ડાહ્યાભાઇ ઉમેદભાઇ
[મનમોજી.] મુ૦ ઉતરસંડા
હાલ વડોદરા.

ની પાસેથી સર્વ હક્ક ખરીદ કરી છપાવનાર અને વેચનાર.

બુકસેલર-કંચનલાલ શાન્તીલાલ બ્રધર્સ

મુ. નડીઆદ.

સંવત ૧૯૮૫ આવૃતી ૪ પ્રત ૩૦૦૦ સન ૧૯૨૯

કીંમત આઠ આના

મળવાનું ઠેકાણું—

આગરીઆ હાસમભાઈ ઈસાભાઇ,

જુની મારકીટ, અકબરઅલી લેન—કરાંચી

બુકસેલર—ત્રીભોવનદાસ જેઠાભાઇ

ગુલાલવાડી—મુ. મુંબઇ.

અમદાવાદ-પાનકોરના નાકે ધી મનહર પ્રીન્ટીંગ પ્રેસમાં
મોતીલાલ ગણપતરામે છાપી.

૧૪૮૫૦

રાજમહેલનું રમખાણ

યાને

પ્રેમનું તોફાન

પ્રકરણ ૧ લું.

પ્રેમ પત્રિકા.

પત્રો લખું હું પ્રેમથી પણ કલમ આ શરમાય છે,
મળતો નથી ભોગી ભમર, તેથી કળી કરમાય છે.

ઉન્હાળાની ગ્રીષ્મ રૂતુના ઉકળાટમાં જ્યારે પૃથ્વી પરનાં મનુષ્યો તાપની અસહ્ય વેદના સહન કરતાં પોતાનુ કામ કર્યે જતાં હતાં ત્યારે રત્નગઢના રાજમહાલયના એક દીવાનખાનામાં લગભગ વીસ વરસની યુવાન બાળીકા એક ટેબલ પાસે પડેલી ખુરશી ઉપર બેસી ઉંડા વિચાર કરતી હોય તેમ જણાતી હતી. તેના માથા ઉપર ઇલેકટ્રીક પંખાનો પવન સમસમાટ ચાલતો હતો,

તેથી પાસે પડેલા ટેબલ પરનાં ચોપાનીયાં પંખાની હવામાં આનંદ માનતાં પોતાના કાગળ રૂપી પાંખો ફફડાવતાં હતાં. ટેબલપર કેટલીક જાતના છોડવાઓ શીશીઓમાં પાણી ભરી મુકવામાં આવ્યા હતા. સ્હામે કબાટમાં કેટલીક જાતના પુસ્તક જણાતાં હતાં ભીંત ઉપર અનેક પ્રકારનાં પ્રેમી યુગલોના ફોટાઓ નજરે પડતા હતા. આ બાળીકા આટલો બધો વઇભવ હોવા છતાં આજે ઉદાસીન ચહેરે સ્હામે ટાંગેલા અરીસા સામે જોતી હતી, ને ઘડીકમાં પાસે પડેલા ટેબલ પર કોઇ મનુષ્યના ફોટા તરફ નિહાળતી હતી. ને જ્યારે ફોટા તરફ જોતી. ત્યારે તેના મુખ ઉપર હાસ્યની છાયા પ્રસરતી હતી. તેથી તેના ગુલાબી ગાલોપર ખાડા પડી તેના મુખની શોભામાં વધારો કરતા હતા. આ વખતે તેણે પહેરેલાં કપડાં ઉપરથી જોનારના મનને એમજ ભાસ થયા વિના ન રહે કે આજે આ બાળકીએ આનંદમાં આ વસ્ત્રો ધારણ કર્યા હશે તેણે શરીર પર એક રેશમી સાડી ધારણ કરી હતા, ને તેની અંદર' સોનેરી બુટાઓ જણાતા હતા. તેણે પોતાના અધરને છુપાવા માટે સાચા મોતીથી ભરેલું પોલકું પહેરેલું હતું માથામાં પાંતી પાડી વચ્ચે સીંદુરની લાઇન કરી અંબોડો એવી તો કાળજીથી વાળેલો હતો કે જાણે ફણીધર સાપ આનંદમાં આવી પોતાના શરીરનું ગુંચળુ વાળી બેઠેલો હોય તેમ જણાતો હતો. આંખમાં કાજળ આંજી રૂપમાં વધારો કર્યો હતો.

તે બાળીકા ઘડીકમાં હાથમાં કાગળ લેતી ને ઘડીકમાં લખવાનો ડોળ કરી કાગળ તથા કલમ બંને ટેબલ પર પછાડતી ને સ્હામે પડેલા મનમોહક ફોટામાં જોઇ જાણે કોઇ આવ્યું નં

હોય ! ને પોતાના મનની છાની વાત જાણી ગયું હોય તેમ શરમાતી આખર તેણીએ હાથમાં કાગળ અને કલમ લઇ પોતાના કોમળ હસ્તથી કંઇ લખવા લાગી. લખતાં લખતાં તેણે સ્હામે પડેલા ફોટા તરફ નીહાળી ઉંડી હાય મારી બોલી, કે હે વિભુ ! ત્હારા દરબારમાં આટલો બધો અન્યાય હશે; એવું હું જાણતી ન હતી તે આજે અનુભવું છું હું જેને ચાહું છું તે પ્રેમી પાત્ર મને જરા પણ સંભારતું હશે કે નહી ? તે બીચારાને કયાં ખબર છે કે મને ચહાનાર આ વિશ્વમાં કોઇ પ્રેમી પુતળી પેદા થઇ છે. અહા ! શું તેનું સૌંદર્ય ? રૂપમાં તો જાણે બીજો કામદેવ. જેનો ફોટો જોતાંજ આટલો મોહ ઉત્પન્ન થાય છે, તેને ભેટવાથી શું ન થાય ? માટે જો મારો સંબંધ આ પુરૂષ સાથે જોડાય તો કેવું સારૂં ? પણ અરે ! હું કયાં ભુલું છું એ મારા હાથમાં કયાં છે, એ તો પિતાજીની મરજી પણ ના ! ના ! મહારા પિતાજીને જણાવતાં પહેલાં મ્હારે જાણવું જોઇએ કે હું જેને ચાહું છું તે મ્હને ચાહે છે કે નહિ કદાચ પિતાજી હા કહે ને તેઓ ના કહે તો મ્હારે શું કરવું માટે લાવ એક કાગળ લખી જણાવું ને તેમની મરજી હશે તો હું પિતાજીને જણાવીશ. એમ વિચાર કરી કાગળ લખવા બેઠી.

શ્રી. વિલાસનગર.

શિરછત્ર તિર્થસ્વરૂપ કુમારશ્રી

જોગ ગામ રત્નગઢથી લખનાર રત્નપુરના મહારાજા રત્નસીંહની પુત્રી સૌન્દર્યવતિ.

વિ. આપનો ફોટો જ્યારથી મારા જોવામાં આવ્યો છે.

ત્યારથી મારા ઉપર જુદીજ અસર થઈ છે. હજુ હું અવિવાહિત છું કારણ કે મારાં માતપીતા મારા લગ્નને માટે બહુ બહુ તપાસ કરવા છતાં કોઈ લાયક ગુણવાન કુમાર નહી મળવાથી તેઓ નિરાશ થયાં છે પણ જ્યારથી આપના ફોટા રૂપી દર્શન થયાં છે. ત્યારથી આપ મારા પ્રેમી રૂપી પીંજરામા પુરાયા છો; ને હું આપને મનથી વરવા માટે ઇચ્છા રાખું છું, છતાં આપ કુમારશ્રીની ઇચ્છા જાણવા માટેજ આ પત્રિકા લખી જે તસ્દી આપું છું. તેથી આપની ભવિષ્યની થનારી દાસી પ્રત્યે દયા દરશાવી આપનો હેવાલ જણાવી મને આનંદીત કરશો. આ સાથે મેં મારો ફોટો મોકલ્યો છે, તેનો યોગ્ય રીતે સત્કાર કરશો એવી આશા છે. એજ લી.

આપની કૃપાકાક્ષીણી દાસી.

સૌન્દર્યવતી.

આ પ્રમાણે કાગળમાં લખી કાગળને બે ત્રણ વાર વાંચી ગયા બાદ પોતાનો ફોટો અંદર બીડી તેને ટેબલ પર મુકયો; ને ફરી એકવાર ફોટા સામું જોઇ હસી. આમ થોડીવાર ચાલ્યા પછી પોતાની દાસી તારાને હાક મારી, તારા હાક સાંભળતા, જે બાજુના ખંડમાં ચ્હા બનાવતી હતી. તે ચ્હાનો પ્યાલો લઇ આવી. તારાને આવેલી જોઇ તેણે કહ્યું. બેન તારા! આજે મારૂં એક કામ તારે કરવાનું છે; તે એજ કે આ કાગળ તારા હાથેજ ટપાલમાં જઇ નાખી આવ. એમ કહી તારાને કાગળ આપ્યો. તારા ટાઇમ થવાથી કાગળ લઇ ઓફિસમાં ગઇ ને કાગળ નાખી પાછી આવી, પછી પોતે કપ લઇ પોતાના કામે ચાલી ગઇ. તેના ગયા પછી તે વીચાર

વમળોમાં ગોથાં ખાવા લાગી; કે કદાચ રાજકુમાર પરણવા ના કહેશે તો પ.રે શું કરવું આમ વિચારોમાં ને વિચારોમાં તેની આંખ મીંચાવા લાગી; તેથી તે પાસે પડેલી આરામ ખુરસી પર પડી; પણ તેને વિચારો તેના તેજ આવતા હતા. અર્ધનિદ્રામાં પડયે પડયે તેણે એક દ્રસ્ય જોયું; કે પોતાની પાસે રાજકુમાર આવી બેઠા છે; છતાં શરમથી પોતે બોલી શકી નહિં. આથી કુમારને ગુસ્સો આવવાથી ઉઠી ચાલતા થવા લાગ્યા. તેમને પકડવા માટે તે ઉઠી દોડી. પણ કંઈ કામસર પોતાની દાસી આવેલી હોવાથી તે તેને ભેટી પડી. એટલામાં આંખ ઉઘડી ગઇ, તેથી દાસીને જોઇ શરમાઇ.

બીજી બાજુએ સ્હવારમાં કનકસિંહ પોતાના રૂમમાં બેઠા હતા. તે અરસામાં સીપાઈ એક બીડેલો કાગળ તેમના ટેબલ પર મુકીને ચાલતો થયો. ટેબલ પરનો કાગળ કુમારે ઝટ હાથમાં લીધો, ને તેને ફોડયો. કાગળ અને ફોટો કાઢી ટેબલ પર મુકયા, ને પછી કાગળ હાથમાં લઈ વાંચવા લાગ્યો. જેણે સ્વપ્ને પણ નહિ ધારેલો તેવો કાગળ તથા ફોટો જોઇ કુમાર વિચારમાં પડયો, પણ શું હશે તે વાંચવા લાગ્યો. કાગળ વાંચી રહ્યા બાદ ફોટાને નીહાળી નીહાળી જોવા લાગ્યો. પોતાને લાયક જોડી મળતી જાણી આનંદ પામ્યો. પણ શું કરે, માતપિતાની આગળ લગ્નની બાબતમાં પુત્ર અગર પુત્રીનું કંઇ ચાલવું નહિ હોવાથી વિચારમાં પડયો. અને તેણે હીમ્મતથી ઉત્તર આપવો યોગ્ય ધારી કાગળ લખવા વિચાર કર્યો. ત્યાં નોકરે ચ્હા તથા નાસ્તો ટેબલ પર મુકયાં. પછી કુંવરે ચ્હા તથા નાસ્તો કરી કાગળ લખવાની શરૂઆત કરી, પણ પાછો ત્હેના મનમાં તર્ક આવ્યો, કે આ કુમારીએ મ્હારો ફોટો કયાંથી મેળવ્યો

હશે! શું ત્હેણે કોઇ માણસ પાસેથી છુપી રીતે પડાવી મંગાવ્યો હશે! ખરેખર! ગમે તેમ હોય પણ ત્હેનો મારા ઉપર પુર્ણ પ્રેમ છે, એમ આ કાગળ ઉપરથી જણાય છે. તો મ્હારે તેને નીરાશ નજ કરવી જોઇએ, એમ વિચાર કરી ફરીથી કાગળ લખવા હાથમાં લીધો, ને રત્નસિંહની પુત્રી પર લખવા માંડયો.

શ્રી.

રત્નગઢ,

રાજદુલારી સૌન્દર્યવતી.

આપના તરફનો કાગળ આજેજ સ્હવારમાંજ મળતાં ખુશનુમા પ્રભાતમાં આનંદોત્સવ પ્રગટ થયો. કાગળ વાંચી ઘણાજ આનંદથી મેં કાગળ તથા ફોટાને વધાવી લીધો છે, પણ લખતાં જરા સંકોચાઉ છું કારણ હું હજી તમારી માફક અવીવાહીત નથી. મારાં લગ્ન રૂપગઢના રાજા રૂપસીંહની પુત્રી કામલતા સાથે થયાં છે. છતાં હું આપના મનની ઇચ્છા પુર્ણ કરીશ. હું આપને ત્યાં એ ચાર દીવસમાં મહેમાનગીરી તરીકે આવનાર છું. તે વખતે સર્વ વાતચીત થશે હાલ અહીંથીજ કાગળ સમાપ્ત કરૂં છું. એજ.

લી. તમારો.

કનકસીંહજી

કાગળ લખી રહ્યા પછી તે વિચાર કરવા લાગ્યો; કે જરૂર મારે આ બાળીકાને નિરાશ તો નજ કરવી જોઇએ. જેના ફોટાથી મનહરણ થાય છે, તો તેને મળવાથી કેટલો આનંદ થાય? માટે લાવ તેના પિતા ઉપર પણ આજે એક કાગળ લખું, એમ વિચારી કાગળ લખવા માંડયો.

તેમાં તેણે લખ્યું હતું કે હું બે ચાર દિવસમાં આપને ત્યાં આપની મુલાકાત માટે આવનાર છું. આટલું લખી બંને કાગળ સીપાઇ સાથે ટપાલમા રવાના કર્યા. પછી પોતે વિચાર કરતો બેઠો હતો; ત્યાં કામલતા આવી પોતાના સ્વામીની મુખમુદ્રા જોતાંજ કામલતા સમજી ગઇ કે આજે એમના મન ઉપર કોઇ જુદા વિચારે વાસ કરેલો હોય તેમ દેખાય છે. પોતાની પ્રાણપ્યારી કામલતાને જોઇ પોતાના વિચારો તજી, મુખ પર હાસ્ય લાવી બોલવા માટે કુમાર જતો હતો; ત્યાં કામલતાએ કહ્યું. સ્વામીનાથ! તમે તમારા વિચારો છુપાવવા ગમે તેમ હાસ્ય મુખપર લાવો, પણ આ આપની કામલતા સઘળું સમજી શકે છે. જો આપને જણાવતાં હરકત ન હોય તો આ દાસીને કહી આભારી કરશો. પોતાના પર અત્યંત પ્રેમ કામલતાનો છે તે પોતે સારી રીતે જાણતો હોવાથી તેને વશ થઇ પોતાના વિચારો તેને જણાવ્યા સિવાય ચાલ્યું નહિ. તેણે રત્નગઢનો કાગળ કામલતાને આપ્યો; તે લઈ પોતે વાંચવા લાગી. કાગળ વાંચી મનમાં વિચારવા લાગી. તેને વીચારમાં પડેલી જોઇ કનકે પુછ્યું પ્રિયે! શા વિચાર કરો છો? આમ તે બોલતો હતો, ત્યાં નોકરે આવી ખબર તમારા મિત્રો રાહ જોઇ બેઠા છે એમ જણાવ્યું. એટલે કુંવર ઉઠી ત્યાં ગયા. તો વાંચક તમે પણ મારી સાથે ચાલો ને આગળ શું થાય છે તે જોઇએ.

પ્રકરણુ ૨ જું.

મહેમાનગીરી.

પ્રેમ ચહે જો પ્રેમીકા, તો ઉરમાં આનંદ લહે,
તરછોડતાં એ પ્રેમીકા, એ દુઃખ સંસારે સહે.

આજે માંગળીક પ્રભાતમાં સુર્યનારાયણ ભગવાન પોતાના સોનેરી કીરણો જગત ઉપર પ્રસરાવી આખી રાત્રિ નિંદ્રામાં પડેલાં મનુષ્યોને તથા પક્ષીઓને સચેત કરી આનંદીત બનાવતાં હતાં આજે રત્નગઢના રાજમહાલયમાં પણ આનંદ વ્યાપી રહેલો હતો. અત્યારે રાજમહેલના એક ખંડમાં આપણી નાયીકા એક ખુરશી પર બેસી ચ્હાનો પ્યાલો હાથમાં લઇ. એક ઘુંટડો પીતી, ને પાછો ટેબલ પર મુકી સામે પડેલા ફોટા તરફ જોઇ આનંદ પામતી. ત્હેનો આનંદ આજે ઘણોજ દેખાતો હતો, કારણ કે આજે તેણે લખેલા કાગળનો જવાબ આવવાનો છે; એમ તે જાણતી હતી. એટલામાં દાસીએ આવી કેટલાક કાગળ ટેબલ પર મુકયા. કાગળોને કુમારી આમ તેમ ફેરવવા લાગી; તેટલામાં વિલાસનગરની મહોરવાળો કાગળ જોતાંજ તેને

ઝડપથી હાથમાં લીધો; ને ઘણુાજ સ્નેહથી છાતી સરસો ચાંપી બેત્રણ વાર ચુંબન કરી કાગળને ફોડયો, ને તે વાંચવા લાગી, કાગળમાંના સુવર્ણમય અક્ષરો જોઇ, તેના લખનારના વિચારો પર ચઢી; કે જેના નાજુક હસ્તથી આવા અક્ષરો લખાયા હશે, તે હસ્ત કમળનો મને સ્પર્શ કરવાનો વખત મળે તો કેવું સારૂ ! એ રાજકુમાર સાથે મારો સંબંધ કયાંથી થાય! કદાચ મારા પિતા મારો વિવાહ કોઇ બીજે ઠેકાણે કરશે તો; હું શરમ તજી તેમ કરવા ના કહીશ. આમ વિચાર કરતી કાગળ વાંચવા લાગી. કાગળ બે ત્રણ વાર વાંચી ગયા બાદ ઉંડા વિચારમાં પડી. કે હે દૈવ! તારો આ શો ચમત્કાર! જે રાજકુમાર આવા રૂપવાન ને ગુણવાન હોય છે. તેમને તું મારા જેવી બાળીકા માટે કુંવારા રહેવા દેતુંજ નથી, પણ ખેર! તે બે ચાર દિવસમાં મારે ત્યાં મહેમાનગીરી આવનાર છે; તે વખતે તેમને સમજાવીશ, આમ વિચાર કરતી તે એક ચોપાનીયું હાથમાં લઇ વાંચવા લાગી.

ત્યારે બીજી બાજુએ કચેરીમાં રત્નસીંહને એક કાગળ મલ્યો તે કાગળ સર્વે સભા સમક્ષ વાંચી સંભળાવ્યો આથી સર્વને આનંદ થયો કે આપણે ત્યાં વિલાસનગરના રાજકુમાર મહેમાનગીરી આવનાર છે, તેથી આપણાં તેમજ આપણા શહેરનાં ધનભાગ્ય, કે તેવા કુમારનાં દર્શનનો લાભ મળે રાજાએ શહેરમાં રોશની તથા સારી મહેમાનગત કરવા માટે જોઇતા ખર્ચનો બંદોબસ્ત કરી કુમારનું માન સચવાય તેવો હુકમ અમલદારોને આપી દરબાર વિસરજન કરવામાં આવ્યો. સર્વે પોતપોતાના કામે ચાલ્યાં ગયા.

બીજી બાજુએ વિલાસનગરમાં કનકસિંહે પોતાના પિતાને જણાવ્યું કે આવતી કાલે સ્હવારમાં હું રત્નગઢ જનાર છું; માટે આજે રજા લેવા માટે આપની પાસે આવ્યો છું. રાજાએ વિચાર્યું કે પુત્ર એકાએક રત્નગઢ જવા સારૂ શા માટે તૈયાર થયો હશે. પણ એકના એક પુત્રને ઉમર લાયક થયેલો હોવા છતાં હજુ પોતાની આજ્ઞા લોપતો નથી; ને તેની ત્યાં જવાની ઇચ્છા છે તો તેને ન રોકતાં રજા આપવી યોગ્ય ધારી જવાને માટે કહ્યું. પણ ત્યાં લાંબો વખત ન રોકાતાં સત્વર પાછા આવવા જણાવ્યું કારણ કે નાનાં રાજ્યોમાં લાંબો વખત રહેવાથી પોતાની આબરૂ હલકી પડી જાય છે એવું કુંવરને સમજાવ્યું. કુંવર રજા લઇ પોતાના ભુવનમાં આવ્યો, ને પોતાના નોકરને સામાન તૈયાર કરવા હુકમ આપ્યો. પોતે પોતાના મનમાં રમી રહેલી પુતળીને આજે મળાશે, એવા આનંદમાં ઉત્તમ પ્રકારનો પોશાક પોતાને પહેરવા માટે કાઢયો. હુકમ પ્રમાણે નોકરોએ સામાન પેક કરી સ્ટેશન ઉપર પહોંચાડાવ્યો. પછી તેણે પોતાને હાથે પોતાના ફોટાવાળી વીંટી જે હીરાઓથી જડેલી હતી, તે પહેરી લીધી. પોતે આમ તૈયારી કરી રહ્યો હતો, ત્યાં તેની સ્ત્રી કામલતાએ જાણ્યું; કે પોતાના સ્વામી સ્હવારમાં બહારગામ ફરવા જનાર છે; તો મને પણ સાથે લેતા જશે એવા ઉદ્દેશથી તે પોતાના સ્વામીના ખંડમાં આવી ને બોલી સ્વામીનાથ! આપ આમ અચાનક કયાં જવા માટે તૈયારી કરી રહ્યા છો. શું તમો એકલાજ જશો! ને આ આપની અર્ધાંગનાને સાથે તેડી નહિજ જાવ! પોતાની પ્રાણ પ્યારીનો આવવાનો આગ્રહ જોઇ, તેને પણ સાથે આવવા કહ્યું, જેથી કામલતા પોતે પોતાના

સ્વામી સાથે જવાની હોવાથી ઉત્તમ પ્રકારનાં વસ્ત્રાલંકાર કાઢયાં ને પોતાની દાસીઓને સાથે આવવા કહ્યું પછી બીજે દીવસે સ્હવારમાં નિયમ કર્યા પ્રમાણે સર્વે સ્ટેશન પર .આવ્યાં. ત્યાં ઠરાવ પ્રમાણે ગાડી ઉભી હતી. તેમાં સર્વે બેઠા પછી ગાડી રત્નપુર જવા નીકળી.

આજે રત્નગઢમાં કુમાર તથા કામલતા આવવાનાં હોવાથી શહેરનાં તમામ માણસો કુમાર તથા રાણીને જોવા માટે પોતાનાં બાળબચ્ચાં સાથે સારાં સારા ઘરેણાં તથા લુગડા પહેરાવી પોતપોતાનાં ઓળખીતા વાળાઓને ત્યા રસ્તાપરનાં મકાનો તરફ જતાં હતાં રસ્તામાં પોલીસના પેરાઓ રાખવામાં આવ્યા હતા, કારણ કે જતી આવતી ઘોડાગાડી તથા મોટરોની વચમા કોઇ આવી ન જાય તે ખાસ સંભાળ રાખતા. માણસોને જવા માટે એક રસ્તો રાખેલો હતો ત્યાં થઇ સર્વ કોઇ જતા હતાં. આથી આ દેખાવ એવો તો સરસ દેખાતો હતો કે જોનારની આખને લોકોનો કેટલો આનંદ છે તે, સમજાયા વિના રહે નહિ. રાજમહેલમાં પણ તોરણો તથા પતાકાઓથી આખો રસ્તો શોભાવ્યો હતો. તેમજ રાજમહેલથી ઠેઠ સ્ટેશન સુધી શહેરના મોટા વેપારીઓએ કુમારને માન આપવા પાનસોપારી માટે માંડવાઓ બાંધી પોતાના નામના બોર્ડ લટકાવ્યાં હતાં આજે આ શહેરનો દેખાવ જોનારની આંખને આનંદ આપતો હતો. ઠરાવેલા ટાઇમે રાજા રત્નસીંહ તથા રાણી સૌભાગ્યવંતી સર્વે સ્ટેશન પર જવા માટે રાજમહેલથી નીકળ્યાં તે રસ્તામાં સર્વ વ્યવસ્થા જોતાં જાતાં સ્ટેશન પર ગયાં. એટલામાં સ્ટેશનમાં વિલાસનગરથી નીકળેલી સ્પેશીયલ ટ્રેન રત્નગઢના સ્ટેશનમાં આવી પહોંચી નોકરો સામાન બહાર કાઢી લઇ જતા હતા .આરે રત્નસીંહ તથા રાણી-

સૌભાગ્યવતી જ્યાં કનક તથા રાણી કામલતાં હતાં ત્યાં ગયા તેમને સાથે તેડી નીયમ કરેલા મંડપમાં લઇ ગયા. મંડપમાં ગયા એટલે ઠરાવ મુજબ તોપો થવા લાગી. તોપોના અવાજ શહેરમાં લોકોના સાંભળવાંમાં આવ્યા એટલે માણસોને જવા આવવાના રસ્તાઓ બંધ થયા. સ્વારી નીકળી હશે એમ જાણી જોનાર સર્વે જે તરફથી સ્વારી આવવાની હતી. તે તરફ પોતાનાં મુખ કરી સ્વારીની રાહ જોતા બેસી રહયા હતા. બેંડના અવાજ સાથે સ્વારી સ્ટેશનથી નીકળી સ્વારીની રચના જોઈ મન ખુશ થયા વિના રહે તેમ ન હતું પહેલા બેન્ડવાળાનાં માણુસો ચાલતાં હતાં તેમની પાછળ ઘોડેસ્વાર ને તેમની પાછળ પાયદળ ને મધ્ય ભાગમાં હાથી ઉપર સોનાની અંબાડીમાં કનકશીંહ તથા કેશરીસીંહ હતા. તેમની પાછળ રાણી તથા કામલતા હતાં. લોકો " કુમાર કનકસીંહનો જય " ના શુભ શબ્દોથી વધાવના હતા; કેટલાક સલામો ભરી આવકાર આપતા હતા. આમ નિહાળતાં નિહાળતાં સ્વારી રાજમહેલમાં આવી પહોંચી રાજમહેલમાં આવ્યા પછી ચ્હા તથા નાસ્તો ઠરાવ્યા પ્રમાણે આવ્યો રાણી કામલતાને સૌંદર્યવતી પાસે મોકલી દેવામાં આવ્યાં બંને જણાં મળ્યાં. કેટલીક વાતચીત કર્યા બાદ તેઓ દરબારમાં જવા નીકળ્યાં ઠરાવ પ્રમાણે દરબાર ભરાયો હતો ત્યાં બંનેએ ઠરાવેલી જગ્યાએ બેઠક લીધી. કેટલીક જાતનાં ભાષણો થયા પછી સર્વેએ મળી હર્ષ નાદ કરી કુંવરને માન આપ્યું પછી દરબાર વિસર્જન કરવામાં આવ્યો. બાદ સર્વ ભોજનને માટે આમંત્રીત અમલદારો તથા પ્રજા વર્ગ સાથે ભોજનશાળામાં ગયા. ત્યાં અનેક પ્રકારનાં શાક તથા બીજી ચીજો બનાવવામાં આવી હતી. સર્વ સામગ્રી તૈયાર

થઇ. તે એવો તો સરસ દેખાવ આપતી હતી કે શ્રીકૃષ્ણ પ્રભુનો અન્નકોટ ભરવામાં પણ આટલી વાનીઓનો ઉપયોગ કરવામાં આવતો હશે નહિ, ભોજન થયા બાદ વિશ્રાન્તી સ્થાનમાં ગયા, ત્યાં વિશ્રાન્તી લીધા બાદ રાતે રોશની તથા આતશબાજી જોવાની હોવાથી સર્વે પોતાના કામ પર ગયા.

સાંજના સાત વાગતાં રાજમહેલમાંથી કનકસીંહ તથા કેસરીસીંહ અને રાણીવાસમાંથી સરવે રોશની જોવા માટે નીકળ્યાં રસ્તા ઉપર રોશનીના દીવાઓ એવી ખુબીથી ગોઠવવામાં આવ્યા હતા કે જ્યાં ત્યાં **"કુમારશ્રી ઘણું જીવો"** ના શુભ અક્ષર જણાતા હતા. આતશબાજી જોતાં જોતાં સ્વારી મધ્ય ભાગમાં આવી ત્યાં આતશબાજી વાળાએ દારૂના બનાવેલા ઝાડને સળગાવતાં તેની અંદરથી **"કુમારશ્રીનો જય હો"** એવા રંગ બેરંગી અક્ષરો દેખાવા લાગ્યા. તેમજ ગોબારાના ઉંચે આકાશમાં થતા અવાજો, અને તેમાંથી નીકળતી રંગ બેરંગી ચીણગારીઓ જોઈ કુમારનું મન ખુશ થયું. તેમણે તેને બીજે દિવસે દરબારમાં બોલાવી યોગ્ય ઇનામ આપી રાજી કર્યો પછી દરબાર વિસર્જન થયો. તો વાંચક હવે આપણે આગળ ચાલો ને જોઈએ કે કનકસીંહ જેને માટે આવ્યા છે તેનું શું થાય છે તે તપાસીયે.

પ્રકરણ ૩ જું.

સ્નેહ મિલન.

સ્નેહી મળ્યા છે આજ તેથી, મુખડું મલકાવતી;
મળવા ખરે ? નીજ પ્રેમીને પુર પ્રેમ ઉર છલકાવતી.

આજે અરૂણે સોનાની કુંચી વડે પૂર્વ તરફનો દરવાજો ઉઘાડયો હતો. સ્હવાર થયું જાણી પક્ષિઓ પોતાના માળાઓ તજી પોતાનો ઉદર નિરવાહ માટે આમ તેમ ઉડતાં ફરતાં હતાં. ખેડુતો પોતાના ખેતરમાં કામ સારૂં થાય એમ જાણી પોતાના બળદોને દોડાવતા લઇ જતા હતા. સ્હવારમાં છોકરાઓ પોતાનુ લેશન બરાબર યાદ રહે તે માટે ગોખતા હતા. ત્યારે રત્નગઢના મહાલયમાં એક બાળીકા પોતાના મનના માન્ય પંખીને મળવા સવારમાં નાહી ધોઈ પોતાના ખંડમાં આડી-અવળી પડેલી ચીજોને વ્યવસ્થાસર ગોઠવી સારૂં દેખાડવામાં મશગુલ થઇ રહી હતી. આ બાજુએ કુમાર ઉઠી બહાર આવ્યા એટલે નોકરે સીગાર તથા બાકસ તેમની સ્હામે રકાબીમાં ટેબલ પર મુકી, પછી બ્રાસ તથા પાવડર ને પાણીનો લોટો મુકી ત્યાંથી ચાલ્યો ગયો, કુંવર દાતણપાણીથી પરવારી નાહવાના રૂમ તરફ ગયા ત્યાં નાહ્યા પછી

પોતાનું નીત્ય કર્મ પરવારી દરબારમાં ગયા દરબારમાં ગયા પછી કેટલીક બહાર ગામોમાંથી આવેલી કળા કૌશલ્ય નાયકાઓએ પોતાના નાચ શરૂ કરી, તેમણે કુમારના મનને ખુશ કર્યું. બાદ તમાસા તથા પહેલવાનોની કુસ્તી થઇ. સર્વ થઇ રહ્યા બાદ કુંવરે સર્વને યોગ્ય ઇનામ આપી ખુશ કર્યા. બાદ અમલદારોને યોગ્ય રીતે શીરપાવ આપી તેમને ઘટતા ઇલ્કાબો આપી દરબાર વિસર્જન કર્યો. પછી કુંવર પોતાને મુકામે ગયા; બપોરના વખતે રાજમાતા મુલાકાતે આવવાનાં હતાં, તે વખતસર આવ્યાં, એટલે કેટલીક વાતચીત કરી રાજમાતા ઉઠી ચાલવા લાગ્યાં. જતાં જતાં તેમણે કુમારને જણાવ્યું કે બપોર ની વખતે અમારી પુત્રી સૌંદર્યવતીની મુલાકાતે જશો. આ વાક્ય સાંભળી કુંવર સૌંદર્યવતીની ચાલાકીનો વિચાર કરવા લાગ્યો. કે કેવી ચતુર ચપળા કે જેણે પોતાની માતાના મુખથી આમંત્રણ મોકલાવી મેમાનની કીર્તિને કલંકિત ન કરતાં ઉલટી વધારવા આ યુકિત રચી. આવી રમણીઓ જે રાજમહાલયોમાં હશે તે મહાલયો ઇંદ્રભવનથી પણ અધિક શોભતાં હશે. આમ વિચાર કરતાં કુંવર વિશ્રાન્તી માટે ગયા.

બપોરના બે વાગવાનો સમય થયો હતો. કુંવર હમણાં આવશે. એમ સમજી સૌંદર્યવતી પોતાના રૂપમાં અધિક વધારો કરવા માથામાં તેલ અત્તર નાખી સુગંધમય બનાવતી હતી. આખું શરીર આજે તેણે હીરા, માણેક, મોતી વીગેરે દાગીનાઓથી દીપાવ્યું હતું. પોતાના પ્રીયજનને માટે ઉત્તમ પ્રકારનાં પુષ્પોનો હાર પોતાના હસ્તથી ગુંથી રાખી મુકેલો હતો. આમ સર્વ પ્રકારની તૈયારી કરી તે એક ખુરસી પર જેમ ચાતક વર્ષાદની રાહ જુએ તેમ બેઠી હતી.

એટલાનાં દાસીએ આવી ખબર આપી કે, રાજકુમાર આ તરફ આવે છે. " આ શુભ સંદેશ લાવનાર દાસીનાં આજે ધન ભાગ્ય કે તેને કુમાર આવ્યાના સમાચાર આપવા આવવાની તક મળી આ સમાચાર લાવનાર દાસીને સૌંદર્યવતીએ એક હાર ઇનામ આપ્યો આથી ખુશ થતી દાસી પોતાના કામ પર ચાલી ગઇ અહાહા ? શું તેનો પ્રેમ.

કુમાર દરવાજા નજીક આવતાંજ કુમારીએ પોતાના હાથે ગુંથેલો હાર પેહેરાવી ઘણા હર્ષથી વધાવ્યા, બંનેના નયને નયનો મળ્યાં. પ્રેમ બાણ છુટયાં, એટલે કામજવર ચઢે તેમાં શી નવાઈ! કુંવર સૌંદર્યવતીને જોઇ વિસ્મય થયો. ખરેખર! જે નરને આવી નાર હશે તેના ભાગ્યને ધન્ય છે. જે રૂપ હું ફોટામાં જોતો હેતો તેથી અધિક રૂપ અહીં નજરે નિહાળું છું. તે રૂપમાં અંધ બનવા લાગ્યો ને તેના મુખથી બોલાયું " હે વિભુ આ પુતળી ઘડતા ખરેખર ! તારી આંખમાં પણ કામાવિકાર ઉત્પન્ન થયો હશેજ. કુંવર પોતાનું ભાન ભુલવા લાગ્યો પોતે કયાં છે તે સમજી શકયો નહિ. કુંવરીએ પુછ્યું કેમ છો રાજકુમાર ? ખુશીમાં તો ખરા ? આપના માત પિતા સર્વ ખુશીમાં હશે; કેમ નહિ વારૂ ? કોયલ સમ મીઠા સ્વરથી કુંવરી બોલી કુંવરના સામે નયન કટાક્ષ કર્યો ચતુર કુંવરે યોગ્ય ઉત્તર આપી નયન કટાક્ષને પ્રેમપાસમાં બાંધી સ્નેહ સરીતામાં વહેવડાવ્યો બંનેના મન શુદ્ધ પ્રેમથી કામાવિકાર બન્યાં. કુંવરીએ કુમારને પાસે બેસાડયો; ને દાસીને ચ્હા તથા નાસ્તો લાવવા હુકમ કર્યો. હુકમ પ્રમાણે સર્વ હાજર થયું. ટેબલ પર ચ્હાના પ્યાલા મુકાયા; ને કેટલાંક ફળ તથા અન્ય મેવો ટેબલ પર મુકી દાસી

ચાલી ગઇ. દાસીના ગયા પછી બંને જણ શાન્ત બેસી રહ્યાં, પણ કોઇ ચ્હા પીતું નથી; એટલે કુમારીએ કહ્યું. કે રાજકુમાર! શું ચ્હા પીતાં પણ હજુ શીખ્યા નથી. કે આમ બેસી રહ્યા છો. આ મર્મયુક્ત વાકય સાંભળી કુંવરે વિચાર્યું કે અહીં મારી કીંમત થશે. જ્યારે કુંવરી મારા પર આટલો સ્નેહ રાખે છે; તો મારે પણ શર્મ તજી જવાબ આપવોજ જોઇએ. એમ વિચાર કરી કુંવરે કહ્યું. રાજ-દુલારી! ચ્હાતે કંઇ એમ પીવાય ચાહ હોય તો ચ્હા પીવાય. તેમાં વળી અમે મહેમાન ઠર્યા.

કુંવરીએ જાણ્યું કે કુમાર સ્નેહ માગે છે; તેથી તેણે જણાવ્યું; કે અંતઃકરણમાં સ્નેહ હશે તો ચાહ આપજ આવશે. તે કંઇ છેટો નથી, તે તો આપજ ખોળતો આવશે. કહી કુંવરીએ નયનનો ચાળો કર્યો. કુંવર સમજ્યો તે હવે તેના મન ઉપર સ્નેહની અસર થઇ જણાય છે. બંનેએ ચ્હા તથા નાસ્તાને યોગ્ય ન્યાય આપી અન્ય વાતોમાં ગુંથાયાં. ત્યાં દાસીએ ખબર આપી કે રાજમાતા આ તરફ આવે છે. બંનેએ પોતાને છાજે એવી જગ્યાએ બેઠક લીધી. એટલામાં રાજમાતાએ પ્રવેશ કર્યો. કુંવરી પોતાની માતાને સામે જઇ તેડી લાવી. આ વખતે કુમારે પણ રાજમાતાને સારૂ લગાડવા માટે પોતાની જગ્યાએથી ઉભા થઇ આવકાર આપ્યો. આવી સભ્યતા જોઇ રાજમાતા ખુશ થયાં, ને વિચારવા લાગ્યાં કે કુમાર કેટલા બધા વિનયશાળી જણાય છે, જો કે તે અમારા કરતાં મોટા રાજ્યના માલીકના પુત્ર હોવા છતાં; જેને જરાએ અભિમાન નથી. મારી પુત્રીનો સંબંધ ત્યાં થાય તો અમારાં ધન્ય ભાગ્ય આમ વિચાર કરતાં રાજમાતા આસન ઉપર બેઠાં, પછી

બોલ્યાં રાજકુમાર? મ્હારા આવવાથી આપના કોઇ કાર્યમાં હરકત તો આવી નહી હોય? જો કે હું મ્હારા સ્વતંત્ર વિચારથી આવી નથી; પણ મ્હારી પુત્રીના પિતાના હુકમથી મારે અહીં આવવાની જરૂર પડી છે. કુંવરીએ પોતાની માતાના મુખથી પોતાનું નામ સાંભળી શરમાઈ નીચું જોયું. નીચું જોતી વખતે તે રાજ-કુમારને નયન કટાક્ષ કરવાનું ચુકી નહી, આ સઘળુ ચતુર રાજમાતા પળમાં સમજી ગયાં કે બંનેનો સ્નેહ મળ્યો હોય તેમ જણાય છે. માટે લાવ જરા પૂછી તો જોઉં એમ વિચારી રાજમાતાએ પુછયું બેટા! મ્હારા તથા ત્હારા પિતાના વિચારો તું જાણુતી હોઇશ નહિ વારૂ? અમોએ તને પુછવું યોગ્ય ધારી આજે હું અહીં આવી છું. કારણ કે તારી ઉમર થવા છતાં ત્હારા લગ્નની અમો કંઇ તૈયારી કરી શકયાં નથી છતાં આજે અમારો વિચાર જૂદોજ છે કે આપણે ત્યાં આવેલા મહેમાન જો તારો સ્વીકાર કરે તો અમે ઘણાંજ ખુશી છીએ તેમાં ત્હારો શો વિચાર છે તે અમને જણાવ કારણ કે ઉમરલાયક પુત્ર અગર પુત્રીને માબાપે પુછવુંજ જાઇએ માટે જો તારો વિચાર હોય તો અમો કુંવરના માતાપિતાને તારૂ માગુ મોકલીએ ને જો તારાં પુન્ય હોય ને તે કબુલ કરે તો અમારાં ધન ભાગ્ય અમે માનીએ. માટે જે હોય તે વિના સંકોચે અમને જણાવ.

માતાના મુખથી આવાં વચન નીકળતાં સાંભળી કુમારીએ શરમાઈ નીચું જોઇ તીરછી નજરથી કુમાર તરફ જોઇ હસી. પછી ધીમેથી બોલી માતા! તમો સ્રીયોનું હૃદય સમજો છો, પુત્રીને એવી કોઇ જાતની છુટ આપવામાં આવતી નથી કે, તે પોતાના

સુખનો માર્ગ શોધી લે. તેમ છતાં મારા માતપિતા જે કરશે તે હંમેશાં મારા સુખનેજ જોશે. ને કદાચ મારા નશીબમાં દુઃખ સરજાયું હશે તો કોઇથી મિથ્યા થવાનું નથી પણ જો તમારી ધારણા સફળ થાય તો મને કોઇ જાતનું દુઃખ નથી. અત્યારે હું આપને ખરૂં જણાવી શકતી નથી કારણ કે મારી સ્થિતીનું ભાન હું આજે ભુલી છું આપ મારા જન્મદાતા માતા છો એટલે મારે મારૂં દુઃખ જણાવવુંજ જોઇએ, કે 'રાવણને ત્યાં રામને જોઇ સીતાની થયેલી સ્થિતિ અત્યારે આ કુમારને જોવાથી થઇ છે. રાજમાતા સમજ્યાં કે કુંવરીની ઇચ્છા કુમાર સાથે સંબંધ જોડવાની છે. આમ વિચાર કરતાં રાજમાતા રાજકુમાર તરફ જોઇ બોલ્યાં કુમારશ્રી તમે સમજુ અને શાણા છો આપને વિશેષ કહેવાની જરૂર નથી કારણ કે તમોએ અમારી સઘળી વાત સાંભળી છે જો આપ અમારી માગણીનો સ્વીકાર કરી હમોને ભાગ્યશાળી બનાવો તો અમારા ભાગ્યને અમો ધન્ય માનીયે આ સાંભળી કુંવરે વિચાર્યું કે માતાપિતાની આજ્ઞા 'સિવાય મારાથી હા કેવી રીતે કહી શકાય, જો કે પિતાજી કંઇ કહે નહી પરંતુ મારે મારી સાથે આવેલી મારી હૃદયેશ્વરીને પુંછવુંજ જોઇયે. માટે હાલ કંઈ જવાબ ન આપતાં તેમણે ટુંકમાં જવાબ આપવા વિચાર કર્યો રાજમાતા આપના વિચારો હું બરાબર સમજ્યો છું આપની ઇચ્છા હશે તેમ થશે. આ સાંભળી રાણી ખુશી થતાં ઉઠી ચાલવા લાગ્યાં.

તેમના ગયા પછી બાજુના ખંડમાં બેઠેલી કામલતા તેમના ખંડમાં આવી પ્રવેશ કરતાં કામલતાંએ જણાવ્યું સ્વામીનાથ !

આજે આપ અહીં બહુ વખત રોકાયા તેથી આપના દર્શના ભિલાષી આપની રાહ જોયા છતાં જ્યારે ન આવ્યા ત્યારે મ્હારે આવવાની જરૂર પડી તે માફ કરી દાસીની સેવા સ્વીકારશો કુંવરે વિચાર્યું કે ચતુર કામલતાએ અમારી સઘળી વાત સાંભળી જણાય છે ને તેટલા માટેજ તે અત્યારે એકદમ આવી જણાય છે પણ ઠીક છે આપણે તેને પુછી સર્વ જાણી લઇશું એમ વિચાર કરી ત્હેને સ્હામે બેસવા કહ્યું પણ ખરી ક્ષત્રાણી પોતાનો ધર્મ સમજી ત્યાં ન બેસતાં નીચે બીછાવેલા ગાદી તકીયા પાસે બેઠી પછી કુંવરે જણાવ્યું પ્રીયે ? અમારી વાત જો કે તમારાથી અજાણ નથી તેમાં તમારો શો અભીપ્રાય છે તે જણાવશો. કામલતાએ કહ્યું સ્વામીનાથ આપ સર્વ મુખત્યાર છો જો કે આપની ઇચ્છા હોય તો મારો ધર્મ છે કે તમોને વિઘ્ન ન કરતા સદા સહાય કરવીજ જોઇએ આમ વાત ચાલતી હતી. ત્યાં દરબારનો વખત થવાથી કુંવર ઉઠી ચાલતા થયા તો હવે આપણે વિલાસનગરમાં શું થાય છે તે જોઇયે.

પ્રકરણ ૪ થું.

પ્રેમમાં વહેમ.

ચહાતાં હતાં હરદમ અમે, પણ પ્રેમમાં ખામી પડી,
બહુ બહુ ઉપાયો શોધતાં, ના વે'મની બુટી જડી.

પ્રિય વાંચક અત્યાર સુધી આપણે રત્નગઢના રાજ્યની વાત કરી ગયા, તો હવે આપણે વિલાસનગરના મહાલયમાં શું થાય છે તે તપાસીએ, વિલાસનગરના મહારાજા સમ્રાટ અશોક હતા. તેમને એક પુત્ર તથા પુત્રી હતાં પુત્રનું નામ કનકસીંહ હતું, ને પુત્રીનું નામ કપટકળા હતું કુંવરની ઉંમર ૨૨ વર્ષની ભરજુવાની હતી ત્યારે પુત્રીની ઉંમર પણ વીસ વર્ષની હતી. પોતાની પુત્રીનો વિહવા અમરગઢના રાજા અમરસીંહના પુત્ર બહાદુરસીંહ સાથે કરેલો હતો બહાદુરસીંહને રાજા અશોક પોતાને ત્યાં રાખતા હતા કારણ કે પોતાનો પ્રેમ પુત્રી પર વિશેષ હોવાથી તે પોતાના જમાઇને પોતાને ત્યાં રાખતા [illegible] ત્યાં તે રહેતા હતા. કપટકળા જોકે રૂપમાં હોવા છતાં પોતાનું સૌંદર્ય દીનપ્રતીદીન કેમ વધારવું તેની કાળજી વિશેષ રાખતી હતી. પીતાની બીન કાળજીને લીધે તેના મગજ ઉપર બુહીજ અસર થઇ હતી પોતાના સ્વામીનામાં પોતાના કરતાં વિશેષ ગાન તથા ગુણ હોવા છતાં; તે તેના મનથી મુર્ખ

સમજી પરપુરૂષ સાથે પ્યાર જોડવા માટે તે વિચારો કરતી હતી. ત્હેણે ગુપ્ત રીતે પોતાના સરદાર કપટસીંહ સાથે પોતાનો પ્રેમ જોડયો હતો. કપટસીંહ જોકે ગુણમાં સારો હતો પણ દુનીયાની કહેવત પ્રમાણે તે કપટકળાના પ્રેમમાં ફસાયો હતો.

> નારી નયન કટાક્ષથી, નચવે નર નાદાન.
> ભુલી ભાન પોતા તણું, બને નર હેવાન.
>
> મોટા મુનીવર છે લલચાયા, લલના તણા લટકા મહી
> ધારે પ્રજાવે ઘણું નારી, ત્યાં, તાકાત કોઇની છે નહિં.

એ પ્રમાણે કપટસિંહ સાથેના દિનપ્રતિદીન વધતા જતા પ્યારની કોઈને ખબર પડતી નહિ. પણ હંમેશાં પાપનો ઘડો ફુટયા વિના રહેતો નથી. તે પ્રમાણે બંનેના વધતા જતા પ્યારથી કપટ-સીંહ ઘણી વખત રાજકુમારીના મહેલમાં આવજાવ કરતો હતો. તેમનાં આ આચરણોની ખબર કુમાર બહાદુરસીંહને મળી પોતાની પત્ની આવી બદચરણી હોવાથી કુંવરને તેના પ્રત્યે તીરસ્કાર ઉપજ્યો. ને જે સાધારણ પ્રેમ હતો તેમાં વેમનો વાસ થયો. બહાદુરસીંહ રાત દીવસ આ બનાવથી પોતાના મનમાં ચીંતા કરવા લાગ્યો. આથી તેનું શરીર શોશાવા લાગ્યું. આ તરફ કુંવર કનકસીંહ સૌંદર્યવતી તથા કામલતાને [illegible] પોતાના રાજ્યમાં પાછો આવ્યો. પોતાના પિતાને આ [illegible] ણાવ્યા રજપુત રીવાજ પ્રમાણે રાજાએ કુંવરને આનંદ જણાવ્યો. આ પ્રેમી જોડાં હવે સુખે રહેવા લાગ્યાં. પણ રાજમહેલમાં એક માણસને દુઃખ થવા લાગ્યું પોતાની પત્ની સ્વછંદી થવાથી પોતે બીજાને વાત પણ કહી શકે નહિ; ને કોઇ વાત જાણે તો પોતાની આબરૂ જાય તેથી તે પોતે

કોઇને મળતો નહીં પણ એક દીવસ રાજા અશોક પોતાના જમાઈ પોતાને મળતા ન હોવાથી તેમને મળવા માટે ગયા રાજા જમાઇની સ્થીતી જોઇ વિચારમાં પડયાઃ કે જમાઇના શરીર ઉપર આટલો ફેરફાર શો ! તેથી રાજાએ પોતાની પાસે બોલાવી પૂછયું; બહાદુર-સીંહજી આપની કાન્તિમાં આજકાલ ફેરફાર થતો જણાય છે; તેનું શું કારણ છે શું આપને કોઇ પ્રકારની ચીંતાએ ઘેર્યા છે કે આમ થવા પામ્યુ જો તેમ હોય; તો મને જણાવો કે હું જાતેજ તેનો બંદોબસ્ત કરૂં મે આપને મારા પુત્ર કનકસીંહ સમ જાણીને મારે ત્યાં રાખ્યા છે, છતા આપને જે વાતથી ખામી જણાય તે તમો મને જણાવતા નથી, ને આમ ચીંતામા રહી શરીરને કષ્ટ આપો તે ખરેખર અમને શરમાવનારૂ છે. કુંવર પોતાના સસરાન મુખનાં વચન સાભળી વિચારમાં પડયોઃ કે હે પ્રભુ ! જેના પિતા આવા દેવ સમ તેની પુત્રી શું આવી વ્યભિચારણી હશે ખરેખર તેનાં આ આચરણો કુળનો નાશ કરવા માટેજ છે, આમ વિચાર બહાદુરસીંહ કરતો હતો; ત્યાં રાજાએ કહ્યું ત્યાં શું તમને મારા પુત્ર તથા તેનાં માણુસો તરફથી દમન કરવામાં આવે છે કે આપને અન્ય કોઈ દમન કરે છે. જે હોય તે સ્પષ્ટ કહો; કારણ કે જે સડો અત્યારથી પેસે તે આગળ જતાં ઘણુંજ નુકશાન કરે છે. કુંવરના મન ઉપર જ્યારે રાજાએ અન્ય કોઇ દમન કરે છે એમ [illegible] તે વખતે [illegible] અસરે થઈ ખરેખર ! દેવ તુલ્ય રાજન આપના છેલ્લા મર્મયુક્ત વાક્ય મને કારી ઘા સમ લાગે છે. પણ હું મારા હાથે મારી એબ ઉઘાડી પાડી તમારી કીર્તિને કલંકીત કરવા કરતાં હું જાતેજ મરણને શરણ થવાનું વધારે પસંદ કરૂં છું. આપને જણાવવાથી ઉલટોજ આપના શાન્ત મગજમાં ક્રોધનો અગ્ની પ્રસરશે.

ને તે અગ્ની કોણ જાણે કેટલા ભોગનો બળીદાન લેશે. તે હું સમજી શકતો નથી. માટે આપ એ વાત જાણવાની નાહક હઠ ન કરો; ને સુખેથી રાજ્યતંત્ર ચલાવો. જેનું લાગ્યું તે ભોગવશે. આ વાકય કુંવર મર્મયુક્ત બોલ્યા. ચતુર રાજા સમજી ગયા કે; જરૂર કુંવરને કોઇ જાતનું દુઃખ નથી; કારણ કે તે સમજુ છે. પણ જરૂર તેમને મારી પુત્રી તરફનું દુઃખ હોવું જોઇએ. તો મારે તે ખાનગી તપાસ કરવી જોઇએ. આમ વિચાર કરી રાજા ઉઠી ચાલતા થયા તેમણે આજે રાજમહેલમાં જઇ ભોજન પણ કર્યું નહી, ને પોતાની પુત્રીની દાસી કુલટાને બોલવા માટે મોકલ્યું. કુલટા જે નામ પ્રમાણે ગુણ ધરાવવતી હતી; તે આવી હાજર થઇ તેને જોઇ રાજાએ કહ્યું. કેમ કુલટા તું મારી પુત્રી કપટકળા પાસે રહે છે ખરી? દાસીએ માથુ હલાર્વા હા કહી. રાજાએ પૂછયું; શું મારી પુત્રીનાં કંઇ બદચરણો તારા જાણવામાં આવ્યાં છે? દાસીએ જવાબ આપ્યો રાજન હું કંઇ જાણતી નથી એટલે રાજાએ કહ્યું કે તું એમજ કહે ને કે હું ત્યાં નોકરી કરતી નથી. રાજાના આ શબ્દોએ દાસીના ઉપર જુદીજ અસર કરી. પોતાની નોકરી તજી ઘેર બેસવા વખત આવી જાણી તે બોલી. રાજન જુઠુ બોલી તેની ક્ષમા ચાહું છું હાલ બે માસ થયા, આપણો સ......ર... ......દા..[illegible]......[illegible]......પ......ટ.........સી.........હ ત્યાં કુંવરીબા પાસે આવે છે. આટલું બોલી દાસી નીચું જોઈ ઉભી રહી.

રાજા આ સાંભળી પગથી માથા સુધી સળગવા લાગ્યા. અરે! હાય! મારી પુત્રી આવાં દુષ્કર્મની કરનાર નીકળી આ સઘળાનું કારણ માત્ર મારી બીન કાળજી છે. હાય! પુત્રી તને શું કહું

મારી તલવારના એકજ ઘાથી તારા બે ટુકડા કરૂં; પણ સ્ત્રીહત્યાના મહાન પાપથી ડરૂં છું. ઠીક છે હવે મારે તારા સુખનો ઉદય અસ્ત કરી તારે માથે દુખનાં વાદળ વરસાવવાં પડશે. આમ વિચાર કરે છે ત્યાં રાણી સત્યવતી આવી ચઢયાં; તે રાજાને નિરાશ થયેલા જોઇ બોલ્યાં.

સ્વામીનાથ ! આજે આપ આમ ઉદાસ કેમ જણાવ છો ? શું રાજ્યપર એવી કોઈ આફત આવી છે. ને કદાચ આવી હોય તો શું તે ઉદાસીનતાથી ટળવાની છે. આવાં બહાદુરીનાં વચન પોતાની રાણીના મુખથી સાંભળી રાજાએ કહ્યું રાણી ! રાજ્ય પર આવતી આફતથી કદી ખરો ક્ષત્રી ઉદાસ થાય એ સ્વપ્ને પણ બને ખરૂં ? રાજ્ય પર આવતી આફત એતો ક્ષત્રિયોના ધર્મની કસોટી છે. પણ શું કરૂં લાચાર છું કે મને મારા ઘરની આફત આજે આમ ઉદાસ બનાવી રહી છે, હે પ્રીયે ! તારો આ સ્વામી હજારો દુશ્મનોને સંહારવા તૈયાર છે. પણ તારી પવિત્ર કુખને લજાવનાર તારી પુત્રીને સંહારવા આજે નીરઉપાય છે. પુત્રીનું નામ સાંભળતાં રાણી ચમક્યાં; ને બોલ્યાં, નાથ ? એવો તે તેણે કયો ગુન્હો કર્યો છે; કે આપ આટલા બધા ગુસ્સે થયેલા જણાવ છો શું તેણે આપના સામું બોલી આપનું અપમાન કર્યું. કદાચ અણસમજમાં તેમ થયું હોય તો તેને બાળક જાણી માફી આપવી જોઇએ.

ઓ અણસમજુ પુત્રીની સમજુ માતા ! તારી પુત્રીએ મારી ઉજ્વળ કીર્તીને કલંકીત કરવાનું પગલું ભરી મારી ડોક સદાને માટે નીચી રહે તેવું કાર્ય આદર્યું છે. આવી પુત્રીનો જન્મ આપતાં પહેલાં તેને મારી નાખી હોત તો મારે આજે આમ ઝરવાનો વખત ન આવત તારી પુત્રીના પાપ કર્મથી બહાદુરસીંહ આજે

બે માસ થયાં સૌસાયા કરે છે; ને હું એ નીરભાગી પુત્રીનો પિતા એજ પાપથી ચિંતારૂપી ચિતામાં સળગી રહ્યો છું. તેણે સુવર્ણ પાત્રને તજી ઠીંકરામાં આરોગવાનું ઉચીત ધારી તે પાપમાં પડી ચુકી છે. કહી રાજા ધાઢ નિસાસો નાખી બોલ્યા. અરેરે પ્રભુ ! આ શબ્દો મારા મુખથી ક્યાં બોલવા વખત આવી. રાણી આટલી વાત ઉપરથી સમજી ગયાં, ને તે પણ રાજાની માફક શોક સાગરમાં ડુબકાં ખાવા લાગ્યાં રાણીને પણ પગથી તે માથા સુધી ઝાળ ચઢી, પણ શું કરે. આમ અહીં વિચારોમાં બેઠાં હતાં; ત્યાં કનસીંહને ખબર થતાં પિતાની શોધ કરતો ત્યાં આવી ચઢયો. માતપીતાને વિચાર સાગરમાં ડુબેલાં જોઇ કુંવર વિસ્મય થયો ને બોલ્યો. માતા અને પિતા ! તમારા આ પુત્રના કયા અપરાધથી આમ બેસી રહી; મારી સાથે બોલતા નથી શું મેં કંઇ એવું અનિષ્ટ કાર્ય કરી આપના નામને કલંકીત કરી શરમાવાનું કર્યું છે; મને કહો કે એવો મારો કયો ગુન્હો છે તે જણાવો પુત્રને આવું બોલતો સાંભળી રાજાએ કહ્યું, બેટા તારા ગુન્હા માટે મારે કંઇ આમ કરવા વખત હોય નહિ પણ તારી બેન કે જેને હું અત્યંત પ્યારથી ચાહતો હતો; તેણે સુવર્ણ પાત્ર તજી ઠીકરામાં આરોગવા માંડયું છે. તેથી તારા બનેવી આજે બે માસથી સોસાયા કરે છે આ સાંભળી કુંવર ક્રોધથી બોલ્યો, કે પિતાજી હું અત્યારે ત્યાં જાઉં છું કે એવો કોણ પાપાત્મા સીંહની બોડમાં હાથ ઘાલી હાથની સલામતી ચાહે છે એમ બોલતો કપટકળાના ભુવન તરફ ચાલ્યો. તો પ્રિય પાઠક તમે પણ ચુપકીથી મારી પાછળ આવો; ને તપાસીયે કે કપટકળા તથા કપટસીંહ શું કરે છે.

પ્રકરણ ૫ મું.

સ્ત્રી ચરિત્ર

સંસારમાં સ્ત્રી ચરિત્રને, સમજી શકે ના કો કદા
ઉલટા ફસાઇ મોહમાં, વહોરી લીયે શીર આપદા.

પ્રિય વાંચક હવે આપણે રંગમહેલમાં પ્રેમ સાગરમાં ડુબકાં મારતાં પ્રેમી પંખીઓને જોઇએ કે તે શું કરે છે; કપટકળાએ કપટસીંહને પોતાની વાત જણાયાના સર્વ સમાચાર કહી જાણીતો કર્યો પછી તેનું શું કરવું તે વિચાર કરવા જણાવ્યું એ બીચારાં પ્રેમી જોડાંને ક્યાં ખબર છે કે આપણા ઉપર દુઃખનું વાદળ તુટી પડવાને થોડોજ વખત છે. આનંદથી પ્રેમાલાપ કરતા સ્હામા સ્હામી પ્રેમની ધારા વરસવા લાગ્યાં કપટકળા હર્ષથી કપટસીંહને આલીં-ગન આપી. તેની ગોદમાં ભરાઇ પોતાના અધરોષ્ટનું પાન કરાવા લાવી. આમ બન્નેનું પ્રેમ યુદ્ધ ચાલી રહ્યું હતું તેટલામાં એનની તપાસ કરવા નીકળેલો કનક કપટકળાના ખંડ તરફ આવતો જણાયો દાસીએ કપટકળાને ખબર આપી કે; કનકસીંહ આ તરફ આવે છે. કનકનું નામ સાંભળતાંજ કપટસીંહના બંધ ઢીલા પડી ગયા. તેણે વિચાર્યું કે જો કનકસીંહ અમારી સર્વ વાત જાણતો હશે; તો

આપણે અહીંથી બચવા મુશ્કેલ છીએ. કારણ કે કનક ખરેખરો બહાદુર લઢવૈયો છે. તે મારા જેવા ચારને હંફાવી શકે તેટલી તાકાત ધરાવે છે. આમ વિચાર કરતો કપટસીંહ કપટકળા તરફ જોઇ બોલ્યો. હે સ્નેહ સરીતા? હવે આ તારે શરણ આવેલું માછલું જરૂર તુંજ જીવાડજે. જો તારાં મોજાંમાં તેને તાણી ફેંકી દઇશ તો તે જરૂર તરફડી મરણ પામશે. આ વાકયો એક બહાદુર સરદારનાં મુખમાંથી નીકળતાં સાંભળી કપટકળા બોલી શું? આજ તમારી વીરતા કે? આમ કાયરતા અત્યારથી કરશો; તો આ રાજ-દુલારીને શી રીતે રાજરાણી બનાવી શકશો. આ સાંભળી કપટસીંહની જતી રહેલી હીંમત આવી, અને બોલ્યો. પ્રીયે! જો તું મને ત્હારો પ્રેમ ખરા અંતઃકરથી આપતી હોઉં; તો આ કપટસીંહ કંઇ બાયલો નથી. તારા પ્રેમને માટે ગામને વેરાન જંગલ સમ બનાવવા આ કપટસીંહ બાહુમાં બળ ધરાવે છે પણ જો તમો સાચા પ્રેમથી ચાહતા હો તો.

દોહરો

મળે જો પ્રેમ તારો તો; કરૂં કુરબાન આ કાયા
ભલેને પ્રાણ જાયે પણ. નથી કંઇ બાયલા જાયા.

હજારો દુસ્મનો હણવા, ધરૂં શમશેર હું હાથે;
અરે! ઓ કાળમુખા તું; ભમે છે મોત તુજ માથે.

છેલ્લી લીટી બોલતો કનક દોડતો આવવા લાગ્યો. તેને અંદર આવતો જોઇ જે બહાદુર અત્યાર સુધી પોતાની બહાદુરી જણાવતો હતો, તે જેમ સીંહને જોઇ શીયાળ નાસવા માટે માર્ગ

શોધે તેમ કપટસીંહ કનકને જોઇ માર્ગ શોધવા લાગ્યો પણ બહાદુર કનક કંઇ જેવો ન હતો કે કપટસીંહને એમ જવા દે. તેણે તરતજ તેના સામી પીસ્તોલ ધરી કહ્યું. કપટસીંહ તથા કપટકળા તમોએ જો અહીંથી નાસવા માટે પગલું ભર્યું છે, તો મારૂ આગમન જાણ્યા શીવાય તમો કનકની પીસ્તોલનો ભોગ થશો. સીંહને શીયાળ સમજી તે આશા તજી દેજો.

નથી એ કેશરી કૃત્રિમ, કે શીયાળ છુટથી નાશે;
ખરો છે કેશરી બાળક; સુણીને સાદ સઉ ત્રાસે.

જરૂર જો આશ જીવવાની, ત્યજી દો નાસવા બારી:
નહી તો મોત વીણ મરશો, થશે હાલત નહી સારી.

ઓ કપટથી ભરેલા કપટસીંહ આમ આવ હું તમોને મારવા માટે આવ્યો નથી પણ તમોને મળવા માટે આવ્યો છું. આમ જ્યારે કનક કપટસીંહને કહેતો હતો. તે વખતે કપટકળાએ કનકને મારવા માટે પીસ્તોલ હાથમાં લીધી. પણ ચતુર કનક જાણી ગયો, ને કપટકળા તરફ ધસી બોલ્યો.

અરે ઓ કાળમુખી તું, મરવા શીદને ચાહે;
જોઇને કૃત્ય આ તારૂં, ઉઠે છે અંગમાં લા'યે.

નથી તાકાત એ ત્હારી, ઉઠાવી બ્હાર કરવાની;
ત્યજી દે આશ એ તારી, વિના મોતે તું મરવાની.

આમ બોલતો કનક ભુખ્યા કેશરીની માફક કપટકળા તરફ ધસ્યો, ને તેના કોમળ હસ્તમાં મુષ્ટિનો પ્રહાર કરી, હાથમાંની

પીસ્તોલ નીચે પાડી. પીસ્તોલ નીચે પડતાં ઘોડો પડયો, તેથી ફેર થયો, અવાજ ખાલી ગયો, પછી કપટસીંહને પાસે બેસાડયો. એટલે કપટકળા બોલી ભાઇ ! આપની બહાદુરીનાં વખાણ સાંભળતી હતી. પણ તે સઘળું પરાક્રમ આજે મારી નજરે જોવાથી મનમાં ઘણી ખુશી થાઉં છું કે જે બેનનો ભાઇ આવો બહાદુર હોય તેવી બેનને સદાને માટે સુખનીજ છાયા રહે. આમ સારાં લગાડવાનાં વાકયો સાંભળી કનક બોલ્યો બેન હું પણ મારા ભાગ્યને ધન્ય માનું છું કે જે ભાઈની બેન આવી વખતને અનુસરી બહાદુરીનું કામ કરે તેના ભાઇને સદાને માટે સંતોષ ન હોય, પણ ઉલટી ઉપાધી રહે, બેન ? ? તારા આ કૃત્યોથી હું ઘણોજ દીલગીર છું કે માતાપિતાના કુળને કલંકીત કરવાનું પગલું ભરી માતપીતાને મોતના મુખમાં નાખી પોતે સુખ અને સાયબીમાં મહાલે. ભાઇ આ સર્વ તું કોને કહે છે શું હું તારી નજરમાં વ્યભીચારીણી જણાઉ છું તેમ સમજવામાં તું ભુલ ખાય છે. જરૂર ભાઇ તને કોઇ દુશ્મને ખોટા વહેમમાં નાખી આપણા આનંદને ખેદાન મેદાન કરવાનો રસ્તો કર્યો છે. આ બીચારા ભલા સરદાર કે જે આપણા સુખને માટે પોતાના પ્રાણની માહુતી આપે છે. તેમને મેં આજે અગત્યના કામ માટે બોલાવ્યા હતા ત્યાં આપ આવી ચઢયા, ને આટલું વ્હેમનું કારણ બન્યું ભાઇ આપના અંતઃકરણના ડાઘને ભુંસી નાખો ને આ તમારી બેન તમારા સોગન ખાઇને કહે છે કે હું કોઇ જાતના પ્રપંચમાં છું નહિ, ને કોઇ બદમાસે આ તર્ક ઉઠાવી આપને અહીં મોકલ્યા છે. મને જણાવશો કે તે કોણ છે.

" કરૂં શીરછેદ પાપીનો, લઢાવ્યાં આપણે બેને,
જરૂર શીક્ષા કરીશ તેની, પછાડું પાતાળે તેને.
દગાખોરો દગો કરતાં, જરી ના દેખતા કોઇ,
હજારો દાખલા એવા, કે ભાઇએ બેનને ખોઇ,

આ શબ્દો સાંભળી કનક પાછો ક્રોધની જ્વાળાથી સળગી ઉઠયો, ને બોલ્યો શું તું શીક્ષા કરશે?

નથી તાકાત તારામાં, જરાયે દુશ્મનો હણવા,
ઉભો છું સામને તારી, ગણું હું તુજને ત્રણવા.
જોયું છે આંખથી મારી, સુણ્યું છે માતથી સર્વે,
છતાં એ કુતરી કામી, ફુલાયે શું અરે ગર્વે.

બસ! હવે મારી ચોક્કસ ખાતરી થઇ તું ખરેખર ગુન્હેગાર છે, માટે તમો જરૂર ટુંક સમયમાં મોતના મુખમાં હોમાશો. અત્યારે હું જે માતાપીતા ત્હારા કૃત્યને લીધે મોતના મુખમાં પડવા તૈયાર થયાં છે, તેમને મારે બચાવા જવુંજ જોઇએ ને તને ચેતાવું છું કે

ચેતી તું ચપળા ચાલજે, ભમે છે મોત શીર ઉપર,
જરૂર સમજી રહેજે તું, રહી છે કોપી એ કુદરત.
નહીં ફાવો તમે બંને, તમારી ધારણા ખોટી,
કરૂં શું ફેર હું તુજને, ખરે તું બેન છે છોટી.

એટલું બોલી કનક ચાલ્યો ગયો. એટલામાં બહાદૂર કંઇ કારૂણુસર કપટકળાના ખંડ તરફ આવ્યો તો તેણે કપટસીંહને તેના ખંડમાં બેઠેલો જોયો. કપટસીંહને જોતાંજ બહાદુરસીંહનો મીજાજ ફાટકી ગયો, ને તે કપટસીંહને કહેવા લાગ્યો.

અરે ? ઓ નીચ કુતરા તું, સુવર્ણ પાત્રને ધારે,
ઉઠીને ચાલ તું અહીંથી, બચવું હોય જો તારે.
ખબર ન હતી મને પડતી, ઉછેર્યો સાપને હાથે,
ખરેખર દુધ પીને તું, ચઢી બેઠો હવે માથે.

અરે ! ઓ મોતના મુખમાં પડેલા કપટસીંહ તારી આયુષ્ય દોરી ખુટી છે, ને આ સ્હામે જણાતી કુલટાની ચક્ષુ ફુટી છે. કહી ક્રોધથી કપટને લાત મારી કપટકળાને પકડી બોલી ઉઠયો.

નારી ઓ કાળી નાગણી શું વીષ જ્વાળા છે ભરી,
સમજી હવે જા ઉર મહીં કે મોત વીણુ જાશે મરી.
રમતા તને સ્ત્રી ચરીત્રો, શીખવ્યાં હતાં કોણે કહ્યાં,
શા સાટે ના કંઇ બોલતાં, શુ પ્રેમમાં અંધા બન્યાં.

બસ? ઓ કાળમુખી ? જા તારૂં મુખ છુપાવ તું એમ ન સ્હમજીસ કે તારા માતાપીતાના રાજમહેલમાં રહી આ બહાદુરસીંહ બહાદૂરી તજી નીચ નારી બનશે. મને તારા કૃત્યોની ખબર પડી હતી. પણ હું શોધતો હતો તે આજે મળી આવ્યો. કહી કપટસીંહના સ્હામુ લાલ નેત્રે જોયું. કપટસીંહે વિચાર્યું કે આ બહાદુરને તો હું પહોંચીશ કારણ કે તે કનક જેટલો બહાદુર નથી કહી પીસ્તોલ ઉપાડી. બહાદૂરસીંહે જાણ્યું કે જરૂર કપટસીંહ ખુન કરી મારા પ્રાણ હણી નાસી છુટશે, પણ કુદરત જેને રાખે છે તેને કોણ મારે છે. હાથમાં પીસ્તોલ લઇ કપટ ઉભો થયો તે અરસામાં માતાપીતા પાસે ગયેલો કનક દોડતો પોતાની બહેનને તથા બહાદુરસીંહને પોતાના પીતા પાસે લઈ જવા માટે આવતો હતો. આ વખતે પહેરેગીરોએ

ખબર ન આપી તેથી તે દોડતો ત્યાં આવી પહોંચ્યો કપટસીંહ પીસ્તોલ લઇ પાછો ખસતાં બોલ્યો.

મુજ માર્ગમાં કંટક સમા, શત્રુ મરણને શરણ થા,
પીસ્તોલના આ બારથી, સ્વર્ગ મહી ચાલ્યો તું જા.
છે કોઇ ના તારૂં અહીં તુજ લાશ અહીંયા રખડશે,
તો પાપીઆ તું પણ અહીંથી લેશ જીવતો ના જશે.

આમ છેલ્લી લાઇન બોલતો કનક પીસ્તોલ લઈ આવતો હતો તેને આવતો જોઇ કપટસીંહ હિમતધરી તેની સામે પીસ્તોલ લઇ ઉભો રહ્યો અને બોલ્યો.

બસ રહે હવે તું ત્યાં ઉભો નહી તો પુરો તુઝને કરીશ,
મુઝ વેરની આ આગમાં ક્ષીણ મોતથી તું તો મરીશ.

આ સાંભળી કનક ક્રોધથી બોલ્યો.

ઓ પાપીઆ તું શું બકે શું મારવાને ચ્હાય છે,
સમઝ ઓ અંધ કામી કાગડા તું અન્ન મારૂ ખાય છે
તાકાત તારી છે નહિ કે તું મને મારી જશે.
વિચારૂં હું તુજ સ્નેહને નહી તો હાલ બુરા અહીં થશે

એમ કહી કેશરીકનક કુદી પડયો. બીજી બાજુ ઉભેલી કપટકળા પીસ્તોલ ઉઠાવી ફેર કરવા જતી હતી. તે કનકસીંહ જોઇ જવાથી હજારો દુસ્મનોને હંફાવનાર કનક બોલી ઉઠયો:

બેસી રહે ત્યાં કાગડી ઉમેદ મન ના લાવતી,
શાયાળ બનશે સિંહ નહિ તેમ પીસ્તોલ ના લંબાવતી.

ઉભો રહયો છે કેસરી શું શીયાળવાં મારી જશે
ત્યારે સમજજે કુતરી કે પૃથ્વી જરૂર પ્રલય થશે

આમ બોલતો કનક કપટકળા તરફ ધસ્યો ને હાથમાંની પીસ્તોલ પડાવી નાખી આ સમયનો લાભ લઇ કપટસીંહ લાગ જોઇ છટકી ગયો. બાદ કનકસીંહ કપટી કપટકળાને લઇ પીતાજી પાસે ચાલ્યો પણ તેમની પાછળ કપટકળાએ પાળેલો પોપટ પણ ગુપ્ત રસ્તેથી ચાલ્યો જ્યારે કુમારી તેના પિતા પાસે બેઠી હતી તે વખતે પોપટ પણ તે ખંડના ગોખલામાં બેઠો હતો તો પ્રિય વાંચક તમો પણ ચુપકીથી ચાલો ને તપાસો કે તે શા માટે છુપા રસ્તે ગયો છે તે તમોને ત્યાં જણાશે.

પ્રકરણ ૬ ઠું

પાળેલો પોપટ

પ્રેમી છે પંખી જાતમાં, પોપટ બહુ ઉપકારી છે;
ખાય છે જેનું લુણ ત્યાં ઉપકારીને વફાદારી છે.

પ્રિય વાંચક! તમને યાદ હશે, કે કપટકળાની પીસ્તોલ પાડવા કનકસીંહ તેના તરફ ગયો, તે સમયનો લાભ લઇ કપટસીંહ નાસી છુટયો હતો. ત્યારબાદ કનકે કપટકળાને લઇ ચાલવા માંડયું. તે જે ઠેકાણે પોતાના માતપિતા બેઠાં હતાં, ત્યાં આવી કનકે કહ્યું. પિતાજી! તમોએ મનેજે તમારી પુત્રી ને મારી બેનને બોલાવવા માટે મોકલ્યો હતો, તે મારી બેન આ આવી. રાજાએ કહ્યું બેટા તારા કરતાં હું તેને વિશેષ ચાહતો હતો. પણ તેણે મને આજે દુનીયામાં ઉંચી ડોક કરવા વખત ન રહેવા દીધી; તેમ છતાં હું અત્યારે તેને બોલાવત; પણ તારી સામે થવાની ઉદ્ધતાઈ ભરી વર્તણુંક સાંભળી, હું તેનું મુખ પણ જોવા ઇચ્છતો નથી. પણ શું કરૂં. આ તારી માતાના આગ્રહથીજ મેં તેને બોલાવા માટે મોકલી હતી. હવે તારી માતા તેને પુછી પોતાની

ખાત્રી કરે, એટલે એ કાળમુખીને અહીંથી દુર કર. અત્યાર સુધી શાન્ત બેઠેલા રાજમાતા બોલ્યાં, બેટા કપટકળા ! તને આ રસ્તો કયાંથી સુઝયો, તને ખબર છે કે. તું એક ક્ષત્રાણી માતાની પુત્રી છે. તને આવી અનિતી ન શોભે. પણ તેં આજે તેને પેટ જન્મ લઇ તેની કુંખને વગોવવાનું પગલું ભર્યું છે. આવા માતાના કારી ઘા સમ શબ્દ સાંભળી, કપટકળાએ પોતાની પ્રપંચી જાળ બીછાવવા માંડી. માતા ! માતા ! મ્હારી જન્મદાત્રી માતા ! મેં એક પણ એવું પગલું ભર્યું નથી. કે આપને શરમાવાનું થાય હું પોતે પણ સમજી શકતી નથી, કે મારા કયા અપરાધના ગુન્હાથી આ શબ્દો સંભળાવવામાં આવે છે. મારા જાણવામાં આવ્યું છે કે, હું કપટસીંહ સાથે સ્નેહ રાખું છું એમ આપને કોઇએ સમજાવ્યું છે, તે ખરેખર આપણા સ્નેહને તોડવા માટેજ છે. કપટસીંહને હું કોઈ વખત મારા કામને માટે બોલાવતી હતી. તેથી તે ત્યાં આવતા જતા હતા. તેથી કદાચ નવાં ભાભીએ આ તર્કટ ઉઠાવી આપને વહાલા થવા આમ ખોટું સમજાવ્યું હશે. તેમનાં પગલાં મહેલમાં આવ્યાં કે તે જણાયાં. આમ બોલતી તે કેટલાક અઘટીત શબ્દો તેને કહેવા લાગી; ને તેણે પોતાનું કૃત્ય છુપાવા સૌન્દર્યવંતીપર આળ ચઢાવી જેમ બોલાય તેમ બોલવા માંડયું.

આ શબ્દો જે અત્યાર સુધી રાજા તથા કુંવર કનકસીંહ સાંભળતા હતા. તેમના પેટમાં ખરેખર ક્રોધનો અગ્ની સળગી ઉઠયો. કનક શું કરે પણ રાજાએ કહ્યું બસ કર ઓ છોકરી ? નાના મોંથી મોટી વાત કરી પોતાનુ કૃત્ય છુપાવવા સામાના શીર પર દોષ મુકી ઉલટી પાપની ભાગીદારી થાય છે ? માટે જે હોય તે

રીતસર જવાબ આપી તારે રસ્તે ચાલી જા. રાજાએ અત્યંત ક્રોધ કરી કહ્યું એટલે રડતાં રડતાં માતાના ખોળામા માથું મુકી બોલી માતા ! મારા પિતા મને આમ કાળની દ્રષ્ટિથી જુએ છે; એટલે મને બીક લાગે છે, પણ માતા ? હું તારા તથા મારા પીતાના ને ભાઇના સોગન ખાઇને કહું છું કે હું બીલકુલ પાપકર્મમાં નથી. આવા શબ્દો સાંભળી જે તેમની સાથે સંતાઈ આવેલો પોપટ ગેબી અવાજ આપી બોલ્યો, કે હે કુમારીકા ? તમે તમારાં કૃત્ય છુપાવવા નાહક માતાપીતા તથા ભાઇના સોગન ન ખાઓ હું હંમેશાં તમારી પાસે રહું છું ને તમારી સર્વ વાત મારા જાણવામાં છે. આ સાંભળી કુંવરીએ પોપટને કહ્યું.

ફટરે મુવા પોપટા ને, તારો ઉઠયો દન,
શાને ખોટું બોલીયો, કાલે કાઢીશ વન,
પાંખો તોડું તાયરી, ને મરડી નાખીશ ડોક.
કાલે હુકમ ફેરવું, કે શીકાર કરે તુજ લોક.

આવાં વાકય સાંભળી પોપટ બોલ્યોઃ—

શાને મુજને શ્રાપતી, ને કાઢીશ ના તું વન,
આ હું અહીં નથી બોલતો, પણ બોલે રજન અન્ન,
ગુન્હો છે જો તમ તણો, શાને દોછો છેહ,
માતપીતા કારણ અમે, પ્રજાળીએ આ દેહ.

એટલું બોલી પોપટે રાજાની સ્હામે બેઠક લીધી, ને રાજાની આંખમાંથી ચોધાર આંસુની ધારા ચાલતી જોઇ બોલ્યો, પિતાશ્રી આપ આમ નાહક શોક ન કરો, જે થવાનું હોય તે થયા વિના

રહેતુંજ નથી. તમારી શીખામણ હવે કુમારીને લાગવાની નથી, કુંવરીબા કરતાં તમારી નાની પુત્રી કે જે તમારી કુમારીની પુત્રી થાય છે તે મહા ગુણવાન છે, તેની સંભાળ રાખજો. ને હવે હું ત્યાં ન જતાં કનકસીંહ પાસે રહીશ કહી તે કનક પાસે ઉડી ગયો, રાજમાતાએ કપટકળાને અનેક અપમાનના શબ્દો કહ્યા ને જણાવ્યું કે જા તારૂં શામ મુખ મને ન બતાવીશ. કહી સર્વે ચાલ્યાં એટલે અપમાનનો બદલો લેવાનો વિચાર કરતી તે પોતાના ખંડમાં ગઈ, તો હવે તે વેરનો બદલો કેવો લે છે તે તપાસીયે.

પ્રકરણ ૭ મું.

રાજમહેલમાં રમખાણ

મોટા તણા ઘરબારમાં, ગોટાળા થાતા સહેલમાં;
રમખાણ થાતાં અવનવાં દેખાય છે રંગમહેલમાં.

પ્રિય વાંચકો આપણે ગયા પ્રકરણમાં જણાવી ગયા છીએ કે કપટકળા માતાપીતા પાસેથી અપમાન પામી પોતાના ભુવનમાં આવી તેણે અપમાનનો બદલો લેવા વિચાર કર્યો. આ અપમાનની સાથે આખા યોવન બાગને બાળી ભસ્મીભુત કરી નાંખ્યો. આ વખતે તેના મુખ ઉપર ક્રોધથી છાયા પૂર્ણ પ્રસરેલી હતી તેણે પોતાના પ્રિય કપટસીંહને બોલાવી પોતાના ખંડમાં છુપાવી રાખ્યો હતો જ્યારે સર્વે સુન્યકાર થયું તે વખતે કપટસીંહને બોલાવી અપમાનનો બદલો લેવાનો વિચાર કર્યો. આ બાળીકાને હવે પોતે પોતાના માર્ગમાં નડતા કંટકોને સાફ કરી પોતે એકલી રાજ્ય કરવાની તીવ્ર ઇચ્છા થઇ તેથી તેણે પોતાના માતપીતાનું ખુન કરવાનું યોગ્ય ધારી કપટસીંહની સલાહ લેવા માટે અત્યારે તેને બોલાવ્યો હતો. આ તરફ પોતે ખુન કરવાની કોશીષ કરવામાં લાગી હતી, ત્યારે બહા-

દુરસીંહ પોતે પોતાની પત્નીનાં દુષ્કૃત્યોથી કંટાળી જંગલમા ચ લ્યો ગયો હતો. કપટકળાએ પોતાના માતપીતાના ખુનની તૈયારીઓ કરી રાખી પોતાની માતાને મળવા ગઇ. માતા ! હવેથી આવાં કૃત્ય થવા નહિ દઉ. એમ ખોટું સમજાવી ભોળી રાજમાતાને ઠગી સાંજ પડતાં પોતે પાછી આવી પોતાના ખંડમાં ગઈ, ત્યાં કપટસીંહ તેની રાહ જોઇ ત્યાં આગળ બેઠેલો હતો. કપટકળાએ આવી સઘળુ પુછી જોયું તો સઘળું તૈયાર છે, એમ કપટસીંહે જણાવ્યું આજે રાતના માતાપીતાના ખુન માટે કપટકળા તૈયાર થઇ રાતના-પોતે અંધકાર પીછોડો ઓઢી પોતાના પીતાના શયન ગૃહમાં ગઇ. ત્યાં આ વખતે રાજા અશોક પોતે ગાઢ નીદ્રામાં હતા, તેમની છાતીમાં ખંજર મારી તેમના પ્રાણ પરલોક સ્વાધીનમાં કરી દીધા. બાદ પોતાની માતાના શયન ગૃહમાં ગઇ રાજમાતા પણ આ વખતે નીદ્રામાં પડયાં હતાં. આ ખુની બાળીકા અત્યારે પુર્ણ ક્રોધની જ્વાળાથી સળગી રહી હતી તે માતાના શયન ગૃહમાં આવી પોતાની માતાને પણ પીતાની સાથે પહોચાડવા વિચાર કર્યો પણ તેના મનમાં વિચાર આવ્યો, કે મારે મારી નિર્દોષ માતાને શા માટે મારવી જોઇએ જે માતાએ મને નવ માસ ઉદરમાં રાખી અત્યંત સંકટ .વેઠી મને ઉછેરી, તેના ઉપકારના બદલામાં આ કૃત્ય હું કરૂં, મારાથી તે બનશેજ નહિ એમ વિચારી ખંજર નાખી દીધું, ને પોતાના ખંડમાં ગઇ ત્યાં કપટસીંહ બેઠો હતો તેને સઘળી વાત કરી રાજાના શબને દૂર અરણ્યમાં લઇ જવા માટે નક્કી કરેલા માણસો રાજમહેલના પાછલા દરવાજે ઉભા હતા, ત્યાં ઉતારી આપ્યું માણસો શબને લઈ ચાલતા થયા, પછી કપટ-

કળાને સમજાવી કે રાજમાતાનું ખૂન કરવામાં ન આવે તો જરૂર આપણું સવારે શું થશે. કારણ કે ગઇ કાલના બનાવ ઉપરથી આપણા ઉપર સર્વે વેમાશે ને આપણા ઉપર ચારે બાજુથી દેખરેખ ચાલશે. માટે તમારે રાજ્ય રાણી થવું હોય ને મારો પ્રેમ મેળવવો હોય તો આ કાર્ય તમારે કરવું પડશે આમ ખોટી લાલચ આપી તેને ઉશ્કેરી માતાનું ખુન કરવા મોકલી પાછી ફરીથી જ્યાં માતા સુતી હતી તે ખંડમાં આવી ને તેના પલંગ પાસે ગઇ. તેના માથા તરફ જઇ તેણે ખંજરને ઉઠાવ્યું ને માતાની છાતીમાં ભોંકવા ધીરે ધીરે નીચે ઉતારવા માંડયું. પણ માતાનો વાત્સલ્ય પ્રેમ તેના અંતઃકરણમાં ઉભરાઈ આવ્યો. પાછું તેણે ખંજર મુકી દઇ વિચાર કરવા માંડયો. પણ તેના મનમાં રાજ્યની તીવ્ર ઇચ્છાએ પાછો ક્રોધને જાગ્રત કર્યો ને ખંજર પહેલાંની માફક ઉઠાવ્યું જે માતાના શરીરમાંથી વહેતી દુધની ધારાઓ પીને જે આવડી મોટી થવા પામી હતી તે માતાના હૃદયમાં ખંજર ભોંકાયુ પવિત્ર રાજમાતાનો પ્રાણ આ લોકની યાત્રા પુર્ણ કરી ચાલ્યો ગયો. પછી પોતે પોતાના ખંડમાં આવી ને કપટસીંહને સઘળી વાત કહી. કપટસીંહે તેને જણાવ્યું કે આ બાબતની સવારમાં ખબર પડતાં તપાસ થશે. તે વખતે ખાસ કાળજી રાખવાની છે. કારણ કે જ્યારે કનકસીંહ આ વાત જાણશે. ત્યારે તે ભુખ્યા વાઘની માફક આખા મહેલમાં રમખાણ જગવશે. રાજદુલારી હજુ તમો નિષ્કંટક થયાં નથી.

આ તરફ જંગલમાં રાજાના શબને મુકવા જનાર સીપાઇઓ શબને ઘોર અરણ્યમાં મુકી; દાગીના ઉતારી લઇ વહેંચી લીધા. પછી તેઓ રાજમહેલમાં કપટકળાની પાસે ઇનામની આશાએ

આવ્યા. કારણ કે તેઓ જાણતા હતા, કે સવારમાં આ વાતની ખબર થતાં આપણને કંઇ મળશે નહિ, માટેજ તે આવ્યા હતા, તેમને યોગ્ય ઇનામ આપ્યું, ને વધુ ગાદીએ બેઠા પછી રાજી કરીશ કહી રાજી કર્યાં. તેમના ગયા પછી કપટકળાએ કપટસીંહને કહ્યું વ્હાલા! હવે તારો પ્રેમ સદાને માટે કાયમ રહે તેવી ગોઠવણ કરવા આપણે કયો રસ્તો કરીશું. કપટસીંહે જણાવ્યું રાજદુલારી! તમો જો રાજ્યની લગામ હાથ પર લઇ લો. તોજ આપણો પ્રેમ કાયમ રહે કદાચ જો આપણા આ કૃત્યની ખબર કનકને પડતાંજ તે મારા ઉપર વેમાશે. ને કદાચ તેથી આપણે સંકટમાં આવી પડીયે. માટે હવે આપણે અક્કલનો ખરો ઉપયોગ કરવાનો છે. આ સાંભળી કપટકળા બોલી.

ઉરાડુ પળ મહી એવા, હજારો વીર યોદ્ધાઓ;
સુવાડુ રણ મહીં સર્વે, કરોડો વીર જોદ્ધાઓ.
ભલેને ભાઈ એ થાયે, છતાં દુશ્મન ગણું મારો,
કરૂં સંહાર હું તેનો, પછીથી પ્રેમ ચહું તારો.

વ્હાલા કપટસીંહ એવા અનેક યોદ્ધાઓને હું સંહારવા તૈયાર છું જો તમે મને ખરા અંતઃકરણથી મદદ કરતા હો તો હું કનક જેવાને પળમાં જમીનદોસ્ત કરી નાખું. કપટસીંહે કપટકળાને જણાવ્યું કે, રાજદુલારી! તમે તેમ સમજવામાં ભુલ ખાઓ છે. કારણકે કનકને હણવા તે શું તમે છોકરાંના ખેલ સમજો છો પોતાની બોડમાં સુતેલા કેશરીનું પુછ તાણી; પછી શિયાળ બચવાની આશા રાખે તે વ્યર્થ છે. જો તે દિવસે હું નાશી છુટયો ન હોત તો મારૂં શું થાત તે કહી શકતો નથી. માટે તે આશ તજી દો.

જગાડયો કેશરી આજે, સુતેલો સોડ તાણીને,
પછી બચાવ તણી આશા, શું રાખો શીયાળ જાણીને
કનક એ એકલો બસ છે હજારો દુશ્મનો હણવા
નથી તાકાત કોઇની, કે જાયે મોત વીણ મરવા,

માટે રાજદુલારી તમો તમારા ભાઇને મળી જાવ. અને આપણી મોહજાળમાં ફસાવી તેનો ઘાટ કરીએ પછી તમારી મરજી કહી કપટસીંહે ઉઠી ચાલવા માંડયું કારણ કે સ્હવાર થવાને વાર ન હતી. કપટકળા તેને દરવાજા સુધી વળાવી આવી ને તે પોતાના ખંડમાં પલંગ પર પડી પણ તેને નીંદ્રા દેવીએ પોતાના શરણુમાં જરા લીધી નહિ. કયાંથી લે. જે પાપી મનુષ્યો આવાં પાપ કરી નીરાત માટે સતી જેવી નીંદ્રા દેવીના શરણુમાં જવા આશા રાખે તેને કયાંથી પોતાના શરણુમાં લે. તેવા પાપાત્માને પોતાના શરણુમાં લઈ પોતાના નામને કલંકીત કરે નહિં તે પલંગમાં આળોટયા કરતી હતી પણ તેને શાન્તી વળી નહી; તેથી તે પોતાના ખંડમાં આંટા મારવા લાગી સવાર થવા ને થોડો વખત હતો. રાજમહેલમાં નોકરો પોતાનાં કામ કરવા મચી રહ્યા હતા. કપટકળાએ એક નોકરને બોલાવ્યો. ને તેણે રાજદુર્ગ ઊપર કાળો વાવટો ચઢાવા કહ્યું નોકર વાવટો ચઢાવા ગયો તે ચઢાવી પોતાના કામ પર ગયો તો આપણે પણ હવે આગળ જોઈએ કે દુર્ગ પર ચઢેલો વાવટો પ્રભાત કેવું દેખાડે છે.

પ્રકરણ ૮ મું.

શોકમય પ્રભાત.

પ્રભાત ઉગી ખુશનુમા, પણ શોક સઘળે વ્યાપતો
દુર્ગ પરનો વાવટો, નીશાની શોકની આપતો;

પ્રિય પાઠકગણ! હવે આપણે આગળ ચાલીયે કે સવાર થતામાં શું થાય છે. સુર્યનારાયણનાલાલ કીરણો પૃથ્વી પર પડવા માંડ્યાં રાજમહેલમાં સઘળાં પોતપોતાનું કામ કર્યે જતાં હતા. પણ હજુ કુમાર કનકસીંહ જાગૃત થયા ન હતા પાપાત્મા પુતળી કપટકળા સ્હવારમાં ઉઠી પોતાના ભાઇના ખંડ તરફ ગઇ આ વખતે કનકસીંહ ગાઢ નીંદ્રામાં હતો, તેને જગાડયો પોતાના ખંડમાં આમ અચાનક આવી ઉઠાડનાર આ કોણ હશે! એમ જાણી તે બેઠો થયો તો પોતાની બેનને પોતાના ખંડમાં આવેલી જોઇ વિચાર્યું કે જરૂર માતાપીતાની શીખામણ લાગી હોય તેમ જણાય છે. પણ મારા ખંડમાં અચાનક કેમ આવી હશે તે જાણવા માટે પુછ્યું એટલે કપટકળાએ કહ્યું ભાઇ તમોને ખબર નહિ હશે. કે કોઈ પાપાત્માએ માતાનું ખુન કર્યું ને પિતાનો પત્તો નથી. તપાસ કરતાં જણાયું કે પિતા રાતના બહાર ગયા છે આ શબ્દ સાંભળતાં કુમાર ગભરાએલો ઉઠયો ને માતાના શયનગૃહમાં

ગયો. ત્યાં માતાને કોઇ હરામખોરે છાતીમાં ખંજર મારી મારી નાખ્યાં હતાં. પછી પિતાના શયનગૃહ તરફ ગયો તો પિતાનો પત્તો હતો નહિ. કુંવરે વિચાર્યું કે પિતાજી ક્રોધના માર્યા ચાલ્યા ગયા હશે. એથી તેણે રાજમહેલમાં સઘળે ઠેકાણે પેરા મુકી દીધા સઘળા આયાતમંડળને ખબર કરી આખા શહેરમાં આ શોકમય સમાચાર કહેવા એક માણસને કાળે લુગડે ને કાળે ઘોડે જવા હુકમ કર્યો. રાજમહેલમાં આ ધમાલ ચાલી રહી હતી. ત્યારે શહેરમાં લોકો રાજદુર્ગ ઉપર કાળો વાવટો ફરસો જોઈ ત્યાં આવવા લાગ્યા. ભીક્ષુકો દાનની આશાએ ત્યાં આવ્યા હતા તે પણ કાળો વાવટો જોઇ ત્યાંજ ઉભા રહ્યા. આખા શહેરમાં વાત ફેલાઇ કે રાજમહેલમાં આજે શોકમય નિશાની જણાય છે ને તેટલા માર્ગે દુર્ગ ઉપર કાળો વાવટો ચઢાવ્યો છે. આથી રાજ્યના અમલદાર વર્ગ કાળો પોશાક પહેરી દરબારમાં જવા માટે આવવા લાગ્યા. દરવાજા પર આવતાં ખબર મળી કે કોઇને અંદર જવા માટે હુકમ નથી માટે હાલ અહીંજ બેસો એટલે અમલદારો બહાર ગોઠવેલી ખુરસીઓ પર બેઠા એટલે પ્રજાજન આવી પુછવા લાગ્યા કે શું બનાવ બન્યો છે. પણ કોઇ જાણતું ન હોવાથી ચોક્કસ જવાબ મળ્યો નહિ. આમ કેટલોક વખત ચાલ્યા બાદ એક આદમી કાળા ઘોડા ઉપર કાળાં લુગડાં પહેરી આવતો જણાયો દરવાજા નજીક આવતાં તે બોલ્યો કે રાજમહેલમાં કોઇએ રાજમાતાનું ખુન કર્યું છે, અને રાજા અશોકજીનો પત્તો નથી આ શોકમય સમાચાર લોકોના કાન પર પડવાથી લોકોનાં ટોળેટોળાં ત્યાં આવવા લાગ્યાં. બહાર આ ધમાલ ચાલતી હતી તે વખતે કુમાર તથા દીવાન ચતુરસીંહ બંને પીતાની શોધ માટે

રાજમહેલના પાછળને દરવાજેથી જંગલમાં ચાલ્યા ગયા, કપટકળાએ સર્વે માણસોને અંદર આવવાનો હુકમ કર્યો એટલે સર્વ પ્રજાજન દરબારમાં ભરાયું. પછી કપટકળાએ ઉભા થઇ શોક દર્શાવ્યો કે રાજમાતાનું કોઇ હરામખોરે રાત્રે ખુન કર્યું તેમજ રાજા પણ મહેલમાંથી ચાલ્યા ગયા છે, સ્હવાર થતામાં કનકસીંહ તથા દીવાન ચોરની માફક નાસી છુટયા છે. હવે રાજ્ય ઉપર હાલ કોઇ દેખરેખ રાખવા માટે નીમવો જોઇએ. હાલ આપણે રાજમાતાના શબને અગ્નીદાહ દઇ આવીએ એમ કહી સર્વ પ્રજાજન રાજમાતાના શબને અગ્નીદાહ દેવા માટે ચાલ્યું. સર્વના મનમાં અત્યારે લાગણી જણાતી હતી માત્ર કપટકળા તથા કપટસીંહના મન અંદરથી હરખાતાં હતાં. રાજમાતાના શબને ઘણા દબદબાથી ડાંગર તથા પૈસાનો વરસાદ વરસાવતાં કાઢવામાં આવ્યું ગરીબ લોકો પૈસા મળવાની ઉમેદમાં એક એકના ઉપર તરાપ મારી એક મેકને કચડી નાખતા હતા. આમ કરતા સર્વ શમશાન ભુમીમાં આવ્યા ત્યારે ત્યાં ચંદનના કાષ્ટની ચીતા ખડકેલી હતી તેમાં શબને મુકવામાં આવ્યું ને વિધીસર અગ્નીદાહ કરવામાં આવ્યો. સર્વ કાર્યથી પરવારી સર્વે શહેર તરફ આવવા લાગ્યા બે કલાક બાદ દરબાર ભરાવાનો હોવાથી સર્વે પોત પોતાને ઘેર ગયા, ને વખતસર હાજર થયા, સર્વે દરબાર ભરાયો એટલે કપટકળાએ કહ્યું સર્વે ભાયાત મંડળ તથા અમલદારો તથા પ્રજા વર્ગ જો કે રાજગાદી સુની રહે નહિ માટે ખરા હકદાર ન મળી આવે ત્યાં સુધી હું રાજ્યની લગામ હાથમાં લઉં છું ને હું ભાઇ તથા પીતાનો પત્તો મેળવવા જંગલમાં જાઉં છું મારા આવતા સુધી મને આશા છે કે રાજગાદીને અમલદાર તથા ભાયાત મંડળ

વફાદાર રહી પોતાની ફરજ અદા કરશે એવી મારી પૂર્ણ ખાત્રી છે. પછી તેણે એક રથ તૈયાર કરવા કહ્યું. રથ તૈયાર થઈ ત્યાં આવ્યો એટલે કપટકળા પોતાના રથના હાંકનાર સત્યસીંહને લઇ દાસીઓ સાથે જંગલમા ગઇ.

આ તરફ પિતાની શોધ માટે નીકળેલો કનક તથા દિવાન બંને જંગલમા સર્વે સ્થળો તથા ઝાડીઓ તપાસતા ફરતા હતા, પણ તેમને કોઇ ઠેકાણે પત્તો જણાયો નહિ. એટલામાં કંઇ છેટે ઝાડીમાં ખડખડાટ થતો સંભળાયો. કોઇ પાપીઓ હશે એમ ધારી તેમને જોવા બંને ઝાડીમાં ભરાયા. એટલામાં એક રથ તેમની પાસે થઇ ત્યાંથી જતો જણાયો રથમાં કોણ હશે, તે કનક જાણતો ન હતો પણ રથ કપટકળાનો છે એમ તે રથ ઉપરથી જાણી શક્યો, તે કેમ જંગલમાં આવી હશે; શું પીતાની શોધ માટે નીકળી હશે! જોઉં તો ખરો કે તે કેમ આવી છે. રથ ચાલતાં ચાલતા થોભ્યો. કારણ કે રસ્તામાં કંઇ પડયું હતું, તે જોવા સત્યસીંહ નીચે ઉતર્યો ને તેણે જોયું તો પવીત્ર રાજા અશોકની લાશ અહીં પડેલી જોઈ રથ થોભાવ્યો. લાશને ઓળખી સત્યસીંહ બોલ્યો બેન! બેન! જલ્દી આવો. અહીં તમારા પીતાનું કોઇ હરામખોર ખુન કરી નાશી ગયેલ છે; ને તેમનું શબ અહીં પડેલું છે. આ સાંભળી કપટકળા સમજી ગઇ કે હરામખોરો અહીં મુકી ચાલ્યા ગયા હશે. માટે તેણે સત્યસીંહને કહ્યું તું તારે રથને આગળ ચલાવ, આ સાંભળી સત્યસીંહ જે ખરો નિમકહલાલ નોકર તે આવા હુકમને માન આપી શબ ઉપર રથ ચલાવે? તેણે કહ્યું કુંવરી! તમે આ શું બોલો છો! તમારા પિતાના શબ ઉપર તમેજ રથ ચલાવવા હુકમ કરો છો.

તમારા પિતાએ તમારૂં શું બગાડયું છે; તે વિચારો ? તેને વચમાં અટકાવી કપટકળા બોલી તેમણે મારૂં બગાડયું હશે; ત્યારેજ આમ જંગલમાં શબ રખડતું હશે. માટે હુકમને માન આપી તું તારે રથને ચલાવ.

હુકમ ચઢાવી શીર પર, બસ રથને આગળ કરો,
નહી તો અરે ઓ સત્યસીંહ, વીણમોતથી આપે મરો.
માતા હણી પીતા હણ્યા, વળી કંથને સંતાપતી;
મમ માર્ગના કંટક કનકને, આવી ચઢી હું ખોળતી.

આ વાકય સાંભળી સત્યસીંહ સમજી ગયો કે ખરેખર પાપી કૃત્યની કરનાર આ પાપણીજ છે.

બસ કર હવે તું બાળકી, તુજ જીભ બહુ લંબાય છે;
તુજ હસ્તથી આ શું બને, તુજ કુળ નાશજ થાય છે.
શાને લીધે તું કૃત્ય આ કુડાં કરી રહી માલતી;
શું દુખ તમને છે અહીં, કે પાપ પંથ તું ઝાલતી.

ઓ રાજકુમારી ! તમો આ, વિચારો તજી દો ને પોતાના કુળના નાશનું પગલું ન ભરો. તમારા ભાઇ છે તે શું તમોને કંટકરૂપ સમજાય છે. કે તેમને હણવા ચાહો છો. તે એક ક્ષત્રી કેશરી બાળક છે. જો આ વાત તેઓ જાણશે તો જરૂર તમારી માઠી દશા કરશે, કપટકળા જે અત્યાર સુધી સાંભળી રહી હતી તે બોલી. ઓ સત્યસીંહ ! તારે તે જોવાનું નથી; કારણ કે તું મારો નોકર છે, એટલે તારે શીખામણ દેવાની નથી; પણ મારી આજ્ઞા ઉઠાવવાની છે. માટે મારા હુકમને માન આપી રથને આગળ કર.

નહિ તો તું પણ પીતાના શબની સાથે મર? બોલ શો છે જવાબ કહી પીસ્તોલ કાઢી બોલી,

આજ્ઞા ઉઠાવી માયરી, આધિન થા તું પલકમા,
લોપીશ તેને તું કદી તો, નામ રહે નહિ ખલકમાં
મમ ક્રોધથી જવાળા મહીં, લાખો જણા ભોગ આપશે,
તુજ સરખા સેંકડો, કંઇ કાળના કોળીઆ થશે.

આ શબ્દો સત્યસીંહ ન સાંભળી શકવાથી બોલ્યો કુંવરી હવે માફ કરો તમારાં વચન આ સત્યસીંહ વધુ વખત સહન કરી શકશે નહિ કારણ કે મારા શરીરની નસે નસમાં મારા અન્નદાતાના અન્નનું રૂધીર વહે છે જેના અન્ન વડે હું આટલો મોટો થયો તેના ઉપકારના બદલામાં તેના શબ ઉપર રથ ચલાવું, હું કંઇ તમારા જેટલો પાપાત્મા નથી શું કરૂં મારા માલીકની આ દશા કરનારને હું જડમુળથી ઉખાડી ફેંકી દઉં પણ લાચાર છું કે તું એક સ્ત્રી છે ખરો ક્ષત્રી કે શરણાંગતને મારી પોતાની તલવાર કલંકીત કરશે નહિ. માટે સમજી તમો ચાલતાં થાવ હું હવે તમારાં રાજ્યમાં આવવા માગતો નથી. કારણ કે જેણે પોતાના માતા પિતાને છેહ દીધો તે બીજાને શું નહિ દે! આ સાંભળી કપટકળા પગથી તે માથા સુધી રોમ રોમ ક્રોધ વ્યાપો ને તે રથથી બહાર નીકળી બોલી.

મુખથી બકે શું બાયલા, જો કાળ તારો થાય છે,
તુજને મુકી અહીં રખડતો, આ કપટકળા વહી જાય છે
સંભાળ તારા રામને ના સાય કોઇ કરશે વરી,
ઉદ્ધત થઇ અવળો વદયો, વીણ મોતથી જાયે મરી.

બસ કર એ પાપી પીશાચણી? તારા આ દમામથી કંઈ સંત્યસીંહ ડરી જાય તેમ નથી,

સંહાર તારો હું કરૂં, તાકાત તારી છે નહિ;
પણ હું ડરૂં છું પાપથી, બેલી ન તારૂં છે અહીં
ગર્વે થકી એ છોકરી શાને વધુ મુખથી વદે,
છે કાળનો તું કોળીયો મારીશ પળમાં હું તને

બસ કર? એ પાપીઆ, જા આ મારી પીસ્તોલના એકજ બારથી તારા માલીકની પાસે પહોંચી જા. કહી ફેર કરે છે. સત્યસીંહને માથામાં વાગવાથી હે રામ? કહી પૃથ્વી પર પડે છે. એટલે કપટકળા રથને આગળ હાંકવા જાય છે એટલામાં પાસેની ઝાડીમાં છુપાએલો કનક આ જોઈ ન શકવાથી બહાર નીકળ્યો ને બોલ્યો.

થંભાવ રથને, કાગડી આગળ વૃધી કયાં જાય છે
આવા અનર્થો તુજથી, અહીં રાજ્યમાં બહુ થાય છે
તું શોધતી મુજને હતી, તો કાળ તારો આ રહ્યો.
સાંભળ્યું છે સર્વ મેં જે સત્યસીંહને તેં કહ્યો.

આ અવાજ સાંભળી રથથી હેઠે ઉતરી પીસ્તોલ લઇ કનકસીંહ સ્હામે ધરી બોલી.

પાપી અરે! મારા વળી, તું શીદ આગળ આવતો
થંભાવ તારા ચર્ણને ના પાય તું લંબાવતો
તુજને હણીશ પળ એકમાં તુજ નાર રડવતી થશે
કપટકળાના આ કોપથી તુજ પ્રાણ પળ માંહી જશે.

કનકસીંહે સામો જવાબ આપ્યોઃ—

પાપી ખરૂ છે કોણ તે મુજથી હવે સમજાય છે
માથે ભમે છે મોત તારૂં તે શું તને દેખાય છે
ખુનો કરી ખુની થઇ શું સુખને તું ચહાય છે
બદલો હવે આપું તને જો પ્રાણ તારા જાય છે

એ મોતને ચાહનારી હવે તારા મોતને હાથે કરી નબોલાવ અત્યાર સુધી શાન્ત ઉભેલી કપટકળા બોલી બસ કર ! એ કાળના કોળીયા ત્હારૂંજ મોત તારે માથે ભમે છે. જો તું પણ હમણાં ત્હારા પિતાના શબની સાથે રડવડશે. જો તારે બચવું હોય તો ગુમાની તજી શર્ણ થા.

મુકી ગુમાની તાયરી, ચર્ણ આવી પડ મને
તો સર્વ સુખને સાયબી, સોંપીશ સઘળી હું તને
છું ના કૃતઘ્ની હું વળી, મુજને દયા તુજ આવતી
તેથી અરે તુજ ઉપરે, પીસ્તોલ ના લંબાવતી

આ શબ્દો સહન કોણ કરે ! ખરો ક્ષત્રી બાળક આવા શબ્દો સાંભળી બોલી ઉઠયો. શું તું કનકને હથીયાર વગરનો સમજી આમ બોલે છે. શું કેશરી તારા શરણમાં આવશે ? આ કનક તારા—નારીના શરણમાં આવી ક્ષત્રાણીના દુધને લજવશે ? એમ સમજવામાં તું ભુલ ખાય છે.

શું કેશરી ઘેરાય તેથી, શીયાળવાં ફાવી જશે,
પણ કેશરીની હાકથી, વિખુટાં સર્વે થઇ જશે
છે બાળ ક્ષત્રીનો ખરો, શું તમ થકી હારી ગયો
તું છે ખુની એ કુતરી, પણ ના ખુની હું તો થયો

માટે જા ચાલી જા, ને હવે તારા આ ભાઇને કદી પણ બોલાવીશ નહી, કપટકળા બોલી શું તું મારો ભાઇ ? કોણ ભાઇ કોની સગાઇ. જા આજથી તું મારો ભાઇ નહી ને હું તારી બેન નહી. મારો ભાઇ તે આમ મારી સ્હામે થાય માટે હવે તારી બેન મને સમજીશ નહિ. ને તારાથી થાય તે કરજે ને જો તારે બચવું હોય તો અહીંથી ચાલ્યો જા. એમ કહી રથ પર બેસવા ચાલી આવી ઉદ્ધતાઇ ભરી વર્તણુંક ક્ષત્રીકુમાર કનક સહન ન કરવાથી તેના તરફ ધસ્યો ને તેને પકડી; પણ લાચાર બાજુની ઝાડીમાં કપટકળાની પાછળ આવેલો કપટસીંહ આવી પહોંચ્યો ને કનકસિંહને ફાંસો નાખી તેને પકડી લીધો. આમ અચાનક પોતે પકડાવાથી પાછળ ફરી જોયું તો કપટસીંહને જોયો કપટસીંહને જોતાંજ કનક બોલી ઉઠયો.

કપટથી કેશરી પકડી, ફુલાયે શું અરે ? અંધા
થઇને ક્ષત્રી બાળક તું, કરે શું નીચ આ ધંધા
ખરો જો હોય બહાદુર તો, મુકી છુટો ઉભો રહે તું
પછીથી જોઉં છું તુજને કે જીવતો કેમ મરે છે તું,

કપટસીંહ બોલ્યો બસ કર તે જોવાશે. સીપાઇઓ લઇ ચાલો દરબારમાં એમ કહી પોતે કપટકળા તરફ ફર્યો ને તેમને સાથે લઇ મહેલ તરફ ચાલવા માંડ્યું. દીવાન પણ પાછળથી બીજે રસ્તે શહેરમાં દાખલ થવા નીકળ્યો. તો આપણે હવે જંગલમાંથી ચાલો અને રાજમહેલમાં જઇ જોઇએ કે કનકનું શું થાય છે;

પ્રકરણુ ૯ મું.

ન્યાય

છે ન્યાય આજે સત્યનો, શું સત્ય તે સૌ જાણસે
કુદરત તણો એ કાયદો, સતધર્મી સુખને માણસે

આજે રહવારમાં આનંદોત્સવને બદલે શોક પ્રસરેલો હતો રાજકુમારી જંગલમાં પીતાની શોધ માટે ગયેલી હોવાથી દરબારમાં સર્વે લોક સવાર સાંજ આવજા કરતા હતા. આજે સર્વ સભા માણસોથી ભરાઇ રહેલી હતી. તે અરસામાં કપટકળા તથા કપટસીંહ બંને જણા ત્યા દરબારમાં આવ્યાં તેમને આવતાં જોઇ પ્રજા તથા અમલદારોએ યોગ્ય માન આપ્યું. તેમનો યોગ્ય સત્કાર કરી કપટકળાએ રાજ્યાસન પર આસન લીધું. આ વર્તણુંકથી કેટલાક ભાયાતો તેમજ અમલદારોના મનમાં તો આવ્યું પણ શું કરે, કોઇ ભાયાત કંઇ બોલે નહિ ને જો અમલદાર બોલે તો તે ગુનેગાર ગણાય. માટે કોઇ બોલ્યું નહિ. કેટલાક સમય પછી કપટકળા બોલી. મારા સભાજનો ! આજે હું ઘણા પરિશ્રમથી એક ગુનેગારને પકડી લાવવા ફતેહમંદ નીવડી છું, જો કે તે અમારામાંનો

છે. પણ તેની ઉદ્ધતાઇ ભરી વર્તણુંકથી તેને હાલ કેદખાનામાં રાખવામાં આવ્યો છે, તેની અને મારી આજે જંગલમાં મુલાકાત થતાં તે મારા ઉપર ભુખ્યા વ્રાઘની માફક તુટી પડયો, પણ સમય સાધી કપટસીંહ આવી પહોંચ્યા, ને તેને પકડી લીધો, કપટસીંહના આવતા પહેલાં તેણે મારા રથના હાંકનાર સત્યસીંહને ઠાર કર્યો હતો. આવાં કામો કરનાર બીજો કોઇ નહી, પણ મારો ભાઇ કનકસીંહ છે ને તેને યોગ્ય ન્યાય આપવા માટે આજનો દરબાર ભરવામાં આવ્યો છે. માટે હું તેને અહી બોલાવું છું. આ સાંભળી સભામાં બેઠેલા સર્વ કોઇને નવાઇ લાગી, કે જે રાજકુમાર પોતાના પીતાની હયાતીમાં પોતે કેટલો ધર્મી હતો તે શું આમ અધર્મી બને એ બનેજ નહિ આ કોઇનું તર્કટ હશે જોઇએ કે શું થાય છે એમ વિચાર કરી કનકસીંહને દરબારમાં લાવવાની આજ્ઞા કરી.

કનકસીંહ પોતે બંધીવાન સ્થિતિમાં દરબારમાં જવાનું હોવાથી શરમાવવા લાગ્યો પણ તેને ખબર હતી કે રાજ્યના અમલ દારો ઘણા ન્યાયી અને બાહોશ છે એટલે તેણે તેવી સ્થીતીમાં આવવા બંધીવાનને લઇ જનાર સીપાઇ સાથે ચાલવા માંડયું પોતે નીચે મસ્તકે દરબારમાં પ્રવેશ કર્યો અમલદારો સમજી ગયા કે જરૂર બીન ગુનેગારને આ કપટસીંહે કપટથી પકડયો છે. નહિ તો આમ નીચી ડોકથી ક્ષત્રિનો બાળક આવત નહિ. કદાચ ન્યાય માગશે તો સર્વેને ધર્મ સંકટ આવી પડશે. આમ કેટલાક વિચાર કરતા હતા એટલામાં કપટકળા બોલી સભાજનો ? જુઓ આ રાજદ્રોહી કે જે પોતાના કૃત્યોથી સભાને મુખ પણ બતાવી શકતો નથી. આવા રાજ્યદ્રોહીને શી શીક્ષા કરૂં! જો તેને ધગધગતા અગ્નીકુંડમાં નાંખી,

તેના પાપી ખોળીઆને ભસ્મીભુત કરવામાં આવે તો પણ થોડુજ છે. આમ હદ ઉપરાંત કપટકળાને બોલતી અટકાવી કનકસીંહે કહ્યું મારા સભાજનો ? તથા ન્યાયી અમલદારો તથા ભાયાતો હું આપને માત્ર એટલુંજ જણાવું છું કે હું પાપી છું કે નહિ તે હું તથા દીવાન તથા કપટકળાની દાસીઓ ને પ્રભુ સિવાય કોઇ જાણતું નથી હું મારી શી બીના છે તે કહેવા માંગતો નથી કારણ કે જે અમલદારો મારા પવિત્ર પીતાની હયાતીમાં પોતાના પિતાને પણ ગુનેહગાર ઠરાવી ગુનાની શીક્ષા કરતા હતા, તેજ અમલદારો આજે આમ આ સામે જણાતી કપટી કપટકળાના તેજમાં અંજાઇ પોતાના ન્યાયને પણ ત્યજી દેસે ? મ્હારી ખરી બીના હુ આપને જણાવું છું કે જ્યારે હું સવારમાં ઉઠયો તે વખતે આ ખબર પડવાથી મેં તપાસ કરીને ભાયાતોને બોલાવી હું તથા દીવાન બંને પિતાની ખોળ માટે ચાલ્યા ગયા હતા ત્યાં આ પાપી પુતળીનો ભેટો થયો ને તેણે જંગલમાં પડેલા પિતાના શબ ઉપર રથ ચલાવવા સત્યસીંહને કહ્યું પણ બીચારો ભલો સરદાર તેમ ન કરવા આનાકાની કરવા લાગ્યો; ત્યાં તેને પીસ્તોલથી ઠાર કર્યો ને હું ત્યાં જઈ ચઢયો તો આ કપટી કપટસીંહે ફાંસો નાખી પકડયો, આ સર્વે જે બન્યું તે મેં સત્ય કહ્યું. જો આપને મારા ઉપર વિશ્વાસ હોય તો તેની તપાસ કરશો.

આ સઘળું સાંભળી કપટકળા બોલી સાણસામાં સપડાયેલો સાપ છુટવાની બારી શોધી રહ્યો છે. પણ તેમાં કંઇ વળનાર નથી તારા કૃત્યનો બદલો જરૂર હું તને આપ્યા વિના રહેનાર નથી. જો કે તું મારો ભાઇ છે છતાં ન્યાયની રીતે તો રાજ્યનો ગુનેહગાર

હોવાથી તને મારે ન્યાયની રીતે શીક્ષા કરવી પડશે જો તેમ ન કરૂં તો પ્રજામાં અસંતોષ ફેલાય. તારાં એવાં એકે કૃત્ય નથી કે તને હું મુકત કરૂ, છતાં જો તું મારા વેમને દુર કરી શકતો હોય તો તને બીજી શિક્ષા ન કરતાં દેશનિકાલ કરી શકું. શું આ શબ્દો કનકસીંહ સાંખી શકે! તે બોલ્યો, ઓ પોતાના મનથી માની બેઠેલી રાજાધિરાજની પધ્વી પ્રાપ્ત કરનાર તારા શબ્દો બંધ કર? તારે જે કરવું હોય તે કર પણ મને હવે એક શબ્દ ન સંભળાવીશ સભામાં બેઠેલા બીજા ક્ષત્રીયોની આંખમાં પણ પાણી આવ્યું પણ સવે જોતાંજ. રહ્યા કનકસીંહે કપટકળાને કહ્યું ઓ અપમાની આગમાં સળગાવનારી સેતાન કાગડી મુજને કપટથી પકડી લાવી આમ ફુલાય છે જો તમે હીંમતથી પકડી લાવ્યા હોયતો મને છુટો કરો પછી બતાવું કે પાપી કોણ છે હું જાતેજ છુટો થવા શકિતમાન છું પણ રાજ્યગાદી સમક્ષ ઉભો છું મારા પાપ કે તારા પાપ હમણાંજ બતાવું ઇશ્વર જાણે છે. તારા પાપનો ઘડો ભરાયો છે ને તે હવે ફુટવાની તૈયારીમાં છે.

પાપ તારાં પુર્ણ થઇ. પળ મહી પ્રગટ થસે
તુજ રોફ ને આ ગર્વ સર્વે ધુળ માંહી મળી જશે
મુકત મુજને કર પછી જોઉ છું તમ શૌર્યને
કે કોણ બા'દુર છે ખરો કે કોણ લેછે વેરને

મને એક વખત મુકત કર પછી તારી જીભ લંબાવ એક સીંહને પીંજરામાં પુરી શીયાળવાં મલકાય છે તેથી શું કેસરી શરણ થશે, ના ના! ઓ પ્રેમી ન્પાખંડી પુતળાંઓ એક વખત કનકને છુટો કરીને પછી ખુની કોણ છે તે બતાવું કપટકળા આ સાંભળી બોલી

ખુની ખરો છે તુંજ કે, જંગલ મહી ફરતો ફરે.
બસ બોલતો થા બંધ નહિ તો મોત વીણ આજે મરે,
સાંખી રહી છું સર્વ આ. મુજ ભ્રાતૃ ભાવ આણી અરે.
નહી તો કરૂ પળ મહી પુરો ના વાર મુજને છે ખરે.

આ શબ્દો સાંભળી સર્વ સભાજનો વિસ્મય થયા પછી કપટકળાએ હુકમ કર્યો. કે સીપાઈઓ! એ ઉદ્ધતને તેની ઉધતાઇ માટે જીવતો બાળી મુકો.

બાળી મુકો એ જીવતો, બદલો ખરો આજે લઉં.
કૃત્યો કરે તે ભોગવે, ત્યાં દોષ કોને હું દઉં,

માટે સીપાઇઓ? ચલાવો સળગતાં ખોળીઆં લાવી આ પાપાત્માને બાળી મુકી વેરનો બદલો પુરો કરો હુકમ પ્રમાણે સીપાઇઓ ખોળીયાં લઇ ઉભા રહ્યા. ત્યાં કનકની સ્ત્રી સૌન્દર્યવંતી તથા કામલતા આવી પહોચ્યાં. ને બોલ્યાં. નણંદ? નણંદ! તમારા ભાઇના એવા કયા અપરાધની શીક્ષા થાય છે, પ્રથમ અમોને બાળો ને પછીથી તમારા ભાઇને ગમે તે કરો. એક રાજદરબારમાં વસતી ક્ષત્રાણીઓને આમ દરબારમાં આવેલી જોઇ ક્ષત્રીયોનાં મન ઉશ્કેરાયાં. પણ શું કરે? કપટસીંહ આ વખતે સૌન્દર્યવતીનું રૂપ જોઇ મોહાંધ બન્યો. ને તેને પોતાની જાળમાં ફસાવી પ્રેમ પાત્ર બનાવવા માટે વિચાર કરવા લાગ્યો, પણ કનક બચે તો તે કાર્ય થાવ એમ સમજી તેણે કરેલા હુકમ સામે વિરોધ બતાવ્યો ને કહ્યું, કે તેને છોડી મુકો.

હુકમ કરૂં છું આજ હું, બંધન થકી મુકતી કરો.
અમલ થશે ના તે તણો, તો મોત વીણ સર્વે મરો,

હોયે ભલે ગુન્હેગાર એ પણ રાજનો કુંવર ખરો,
બંધન થયો છે કેશરી, તમને ગણે એ વ્યંઢળો,

સીપાઇઓ ઝટ મુકત કરો, ત્યાં સીપાઇઓ મુક્ત કરવા જાય છે એટલે કપટકળા બોલી બસ કરો? નાહાનો? એ પાપીને મુક્ત કરતાં પહેલાં કાં તમે જીવનમુક્ત ન થાવ. સરદાર કપટસીંહ! આ કાર્યમાં કોઇ રાજપુત ઉંચી ડોક કરતું નથી ને તમે આમ ચાલેલા કાર્યમાં વિગ્રહ કરી તમો શું કરવા ધારો છો? તમો જાણો છો કે અત્યારે હું કોણ અને કયો હુકમ કરૂં છું? તે તમે સમજો છો! કપટસીંહે પણ સ્હામો તેવોજ જવાબ આપ્યો કે કુંવરી તમો પણ જાણો છો કે હું વિલાસનગરના સૈન્યનો સેનાધીપતી થઇ તેને જીવન બક્ષવા ઉભો છું હજુ સુધી રાજ્યમાં. આવી શીક્ષા કોઇને થઈ નથી માટે તમો તેને સ્હમજી મુક્ત કરશો તોજ સુખે રાજ્ય કરશો કપટકળાએ **વધુ તાણતાં તુટી જાય** એ સુત્રને આધારે તેણે કનકને છુટો કર્યો. કનક છુટો થયા પછી પોતાના દીવાન ચતુરસીંહને મળી બંડ ઉઠાવવા ધાર્યું પણ તેમ ન કરવા ચતુરસીંહે સ્હમજાવ્યો,

કપટસીંહે કનકને બોલાવી કહ્યું, કુમાર તમો ગુન્હેગાર ગણાયા હતા, છતાં તમને મુક્ત કર્યા માટે ગાદીનો હક ન મળતાં તમને સરદારની જગ્યા હું આપું છું તે સ્વીકારો ચતુરસીંહના સમજાવ્યાથી કનકે કબુલ કર્યું ને પોતે તેમના પેટમાં પેસી વેરનો બદલો લેવા વિચાર કર્યો તે વાંચકો આપણે જોઇએ કે સૌંદર્યવતીના સૌન્દર્ય બગીચામાં ભુલો પડેલો ભમર શું કરે છે તે તપાસીએ.

પ્રકરણ ૧૦ મું.

શીયળની કસોટી.

શીયળ તજે ના સાધ્વી મરતાં શીયળ રક્ષા કરે,
ઉપાય કંઇ નવ ચાલતાં, શીયળ તણા નામે મરે.

ગત પ્રકરણમાં જણાવ્યા પ્રમાણે કપટસીંહે કનકસીંહને સરદારની જગ્યા આપી હતી, તેને આજે કેટલોક વખત વ્યતીત થયો હતો. કનક તથા કપટકળા અને કપટસીંહ સર્વે એકમેકના વેરને ભુલી ગયાં હશે. તેમ ઉપરથી જણાતું હતું. પણ કનક ભુલી ગયો ન હતો. એક સમયે કપટસીંહે કનકસીંહને બોલાવી કહ્યું. સરદાર તમારી વીંટી મને આજે આપો જોઇએ. મારે તેમાંની એક વીંટી કરાવવા વિચાર છે. ભોળો રાજકુંમાર કપટસીંહના કપટને સમજી શકયો નહિ ને પોતાની ઉપર કરેલા ઉપકારના બદલામાં તેણે પોતાની વીંટી આપી. ચાર પાંચ દીવસ બાદ અંગુઠી પાછી આપી, તેને તપાસી પોતે પહેરી લીધી. કેટલાક દીવસ બાદ એક દીવસ કનકસીંહ પોતાની પ્રાણપ્યારી સાથે અગાસીમાં

બેસી વાર્તાલાપ કરતો હતો. સૌંદર્યવતીએ કહ્યું. પ્રાણનાથ ! આ સામે જણાતા મહાલયના સ્વામી તરીકે આપ પણ હતા. અત્યારે જે તમારો સરદાર હતો તે તમારો માલીક હોવાને દાવો ધરાવાનો તર્ક બાંધી બેઠો છે. પોતાની પ્રાણપ્યારીને આમ ઓછું લાગવાથી તેણે કહ્યું. હૃદયેશ્વરી ! શું તમોને તેથી દુઃખ થાય છે. પોતાના સ્વામીને ખોટું લાગ્યું હશે. એમ જાણી બોલી.

શીરછત્ર સ્વામી આપ છો, તો દુઃખ શાને નીપજે
અધર્મથી જો ચાલતાં, લવલેશ દુખ નવ ઉપજે
અધર્મનું સુખ દીન ચારનું, ચાંદણા સમ જાણવું
સતધર્મથી સુખ જો મળે, તે જીંદગી ભર માણવું

આજ બંને જણાં સુખ દુઃખની વાતો કરે છે ત્યાં સામેથી એક ઘોડેસ્વાર દોડતે ઘોડે પોતાના તરફ આવતો જણાયો કુંવરે તેને પોતાના તરફ આવતો જોઇ નીચે ઉતરવા માટે ઉભો થયો. ત્યાં નોકરે આવી એક કાગળ હાથમાં મુકયો. કાગળ વાંચવા લાગ્યો તેમાં કપટસીંહની સહી તથા કપટકળાની મહોર હતી.

પ્રિય સરદાર ! **કનકસીંહજી.**

આજ રોજ આ કાગળ વાંચી તમો રામપુરના કીલ્લા તરફ કુચ કરવા બે ત્રણ દિવસમાં લશ્કરની તૈયારી કરી ઉપડજો તમારા ખર્ચનો બંદોબસ્ત તીજોરીમાં કરેલો છે માટે જોઇતો ખર્ચ તથા માણસો લઈ બીજા હુકમની રાહ ન જોતાં રામપુર તરફ જવું.

એજ લી.

કપટસીંહ.

કાગળ વાચી કનકસીંહે વિચાર્યું કે જ્યા સુધી આપણે અહીં રહી આપણા વેરનો બદલો લેવો છે, ત્યાં સુધી આપણે આપણી નોકરીને અંગે જે કામ કહે તે કરવુંજ જોઇએ. એમ વિચાર કરી પોતાના સરદારને બોલાવી લશ્કર તૈયાર કરવા કહ્યું. લશ્કરનું બ્યુગલ વાગ્યું બ્યુગલ સાભળી સર્વ લશ્કર ભેગું થયું તેમને સૌ સૌના હથીઆર સજી રામપુર દુર્ગને ઘેરો ઘાલવાનું જણાવી વીદાય કર્યા. આ બાજુ કનકસીંહ પોતાના ખંડમાં જઇ લડાઇના હથીઆરો સજી તૈયાર થયો હતો. તેવામા તેની પાસે તેની સ્ત્રી આવી પોતાનીપ્રાણ પ્યારીને જોઇ કનક બોલ્યો, પ્રીયા ! આજ હું જાઉં છું. બે ચાર દિવસમાં પાછો આવીશ. જો કે તમોને હું શત્રુના સપાટામાં સોપીને જાઉં છું. છતાં મને સંપૂર્ણ વિશ્વાસ છે કે શત્રુ કોઇ રીતે પોતાના કાર્યમાં ફાવી શકશે નહિ. જો કે તમોને આ વહેમની નજરથી કહેતો નથી, પણ આજે મારૂં ડાબુ લોચન ફરકે છે ને મારા મનમાં ભાસ થાય છે, કે હજુ આપણા ઉપર દુઃખનું વાદળ ઘેરાયું છે. માટે સાવચેતીથી રહેજો. એમ કહી પોતે બહાર જવા માટે નીકળ્યો તો બહારની બાજુએ લશ્કર સર્વ જાતની તઇઆરીઓ કરી પોતાના સરદારની રાહ જોતું ઉભું હતું. એટલામાં કનકસીંહ બહાર આવ્યા તેમને સર્વેએ આવકાર આપ્યો પછી સૌન્દર્યવતી સર્વને આશીશ આપી વિદાયગીરી આપી. લશ્કર કુચ કરવા લાગ્યું પછી સૌન્દર્યવતી મહેલની અગાશી ઉપર ચઢી, ને લાંબી નજરથી જોવાય ત્યાં સુધી જોયા કર્યું, જ્યારે તે નજરથી બહાર થયું એટલે તે નીચે ઉતરી પોતાના દાગીના તથા વસ્ત્રો ઉતારી સતીને છાજે તેવાં વસ્ત્રો ધારણ કર્યાં દાસ દાસીઓ પોતાનું કામ કર્યે જતાં હતાં. આમ બે દિવસ

સુધી ચાલ્યું પેલી તરફ લશ્કર લઇ નીકળેલો કનક રામપુરના દુર્ગને ઘેરો ઘાલી પડયો. રામપુરના રાજા રામસીંહે જાણ્યું કે વિલાસનગરના કુમાર કનકસીંહની સરદારી નીચે દુર્ગને ઘેરો ઘાલ્યો છે, છતાં કંઈ જણાતું નથી. માટે પોતે પણ લશ્કરની તૈયારી કરવા માંડી.

વિલાસનગરમાંથી કનકને નીકળે આજે ત્રણ દિવસ થયા હતા તે અરસામાં કપટસીંહ ત્રીજા દિવસની બપોર પછી પોતાના મહેલથી નીકળી કનકસીંહના મહેલ તરફ જતો હતો તે શાને માટે જતો હશે એ કોઇ જાણતું ન હતું. કપટસીંહને મહેલ તરફ આવતો જોઇ દાસીઓએ સૌન્દર્યવતીને ખબર આપી કે કપટસીંહ: આ તરફ આવે છે એટલે સૌન્દર્યવતીએ જવાબ આપ્યો કે તેમને કહેજો કે ધણી સીવાયના સુના મકાનમાં આવવાનો હુકમ નથી. આ ખબર લઇ દાસી પોતાના પેરા ઉપર ગઇ એટલામાં કપટસીંહ ત્યાં આવ્યો તેને રોકી દાસીએ કહ્યું કે બાઈ સાહેબનો હુકમ છે કે ધણી વગરના સુના મકાનમાં પુરૂષને જવાનો અધીકાર નથી આ શબ્દો સાંભળી કપટસીંહને ગુસ્સો આવ્યો પણ કરે શું પોતાની ધારણા બર લાવવા માટે તેણે દાસીને અંગુઠી આપી કહ્યું કે જા તારી બા સાહેબને જણાવજે કે સરદાર કનકસીંહે મને મોકલ્યો છે ને તેની નીશાની તરીકે આ વીંટી આપેલી છે વીંટી લઈ સૌન્દર્યવતી પાસે આવી કહ્યું કે સ્વામીના મોકલેલા મહેમાનની પરોણાગત કરવીજ પડશે માટે દાસીને અંદર તેડી લાવવા હુકમ કર્યો હુકમ થતામાંજ દાસી કપટસીંહ જ્યાં સૌન્દર્યવતી બેઠી હતી ત્યાં લાવી. સૌન્દર્યવતીએ રાજને છાજે તેવા પ્રકારના સાહિત્યો તૈયાર કરી રાખ્યા હતાં પોતાના સ્વામી

મોકલેલા મહેમાનને ઓછું ન આવે તે માટે ખાસ કાળજી રાખતી હતી કપટસીંહને તેણે એક શીતળ જળનો પ્યાલો ભરી આપ્યો કપટસીંહે પોતાના મનથી માનેલી પ્રેમીકાના હાથનો પાણીનો પ્યાલો મળતાં પોતાને આનંદ માનવા લાગ્યો પછી સૌંદર્યવતીએ પોતાના હાથથી રજવાડાની રીત પ્રમાણે દારૂની પ્યાલી ભરી આપવા માંડી, કપટસીંહ આ વખતે વિનય દેખાડવા તેણે તેને પીવાની કહી પણ સૌંદર્યવતીએ જવાબ આપ્યો કે હું પીતી નથી પોતાનું અપમાન થયું જાણી ક્રોધ ચઢયો પણ જેના મુખના શબ્દો સાંભળી જે જેના રૂપ ઉપર અંધ બન્યો હતો તે શું કરી શકે તેનામાં કાંઇ કરવાની તાકાત ન રહી એટલો રૂપમાં અંધ બન્યો હતો.

પ્રેમ એવી ચીજ છે કે, પાપ પંથે લઇ જતી
જે પ્રેમમાં અંધ બન્યા; જુઓ દશા તેની થતી
ઘરબાર ને ગરદન બધું બહુ પ્રેમમાં અપાય છે
પુરૂષ મટી કુતરા સમા, અહીંતહીં બહુ અથડાય છે.

જ્યારે સૌંદર્યવતીએ પ્યાલી પીવાની ના કહી એટલે પોતે જેમ તે આપતી જતી તેમ તેણે ખુબ પીવા માંડી તે એટલા સુધી પીવા લાગ્યો કે પોતે ક્યાં છે તેનું ભાન રહ્યું નહી તેની આંખ કામવિકાર વાળી જણાવા લાગી એટલે દાસીને બોલાવી તેને બાજુના ખંડમાં સુવાડવા માટે કહ્યું દાસીએ બાજુના ખંડમાં સુવાડયો આ વખતે સાંજ પડવા આવી હતી સૌ સૌને ઠેકાણે ગયા. રાતના બારનો સમય થવા આવ્યો એટલે કપટસીંહનો નીસો ઓછો થયો એટલે તે જાગ્યો ને તે પોતાના મનથી માનેલી પ્રેમીકાને મળી પોતાની ઇચ્છા પુર્ણ કરવા માટે સૌંદર્યવતીના ખંડ તરફ ગયો ત્યાં તેણે

જઇને તપાસ કરી તો સૌંદર્યવતી અત્યારે ધાઢ નિદ્રામાં પડી હતી તેના ખંડમાં કામાગ્નીથી બળતો કપટસીંહ તે જે પલંગ પર સુતી હતી ત્યાં ગયો. જે અત્યારે પોતાના સ્વામીનાં સ્વપ્નમાં દર્શન કરી રહી હતી તેને જગાડવા કપટસીંહે કહ્યું પ્રાણ પ્રીય ! આ શબ્દ સાંભળી સૌંદર્યવતી પોતાના વ્હાલા કનક હશે જાણી બોલી કોણ વ્હાલા કનક ? અત્યારે ક્યાંથી ! આમ બોલી ઉઠી ઉભી થઈ તો સ્હામે પોતાની દુષ્ટ વાંચ્છના તૃપ્ત કરવા આવેલો કપટસીંહ જણાયો આથી તે બે બાકળી બની ગભરાતી આમ તેમ નાસવા લાગી તેને નાસતી જોઈ બોલ્યો રાજદુલારી હું તમોને ખરા અંતઃકરણથી ચાહું છું માટે આ પ્રેમી ચાતકને ન તલસાવો તમારા યોવન બગીચાની બહાર ચખાડો કહી પકડવા દોડયો.

ગુલાબ સમ સુંદર બદન, યોવન બગીચો ખીલતો
ભોગી ભ્રમર હરદમ રહી, પ્રેમ રસને ઝીલતો,
માળી ગણી એ બાગનો, સ્થાપો હ્રદય મંદીર તમે
ના ત્યાગતાં એ માળીને, છો બાગમાં ભ્રમર ભમે

આમ બોલતો તે સૌંદર્યવતીને પકડવા ધસ્યો એટલે હીંમતથી સૌંદર્યવતી બોલી,

એ નીચ કામી કુતરા, ના ડગ પણ આગળ ભરીશ.
નારી સતી સંતાપતાં, વીણ મોતથી તું તો મરીશ
દેખી સુવર્ણ પાત્રને મલકાતો ફરતો ખલકમાં
એ પાત્રમાં જમશે કનક, તુજ પ્રાણ જાશે પલકમાં

આમ બોલી તેણે કપટસીંહને લાત મારી, તેથી ગબડી પડયો. પણ તરતજ ઉઠયો ને ભુખ્યા વાઘની માફક સતીની પાછળ પડયો.

બહુ બહુ તને હું વીનવું છતાં જરી ના માનતી
છંછેડી તું આ સીંહને જો સ્વાદ શું તું ચાખતી
છે કોઈ ના તારૂં અહીં વળી કોણ વારજ જો કરે
આધીન થા તું માયરે નહી તો જરૂર આજે મરે

સૌંદર્યવતીએ તેવોજ જવાબ આપ્યો;

શું મોતનો ડર તું મને દેખાડતો એ બાયલા
ડરતી નથી તારા થકી ડરતા ફરે એ બાયલા
સાયક નથી મારૂ અહીં તો કોણ છે તારૂં વરી
જેનું નથી કોઇએ તહા કીરતાર છે તે જો જરી

માટે એ મનમાં મલકાતા માંકડા તારા ચાળા તજી ને સીધો જીવવાની આશા રાખતો હોય તો ઘરનો રસ્તો ઝાલ નાહક શા માટે મોતને હાથે કરી બોલાવે છે તારાથી કશુ વળનાર નથી, જો! જો! આ સતી તારા જેવાને ઠોકરે મારી ચાલી જાય છે કહી પોતે બહાર જવા માટે દોડે છે. પણ પાપી પીસ્તોલ લઇ સ્હામે આવી ઉભો રહ્યો ને બોલ્યો.

ચઢાવી ક્રોધ તું મુજને સુખે શું અહીંથી જાવાની
જરૂર આજે દીસે મુજને કે પીસ્તોલ બાર ખાવાની
સીધી રીતે જઇશ માની તો સુખો સ્વર્ગનાં આપું
બનાવી રાજ્યની રાણી હ્રદય મંદીરમાં સ્થાપું

કહી તેને પકડવા દોડયો. પણ સૌંદર્યવતી બોલી જા! જા! તારા જેવા બાયલાની રાણી થવાને હું લાયક છું? એ તો કેસરી કનકની

રાણી થઇ તારા જેવાને ભુ પીતા કરવા આ સતી તૈયાર છે જો તને અહીં રખડતો મુકી આ સતી વહી જાય છે.

જો પીસ્તોલના આ બારથી પ્રાણ તારા જાય છે.
સંતાપતાં આ સતી નારને શા હાલ તારા થાય છે
મુકી તને અહીં રખડતો નારી સતી વહી જાય છે
તુજ સરખા અંધ કામી પીસ્તોલ આમજ ખાય છે

આમ બોલતાં તેણે પીસ્તોલનો બાર કર્યો ગોળી કપટસીંહના ખભા ઉપર લાગી કપટસીંહ તમર ખાઇ નીચે પડયો. આ સમયનો લાભ લઇ સૌંદર્યવતી ચાલી નીકળી તે જંગલમાં ગઇ તો આપણે પણ ચાલો ને આ બીના કનકને જણાવીએ કે માઠા સમાચાર રામપુરમાં પહોંચતાં શું થાય છે તે જોઇએ.

પ્રકરણ ૧૧ મું.

માઠા સમાચાર.

દુનિયા તણો એ કાયદો કે દુઃખ પર દુઃખો પડે
પણ ના તજે જો સત્ય તો ના દુખ લેશ આવી નડે

પ્રિય વાંચક કપટસીંહને ગોળી મારી સૌંદર્યવતી ચાલી નીકળી ને કપટસીંહ ત્યાં પડી રહ્યો આ ધમાલ થયાની ખબર મહેલમાં કામ કરતાં માણસોને પડી કપટસીંહને વાગેલી ગોળીમાંથી રૂધીરની ધારા વ્રહેતી હતી તેથી આખી બીછાવેલી શેત્રંજી લોહીથી ખરડાઈ હતી; એક નોકરે આવી તપાસ કરી તો કપટસીંહને પડેલો જોયો ને સૌંદર્યવતીનો પતો લાગ્યો નહી આથી તેણે કેટલાક માણસોને જંગલમાં દોડાવ્યા ને એક માણસને રત્નપુર ખબર કરવા મોકલ્યો ને પોતે રામપુર જવા માટે નીકળ્યો આ તરફ રામપુરમાં કનકસીંહ લશ્કરને કવાયત કરાવતો હતો; ત્યાં છેટેથી ઘોડેસ્વારને કાળા પોશાકમાં આવતો જોયો તે પોતાના તરફ આવતો હતો એટલે કવાયત બંધ રાખી ને આવનાર ઘોડેસ્વારની રાહ જોવા લાગ્યો કનકે વિચાર્યું કે જરૂર પાછું રાજ્યમાં કંઇ તોફાન જાગ્યું હશે માટેજ આ ઘોડેસ્વાર દોડતો આવતો હશે. એટલામાં ઘોડેસ્વાર

ત્યાં આવી ઉભો રહ્યો. તેને જોતાંજ કનકસીંહના પેટમાં ફાળ પડી કારણ કે પોતાના મહેલ પર પેરો ભરતો સીપાઇ આમ અચાનક આવ્યો તેથી પોતાનો વેમ મજબુત થયો અને આતુરતાથી પુછ્યું કેમ જયમલ આમ અચાનક આવવું પડયું શું કંઇ અનીષ્ટ તો નથી. જે હોય તે સત્વર કહે પણ બીચારા સીપાઇની જીભ કેમે ઉપડતી ન હતી છતાં મહા જુલમથી તે બોલ્યો સરદાર ? ક...... ......પટ સીં.........હ...હ...નું કાવત્રું પાપીએ મહેલમાં પ્રવેશી કંઇ તોફાન ઉઠાવ્યું જણાય છે તે પાપી ત્યાં પડયો છે તેના ખભામાંથી લોહીની ધારા વહે છે, ને રાજમાતા તુલ્ય અમારા સૌંદર્યવતીજીનો પત્તો નથી આ છેલ્લા શબ્દો સાંભળી કનકસીંહ ક્રોધે ભરાયો ને કપટસીંહના વેરનો બદલો લેવા નિશ્ચય કર્યો મેં માતાની તપાસ માટે માણુસો મોકલ્યા છે ને રત્નગઢ પણ ખબર મોકલી, અહીં આપને જણાવવા આવ્યો છું.

આ બાજુ કનકને સમાચાર મળ્યા ત્યારે બીજી બાજુ જે માણસ રત્નપુર જવા નીકળ્યો હતો તે રત્નપુરના દરબારમાં દરબારના વખતે હાજર થયો. વિલાસનગરનો સિપાઇ આવ્યો છે ને કંઇ સંદેશ કહેવા માટે ઉભો હશે એમ ધારી રાજાએ પુછ્યું કેમ સરદાર ? શું ખબર છે. અમારી પુત્રી તથા સર્વે સારાં છે ને ? હજુ રત્નસીંહને કોઈ જાતની ખબર નથી. જાણી સરદાર વિચારમાં પડયો તેને વિચારમાં પડેલો જોઇ રાજાએ કહ્યું કેમ બોલતા નથી શું કંઇ વિપરીત સમાચાર લઇ આવ્યા છો સરદાર બોલ્યો રાજન શું બોલું બોલતાં મારી જીભ ઉપડતી નથી પણ તમે અજાણ છો એટલે મારે જણાવવું જોઇએ તે ટુંકમાં જણાવું છું કે રાજા અશોક

તથા રાણીનું કોઇએ ખુન કર્યું છે તેનો આરોપ કનકસીંહ પર હતો પણ તે ખોટો નીવડયો છે ને તે સરદારની જગ્યાએ કપટકળા તથા કપટસીંહના કાવત્રાના ભોગ થઈ રહ્યા છે તેમને રામદુર્ગ ઉપર ઘેરો ઘાલવા મોકલ્યા છે અહીં પાપીઓના ત્રાસથી અમારા માતા તુલ્ય સૌંદર્યવતી અહીંથી નાસી છુટયાં છે. આ સાંભળી સર્વ સભાજનો વિસ્મય થયા આટલું મોટું ભયંકર કાર્ય કરનાર એક પાપીણીને શું તે સમજી ન શકયા શું મારી પુત્રી ત્યાં નથી. રાજા આમ બોલે છે ત્યાં કેશરીસીંહ બોલ્યો. પિતાજી હું અત્યારેજ જાઉં છું ને તે પાપી પુતળાંને તેની શીક્ષા કરૂં છું.

અધર્મી કોણ મુઓ છે. ભગીની માયરી ત્રાસે;
કરી પળ મહીં પુરો. કરૂં શત્રુ તણો નાસે.
ભગીની કયાં હશે ભમતી, ઉજડ વેરાન કે રણમાં;
અરેરે ! એકલી એતો, પડે કંઇ મોતના મુખમાં,

કહી તેણે પિતાજીની રજા લઇ કેટલાક માણસો સાથે નીકળી પડયો. તે જંગલમાં સ્થળે સ્થળ ને પર્વતે પર્વત ખોળવા લાગ્યો પણ તેને કંઇ પત્તો લાગ્યો નહી તેથી તે વિલાસનગરમાં આવ્યો ને રત્નપુરથી કેશરીસીંહ આવ્યાના સમાચાર જણાવી પોતે દરબારમાં ગયો. આ વખતે વિલાસનગરમા કપટકળાની પુર્ણ સત્તા ચાલતી હતી. કપટસીંહ કેશરીસીંહને જોઇ બોલ્યો. કેમ કુંવર આવો અહીં બેસો કેશરીસીંહ ક્રોધથી બોલ્યો. શું એક રાજકુમાર તમારા જેવા ગુલામી કરી ખાનાર ગુલામ પાસે બેસી પોતાનું માન ગુમાવશે ! તમે મને જણાવો કે કનકસીંહ તથા મારી ભગીની કયાં છે. જે હોય તે સાફ જણાવો.

મચાવી જંગ તમે સર્વે રહ્યા છો શું અહીં માલી.
જણાવો સત્વરે મુજને જવા દઈ બાના સૌ ખાલી
તમારા પાપ કર્મોની ખબર અમને પડી આજે
અરે ઓ ક્ષત્રી કુળ નાશક નથી શું આવતી લાજે

બોલો ! બોલો ! સરદાર કપટસીંહ શું વિચાર કરો છો હજુ કંઈ કપટ કરવાનું હોય તે કરો કપટસીંહ આ વખતે કેશરીસીંહને પકડે. પણ તેમ કરતાં પહેલાં હજારો માણસોના જાન ફક્ત કેશરી સીંહ એકજ પળમાં હણે તેવો હતો. કપટ તેને બરાબર ઓળખતો હતો. નેથીજ તે સાંભળી રહ્યો હતો પણ જવાબ આપ્યા સીવાય ચાલે તેમ ન હતું એટલે કપટસીંહે કહ્યું તમારા બેન કોણ જાણે કયાં ચાલ્યા ગયા છે તેની અમોને ખબર નથી ને કનકસીંહ રામદુર્ગની સ્વારી પર છે આ સાંભળી વધુ વખત ઉભા રહેવાથી જોખમમાં આવી પડશે. એમ સમજી કેશરીસીંહ ચાલ્યો ગયો.

આ તરફ આપણે ઘણો વખત થયાં બહારદુરસીંહના ગુમ થવાના સમાચાર તેમના પિતાને જણાવ્યા નથી માટે જણાવીએ બહાદુરસીંહ નાસી ગયા ત્યારપછી થોડાક દીવસ વીત્યા બાદ રૂપવતીએ પોતાના દાદા ઉપર કાગળ લખ્યો હતો પણ નાંખવાનો રહી જવાથી તેણે બે દીવસ અગાઉ કાગળ ટપાલમાં રવાના કર્યો તે કાગળ આજે અમરગઢના રાજા અમરસીંહ પોતાનો દરબાર ભરી બેઠા હતા ત્યાં આવ્યો કાગળ સભામાં ફોડયો અને વાંચવા માંડયો પણ મથાળું જોતાંજ રાજા વિસ્મય થયા ને જેમ તેમ કરી કાગળ વાંચી ગયા કાગળ પુરો થયો એટલે રાજાની આંખમાંથી ચોધાર આંસુની ધારા ચાલવા

લાગી આ જોઇ સર્વ વિસ્મય થયા ને શું છે તે જાણવા દીવાનને પુછવા લાગ્યા દિવાને આવેલો કાગળ સર્વેને વાંચી સંભળાવવા લઈ વાંચવા માંડયો.

અમરગઢ ભેદી કાગળ.

જોગ વિલાસનગરથી લી૦ આપની પુત્રી રૂપવતી

વિ. જણાવવાનું કે અહીંઆં થોડા દીવસમાં ઘણોજ ફેરફાર થયો છે મારા પિતા અને આપના પુત્ર બહાદુરસીંહનો પતો નથી મારા દાદા તથા દાદી અશોકસીંહજી તથા સૌભાગ્યવતી તેમનું કોઈએ ખુન કર્યું છે ને માતાની ઉપર સંકટો ઉપરા ઉપરી પડવા માંડયાં છે તે હાલ અહીં નથી.

એક લી૦

તમારી પુત્રી રૂપવતી,

આ શોકમય સમાચાર સાંભળી સર્વના મન ઉપર શોકની છાયા પ્રસરવા લાગી દિવાને પોતાના સરદાર કંટકસીંહને ત્યાં તપાસ કરવા માટે માણસો સાથે મોકલવા ઠરાવ કર્યો કંટક માણસો સાથે વિલાસનગરમાં આવ્યો ને સીધો ખબર આપ્યા સિવાય દરબાર ગઢમાં જઇ ઉભો. આમ કંટકને ખબર આપ્યા સિવાય આવેલો જોઇ કપટસીંહ કહેવા લાગ્યો કેમ કપટસીંહ કંઇ :તમો મર્યાદાનો લોપ કરતાં જરાપણ અચકાતા નથી. આ સાંભળી કંટક બોલ્યો કે સરદાર! રાજા વગરના રાજ્યમાં કોને ખબર આપવી એ હું જાણુતો નહી હોવાથી આમ સીધો ચાલ્યો આવ્યો છું શું તમો મુખત્યાર છે

કે તમોને ખબર આપું તમો મારા જેવા સરદાર તેમને મારે શી ખબર આપવી એટલામાં કપટકળા આવી કંટકને જોઈ તે બોલી કેમ કપટસીંહ અચાનક શું અમારા સાસુ સસરાના માઠા સમાચાર લાવ્યા છો તેઓ ખુશીમાં તો છે ને? અરે ઓ? સાસુ સસરાની ખબર જાણ્યા સીવાય મને જણાવો કે અમારા કુમાર બહાદુરસીંહ કયાં છે શું તે મહેલ પર છે.

કયાં છે તમારા કંથ એ મમ રાજના માલીક ખરા
મુજને જણાવો સત્વરે છે માયરે મળવું જરા
છે ગુપ્ત સંદેશ આપવો માટે ઉભો દરબારમાં
આવ્યા જણાતા છે નહી શું હાલ છે ઘરબારમાં

આ સાંભળી કપટકળા બોલી.

ઘરબાર કે શમશાનમાં, પોકયા હશે તમે રાજ એ
મુકી રખડતી એકલી, સીધાવ્યા તકતો તાજ તે
શોધી વળી વન વન સ્થળે, પણ ના ખબરને મુજને મળી
છું શોક માંહે ડુબતી ના અન્ન લેતી હું જરી

કંટકસીંહજી તમારા કુમાર ગયા પણ ખબર કોઇને કહી નથી અમો તપાસ કરાવી થાકયાં. હવે તમો તપાસ કરો આવા બીન કાળજીના જવાબો સાંભળી કંટક ક્રોધે ભરાયો ને બોલ્યો જેને પોતાના સ્વામીની લાગણી હોય તે આમ શું મોજશોખ માણે તમો સાચું જણાવો જો જણાવવા ઇચ્છા ન હોય તો હું જાતેજ જાણી લઉં કંટક આટલું બોલતો હતો કપટસીંહ એક શબ્દ બોલતો ન હતો, કારણકે કપટથી કંઇ કંટક ઉતરે તેવો ન હતો.

ખરેખર વાક્ય તમ આ છે જણાવા લાગણી અમને
ભોગવો વૈભવો તમ આ નથી ઉર લાગણી તમને
મુકીને સર્વ કાવત્રાં જણાવો વાત જે સાચી;
ખરેખર વાત કહો મુજને કહું છું હું હવે યાચી.

તમો જણાવો નહિ તો મારે જાણવા કોશીષ કરવી પડશે. એમ કહી તે બહાર જવા લાગ્યો તે ચાલ્યો ગયો. પછી કપટકળાએ કપટસીંહને જણાવ્યું કે આપણે હવે બહુ કાળજી રાખવાની છે. કહી દરબાર વિસર્જન કર્યો. તો આપણે આમને અહીં રહેવા દઇ આગળ તપાસીએ કે શું થાય છે.

પ્રકરણ ૧૨ મું.

પાપીઓની પ્રપંચજાળ

પાપી પ્રપંચી જાળમાં ફાવે નહિ એ કાયદો-
ઉલટો ફસાયે જાતથી કુદરત કરે ના વાયદો.

કપટકળાએ પોતાના પ્રેમી કપટસીંહને તથા દીવાન ચતુરસીંહના બે બાળકોને અત્યારે પોતાના ખંડમા બોલાવ્યા હતા. તે શા માટે બોલાવ્યા હશે, તે વાંચક તારાથી અજાણ હશે માટે શાન્ત થા ને મહેલાં કપટકળાની વાત જાણી લે કપટકળાને જે પુત્રી હતી તેની ઉમર અત્યારે અઢાર વર્ષની હતી, તેની આટલી ઉમર થયાં છતાં માતાના કોઈ કાર્યમાં આડે આવતી નહિ તેમજ ભાગ પણ લેતી નહિ આજે માતાના ખંડમા જે દીવાનના છોકરા ચંદ્રરાયને તે ચાહતી હતી તે અને તેમનો નાનો ભાઇ પ્રેમરાય શા માટે આવ્યા હશે તે જાણુવા અધીરી થઇ હતી, પોતાનો પ્રેમ દીવાનના પુત્ર ઉપર છે તે પોતાની માતાથી અજાણ ન હતું છતાં કપટકળા આંખ આડા-કાન કરી બોલતી નહિ હવે આ અહીં સર્વે શા માટે ટોળે વળ્યાં છે તે તપાસીએ કપટકળાએ દીવાનના પુત્રોને બોલાવી કહ્યું ચંદ

રાય તમો અમોને અમારા કાર્યમાં મદદ કરશો તો હું તમને તેનો યોગ્ય બદલો આપીશ. પોતાના પ્રેમીને શું કહે છે તે સાંભળવા રૂપવતી પોતાના દીવાનખાનાની ભીંતે કાન માંડી બેઠી.

કપટકળાએ કપટસીંહને કહ્યું કપટસીંહ ? જુઓ કે આપણા ઉપર દુખનાં વાદળ ચોતરફથી ઘેરાયાં છે, તે કોણ જાણે કયારે તુટી પડશે. તે સ્હમજાતું નથી ને એ વાદળાં તુટી પડયાં તો આપણે બચવાં મુશ્કેલ છીએ. માટે આપણે કોઇ રસ્તો કરી રાખવો જોઇએ કહો તમે કયો રસ્તો ગોઠવી રાખ્યો છે ? મારા મનમાં એક ઉપાય રમી રહ્યો છે તે એજ કે આપણે કનકના આવવાના દરવાજા પાસેના ખંડમાં દારૂગોળો ભરી રાખીએ ને કનક આવે તેવો તે ફોડવામાં આવે તો આપણા માર્ગનો કંટક વિના મહેનતે દુર થાય કેમ ? આ યુક્તિ તમોને ઠીક લાગે છે કે નહિ અને આપણા આ કાર્યમાં દીવાન પુત્ર ચંદ્રરાય અને તેમના ભાઇ તન મનથી મદદ કરવા ખુશી છે કપટસીંહને આ વત ઠીક લાગવાથી તે પ્રમાણે કરવા માટે કહ્યું આમ આ સર્વેની વાત ચાલતી હતી તે સર્વેળું રૂપવંતી સાંભળતી હતી એટલામાં પોતાના ખંડમાં પોતાની મામી કામલતા પોતાના તરફ આવતાં જોઇ તેમને ચુપ કીથી આવવા ઈશારો કર્યો પછી બંને વાત કરવા લાગ્યાં રૂપવંતીએ પોતાની માતાએ કરેલી સઘળી વાત કામલતાને જણાવી. કામલતા અને રૂપવંતી બંનેનો અનહદ પ્રેમ હોવાથી રૂપવંતી સઘળો ખર્ચ આપાવતી હતી. પણ કામલતા કોઇ વખત પોતાના-સ્વામીનું અહીત ચહાતી નહી કામલતાના ગયા પછી રૂપવંતી વિચારમાં પડી કે હે વિભુ ! શું પાપી માણસ પોતે પાપકર્મ કરતાં પાછળનો પણ વિચાર

કરતું નહિ હોય ! શું તે એમજ સમજતું હશે; કે આપણાં પાપ કર્મ કોઇ જાણતું નથી. અરેરે ? મારી માતાને આ મતી કયાંથી સુજી કે પોતાના હાથે પોતાના કુળનું નીકંદન કાઢવા માટે તૈયાર થઇ. હજુ એક ભાઇ છે કે પણ તેની આંખમાં ખુંચી રહ્યો છે, તેને સંહારવા નવીન જાળ બીછાવવા માંડી. પણ હવે મારે મારા મામાને કોઇ રીતે જણાવવું જોઇએ એમ વીચાર કરી તે પોતાના મામાને ખબર આપવા જવા માટે નીકળતી હતી; તેવામાં પોતાનો પ્રેમી ત્યાં આવ્યો. તેથી તે એક ખુરસી પર બેઠી. ચંદ્રરાય પણ પાસે પડેલી ખુરશી પર બેઠો. પણ આજે રૂપવંતી જરા પણ બોલી નહીં તેથી ચંદ્રરાયે વિચાર્યું કે અમારી વાત આ જાણતી હોવી જોઇએ માટે આમ રીસ ચઢાવી બેઠી હશે, એમ વિચારી ત્હેને બોલાવા માટે પોતે ઉઠી ચાલવા માંડયું તેને જતો જોઇ રૂપવંતીએ કહ્યું કોણ ચંદ્રરાય ! કયાં ચાલ્યા શું આજ તમોને જરા ચેન પડતું નહિ હોય કેમ વારૂં ! કારણ કે તમો તો હવે મારી માતાના માનીતા થયા જરા બેસો મારે તમને કાંઇ વાત કહેવાની છે એટલે ચંદ્રરાય બેઠા પછી રૂપવંતીએ કહ્યું કેમ ચંદ્રરાય ! આજે શાના વિચારો કરતા હતા શું તમો પણ આવા પાપ કર્મમાં જોડાવા માગો છો તમારા પીતા જ્યારે જાણશે ત્યારે શું કરશે તેનો વિચાર કર્યો છે. એટલામાં કપટકળા ત્યાં થઇ જતી હતી તેણે રૂપવંતીના ખંડ તરફ નજર કરી, તો પ્રેમી જોડાને વાર્તાલાપ કરતાં જોઇ ચાલી નીકળી આ પ્રેમી જોડાં પ્રેમ સાગરમાં નાહી રહ્યા બાદ વિખુટા પડયાં પછી રૂપવંતીએ કટાર તમંચો તથા કાળો બુરખો લઇ રાજમહેલની બહાર જવા નીકળી પણ પાછા આવી કંઇ ટેબલ પર પડેલા

કાગળના ટુકડામાં લખ્યું, ને પછી ચાલતી થઇ. પોતાના ઘોડાને પુર જોસથી દોડાવી તે રાતના બાર વાગતાં કનકસીંહની છાવણી નજીક આવી પહોંચી. પહેરગીરીઓ તેને રોકી જણાવ્યું કે તમો કોણ છો ને શા માટે આટલી રાત્રે છાવણી નજીક આવી ફેરા મારો છો એટલે રૂપવતી જે પુરૂષના વેષમાં હતી તેણે જણાવ્યું કે એક અગત્યના કામ માટે મારે તમારા સરદારને મળવું છે માટે તમો તેમને બોલાવો અગર ખબર આપો કે કોઇ જાસુસ ગુપ્ત વાત કરવા માગે છે. આ સાંભળી સીપાઈ ચાલતો થયો. જે તંબુમાં કનકસીંહ સુતા હતા ત્યાં આવ્યો. હવે સરદારને જગાડવા કેવી રીતે તેનો વિચાર કરવા લાગ્યો. પછી તેણે એક યુક્તિ પોતાના સરદારને જગાડવા કરી. તેણે પોતાની બંદુકનો અવાજ કર્યો. બંદુકનો અવાજ પોતાની નજીકમાં થયો તેથી કનકસીંહ જાગી ઉઠયો તેણે પોતાના સીપાઇને જોઇ તેને પુછ્યું સીપાઇએ જણાવ્યું સરદાર ! ગુન્હો માફ કરશો. આપને કાઇ જાસુસ ગુપ્ત વાત અત્યારેજ કરવા માગતો હોવાથી આપને જગાડવા આ યુક્તિ કરવી પડી. કનક આ ચાલાકી જોઇ ખુશ થયો. ને આવેલા જાસુસને બોલાવી લાવવા કહ્યું એટલે સીપાઇ જઇ તેડી લાવ્યો. બંદુકનો અવાજ સાંભળી ચતુરસીંહ પણ ત્યાં આવી પહોંચ્યા હતા. પુરૂષના વેષમાં આવેલા જાસુસની ઉમર નાની હોવા છતાં આટલી બહાદુરીનું કામ કરવા હીંમત ધરી હોવાથી કનકસીંહે પુછ્યું ભલા જાસુસ અત્યારે તમે શા અગત્યના કામે આવ્યા છો તે જણાવશો.

જાસુસ રૂપે આવેલી રૂપવતીએ જણાવ્યું ભલા સરદાર ! અમારા ઉપર દુઃખનાં વાદળાં ઉપરા ઉપરી તુટી પડવા છતાં તમે

નીમકહલાલીથી નોકરી બજાવો છો. આપની આ નીમકહલાલીને ધન્ય છે કે પોતાના ઘર ઉપર આફ્રત આવી તેની ખબર જાણ્યા છતાં આમ બેસી રહ્યા હાલમાં તમારા ઉપર એક બીજું વાદળ પણ ઘેરાયું છે ને તેની ખબર આપવા હું આવ્યો છું તે ખબર એ છે કે તમારા દુશ્મનોએ તમારા નાશના માટે દરવાજા નજીકના ખંડમાં દારૂગોળો ભરી રાખી તમો પછા શહેરમાં આવતાંજ તમારો નાશ કરવાની ગોઠવણ કરી છે તેમાં આ ભલા દીવાનના પુત્રો પણ સામેલ છે તમો જો કે શહેરની પાછળના દરવાજેથી દાખલ થઇ શહેરમાં પ્રવેશશો તો જરૂર તે સઘળાં તમારા પંજામાં સપડાઇ જશે. બાળકના મુખથી પોતાના પુત્રોનું નામ સાંભળી દીવાનના ક્રોધનો પાર રહ્યો નહી. હે વિભુ! જ્યારે હું મારી કીર્તી માટે આટલાં સંકટો સહન કરૂં છું ત્યારે મારા પુત્રો પાપ પગલાં ભરી મારી કીર્તીને કલંકીત કરવા ધારે છે, ઠીક છે પાપાત્મા પુત્રો તમારા પાપકર્મોનો થોડો વખત બાકી રહ્યો છે એમ કહી તેમણે જાસુસને કહ્યું. ભલા બાળક અત્યારે તારા કામના બદલામાં તને આપવો યોગ્ય અમારી પાસે કંઇ છે નહી પણ અમારી વખત આવે ત્યારે તું જે માગીશ તે અમો આપવા વચનથી બંધાઇએ છીએ, પછી જાસુસે જણાવ્યું કે તમો આવો ત્યારે શહેરના પાછળના દરવાજેથી ઉઘાડવાની કોશીશ કરી રાખીશ માટે તમો તે વાતથી નિર્ભય રહેશો. કહી તે ત્યાંથી નીકળી પડયો.

આ તરફ કપટકળાએ ઠરાવ પ્રમાણે સર્વ દારૂગોળો ભરી તૈયાર રાખ્યો ને ત્યાં બે માણસોનો પહેરો રાખ્યો પછી પોતે

મહેલમાં ગઇ એટલામાં કપટસીંહ આવ્યો કપટસીંહે જણાવ્યું કે શહેરની ચારે બાજુના દરવાજા બંધ કરી ઠેર ઠેર પેરાઓ મુકી કોઇ રસ્તેથી દાખલ ન થવાય તેવો બંદોબસ્ત કરી આવ્યો છું એમ કહી પોતે કપટકળાને પુછવા લાગ્યો કે તમારા કાર્યમાં ચંદ્રરાયને પરોવ્યા છે તે ફુટી ન જાય તે માટે ખાસ ચેતવણી રાખજો. હવે આપણે બહુ સંભાળથી રહેવાનું છે કપટકળાએ જણાવ્યું કપટસીંહ. ચંદ્રરાય મારી પુત્રીના પ્રેમમાં જોડાયો છે એટલે તેની ફીકર નથી તેમ છતાં તેને મેં મોટી લાલચ આપી સમજાવ્યો છે દારૂગોળો સર્વ ભરી તઇયાર રાખ્યું છે કહી વિદાય થયાં.

પ્રકરણ ૧૩ મું.

સૌંદર્યવતી સંકટમાં

દુખો પડે શીર પર ઘણાં, પણ ટેકને ના જે તજે
આખર તરે છે સત્ય તે, જે સત્યને હરદમ ભજે

પ્રિય વાંચક તને યાદ હશે કે કપટસીંહને પીસ્તોલ મારી સૌંદર્યવતી નાશી છુટી હતી, તે રાત્રે અથડાતી કુટાતી ઘોર અરણ્યમાં. આવી ચઢી આ વખતે સવાર થવાને થોડી વાર હતી તે એક ઝાડની ઓથે શ્રમીત થવાથી થાકીને બેઠી. પોતાના પર પડેલી આપત્તીઓના વિચાર કરતી વિધિને દોષ દેતી સૌંદર્યવતી ધાઢ નિસાસા નાખવા લાગી અરે દૈવ? તારી ગતી ગહન છે શું હું મારા નાથને નહીં મળું જરૂર હું તેમને મળીશ પણ જ્યારે તે આ વાત જાણશે ત્યારે કેટલા બધા વ્યાકુળ થશે આમ વિચાર કરતી હતી તેટલામાં પ્રભાતના ખુશનુમા કીરણોએ જંગલના રસ્તાઓ સાફ દેખાવા પ્રકાશ ફેંકવા માંડયો સૌંદર્યવતીએ ઉભા થઇ ચાલવા માંડયું તે થોડુંક ચાલી હશે એટલામાં સામે તળાવ જણાયું. ને તેની નજીક એક પર્ણકુટી

જણાઇ તે તળાવ તરફ ગઇને ત્યાં જઈ દાતણ તથા નાવણુ કરી પોતાનું ષટકર્મ કરવા બેઠી સર્વ કામથી પરવારી તેણે પર્ણકુટી તરફ જવા માંડયું તો તેને કોઇ મહાત્માનો વાસ હોય તેમ જણાયું પણ ત્યાં કોઇ હતું નહી તેથી તે આગળ ચાલવા લાગી તે આગળ જતાં એક દેવળ નજીક આવી બેઠી ત્યાં કેટલાક બહારવટીઆઓ કોઇ મુસાફર સમજી તેને લુંટવા માટે આવી ઉભા રહ્યા તેમાનામાનો જે મુખ્ય સરદાર ભેમલો હતો તે બોલ્યો હે બાઇ? તું કોણ છે ને કયાં જાય છે તારી સાથે કોઇ છે કે નહી ? આમ ઘણા સવાલો પુછ્યા પણ ગભરાએલી સાન્દર્યવતી એક પણ જવાબ આપી શકી નહી. આથી ભેમલો બોલ્યો જે તું અમારી સાથે આવતી હોય તો અમો તને ઘણાજ સ્નેહથી પાળીશું માટે શો વિચાર છે તે જણાવ.

સંસાર સુખને માણવા, અમ સાથ ચાલી આવતું
રાખીસ તુજને પ્રેમથી, ના શોક દીલમાં લાવતું

આમ બોલતો તે તેને પકડવા દોડયો ભેમલાને પોતાના તરફ ધસી આવતો જોઇ હીંમતથી બોલી:—

ઉભો રહે ઓ કાળ મુખા ક્યાંથી સુજી તને આ મતી
સંતાપતાં ના જાણુતો કે આ ઉભી સ્હામે સતી
તુજ સરખા લાખ કંઈ, પળ એકમાં પ્રલે થશે
મુજ સતીત્વના શ્રાપથી, તુંજ પ્રાણુ પળ માંહી જશે

આમ બોલી તે નાસવા લાગી. કુદરતની ખુબી ન્યારી છે કે તે નાસતી હતી ત્યાં આ ઘોઘાટ સાંભળી એક યોગી જેવા જણાતા પુરૂષે આવી ખબરદાર ! કહી સર્વેને રોકયા. આ આવનાર યોગી

જેવાં જણાતા હતા તેથી બહારવટીઆઓ નાસી છુટયા, યોગીએ તેને બાળીકા સમજી કહ્યુ બેટા ? ન ગભરા તારા દુશ્મનો નાશી ગયા છે તું કોણ છે તે જો હરકત ન હોય તો મને જણાવીશ આમ અરણ્યમાં એકલા રખડવાથી કેટલાં સંકટો સહન કરવાં પડશે માટે મને ખરૂં જણાવો ને તમારે જ્યાં જવું હોય ત્યાં તમને પહોંચાડી આવું આવા શબ્દો સાંભળી સતીએ ઉંચું જોયું તો એક યોગીને જોયા પણ તેણે જ્યારે યોગી તરફ જોયું તે વખતે યોગીએ તેની મુખાકૃતી જોઇ જાણી લીધું કે આતો કનકસીંહની પત્ની સૌંદર્યવતી ! જો મારી ઓળખ જાણશે તો જરૂર મારાથી શરમાઇ ચાલી જશે ને વધુ સંકટમાં સપડાશે કહી તેને સાથે ચાલવા કહ્યું પણ સૌંદર્યતીએ અહીંજ ઠીક છે કહી જવા નાખુશી બતાવી જવાબ મળતાં યોગી પોતાની પર્ણકુટી તરફ ગયા સૌંદર્યવતી પોતાને ખાવાને વનફળ લેવા જંગલમાં નીકળી જે રાજકુમારીને હુકમ થતાં જાત જાતના ભોજનો મળતાં તે અત્યારે પેટની પીડાને ટાળવા ફળને માટે જંગલમાં રખડે છે.

વિધિ તારી ખુબી ન્યારી, બનાવે રાયને તું રંક
હશે જે મહેલ વાસી તે, ન પામે ખાવાને અન્ન
હજારો દાખલા એવા, બન્યા નજરે હતી જોતી
પડી મુજ ઉપરે આજે, દઇ હસ્ત શીર પર રોતી

બસ કર ઓ વિધિ! તું પલમાં રાજાને રંક ને રસ્તાના રખડતા ભીખારીને સુખના શીખરે ચઢાવે છે. તારી આગળ દુનીયાના તમામ ઉપાયો રદ છે. મારા કર્મે કયાં સુધી આમ સંકટ તેં લખ્યું હશે; તે મારાથી સમજાતું નથી. આમ બોલતી તે ફળ માટે ભમતી હતી ;

બીજી બાજુએ કપટસીંહે મોકલેલા માણસો સૌન્દર્યવતીની તપાસ કરતાં કરતાં આ અરણ્યમાં આવી ચઢયા. ત્યાં આ ફળ માટે નીકળેલી સતી તેમના જોવામાં આવી. તેથી તેઓ તે તરફ આવવા લાગ્યા ઘોડેસ્વારો પોતાના તરફ આવતા જોઇ તેમણે નાસવા માંડયું. તેમાંનો જે મુખ્ય સરદાર કુરસીંહ હતો; તેણે પોતાના સીપાઇઓને કહ્યું. પકડો એ કુલટાને લઇ ચાલો પોતે પકડાઇ જશે એમ જાણી કમરમાં છુપાવેલી પીસ્તોલ બહાર કાઢી અને બોલી.

ઉભા રહો ઓ નીચ કામી, આગળ પગલું ન ભરો
હણાસો સર્વ મુજ હાથે વગર મોતે તમે મરશો
નથી આ અબળા નારી, બની સબળા ફરે વનમાં
જોઇને દુશ્મનો સર્વે ઉઠે છે આગ મુજ તનમાં

આમ બોલતી પીસ્તોલ લઈ ફેર કરવા લાગી. ત્યાં કુરસીંહ તેની સામે આવી બોલ્યો.

આવી પડી છે મર્ણ મુખમાં, તોય ગર્વને ત્યજતી નથી
અહીંથી બચીશ ના તું હવે ઉપાય આદરતાં મથી
ના કોઇ સહાયક છે અહીં કે તુજને ઉગારશે
આ કુરસીંહ તુજને લઇ અહીંથી સીધો ચાલશે

માટે ઉદ્ધતાઈ તજી સીધી રીતે માની અમારી સાથે ચાલ, નહિ તો આ પીસ્તોલના એકજ બારથી તારા પ્રાણ ચાલ્યા જશે. એમ કહી પીસ્તોલનો બહાર કર્યો પેલી બાજુએ આ અવાજ યોગીના સાંભળવામાં આવતા દોડતા તે તરફ જવા લાગ્યા.

ઉભા રહો ઓ પાપીઓ, તમ દીન આજે ખુટીયો
અવાજ શાના આટલા, કોના ઉપર કોપ છુટીયો

આમ બોલતા યોગી ત્યાં આપી પહોંચ્યા. આમ અચાનક મદદ આવેલી જાણી સર્વેએ નાસવા માંડયું તેમને અટકાવી કહ્યું.

કાળ મુખા કુરસીંહ તાકાત તારી જોઇ છે
ફેર અબળા પર થતાં તાકાત તારી ખોઇ છે
બચવા તણી જો આશ હોય તો જા તને જાવા દઇ
નહીતો હણું હું સર્વને તમ પ્રાણ પળમાં હું લઉ

માટે જા ? ઓ દુરાત્મા તને જાવા દઉ છું. તેમણે બાળીકાને કહ્યું બેટા ? તમારા ઉપર આ બીજું સંકટ આવ્યું જો વખતસર હું આવી ચઢયો ન હોત તો આ પાપીઓ જરૂર તમને મારી નાખત તમો જેમ બને તેમ નિર્ભય થવાનો રસ્તો સત્વર કરો તમારે જો મારી પર્ણકુટી પર આવવું હોય તો મારી પર્ણકુટી પાસે તમોને નવીન પર્ણકુટી બાંધી આપું તમો મને ઓળખતા નહિ હશો પણ હું તમોને ઓળખી ગયો છું તમારા ઉપર દુખનાં વાદળાં હજુ ઘણો વખત ઘેરાયા કરશે માટે નિર્ભય બની તમો અહીં રહો તમો મારી ઓળખાણ માગતા હશો તો હું તમોને જણાવીશ હું પણ તમારી માફક દુખના વાદળોથી ઘેરાઇ જંગલમાં આવી રહ્યો છું મારી પણ તમારી માફક સ્થિતી છે પણ શું કરૂં ! કુટીલ કપટ-કળાના કુટીલ કૃત્યોએ મારી આ દશા કરી છે કહી ઉપરની કફની કાઢી નાંખી તો સર્વે હથીઆરથી સરજાએલો બહાદુરસીંહ જોવામાં આવ્યો પોતાના નણદોઇને આમ યોગી વેશમાં જોઇ વેરનો

બદલો લેવા વિચાર કરી તેણે ત્યાં રહેવા પસંદ કર્યું પાસે બીજી પર્ણકુટી બાંધી ત્યાં રહેવા લાગ્યાં. બહાદુરસીંહે જણાવ્યું કે બે દિવસ બાદ આપણે વિલાસનગર તરફ જઇશું ને ત્યાં શું ચાલી રહ્યું છે તે તપાસીશું હાલ તમો યોગીનીનાં કપડાં ધારણ કરો થોડો વખત બેસો આ નિર્ભય સ્થાન છે. હું શહેરમાં તપાસ કરી તમારાં કપડાં લઈ આવું છું કહી તે ગયો-તો વાંચકો આપણે ચાલો ને જુઓ કે પાપીઓના પાપ કર્મમાં તેઓ કેમ ફાવે છે.

પ્રકરણ ૧૪ મું.

પાપનો પ્રકાશ

પાપી તણુ જે પાપ તે છાનું રહે નવ ખલકમાં
ઘડતાં વિચારો મન થકી થાયે પ્રગટ તે પલકમાં

આજે સ્વારના પહોરમાં રાજ્ય દરબારના માણસોની આવ જા થઇ રહી હતી કેટલાક ગાડીઓમાં તો કેટલાક મોટરોમાં આમ તેમ દોડતા જતા જણાતા હતા. આ તરફ રૂપવતી પોતે વિલાસનગર તરફ આવવા નીકળી હતી ચંદ્રરાય આજે સ્હવારમાં રૂપવતીના ખંડ તરફ ગયો, ત્યાં તે જણાઇ નહિ પણ ટેબલપર પડેલો પોતાના નામનો કાગળ જોઇ તે લઇ વાંચવા લાગ્યો ચતુર ચપળાએ પોતાના મામાના હિતને માટે પોતાના પ્રેમીને પણ ઠગ્યો હતો તે કાગળમાં શું હતું તે જાણવા વાંચક તું ઉતાવળ ન કર તને હમણાંજ જણાશે. ચંદ્રરાયે કાગળ ફોડયો ને વાંચવો શરૂ કર્યો.

પ્રિય ચંદ્રરાય ?

હું આજે અગત્યના તમારા હીતના કારણે મારાં મામી કામલતાને મળવા જનાર છું ત્યાં આખો દીવસ રોકાઇ રહીશ કારણ કે તમારા વિચારો મેં મામીને જણાવ્યા હતા તેમના ઉપર મને પુર્ણ વિશ્વાસ છે છતાં તે કોઈ પ્રકારની ખબર મામાને ન જણાવે માટેજ હું જાઉં છું આવતી કાલે મળીશ. એજ લી.

તારી દાસી.

કાગળ વાંચી ચંદ્રરાય વેમાયો પણ રૂપવતી ઉપર પુર્ણ વિશ્વાસ હતો તેથી તે કંઇ પણ ન રોકાતાં પોતાના કામ ઉપર ચાલ્યો ગયો. આજે સ્હવારથીજ રત્નપુરના કુમાર કેશરીસીંહ દુર્ગને ઘેરો ઘાલી પડયા હતા શહેરમાં કેશરીસીંહના માણસો છુટથી ફરતાં હતાં તેમને કોઇ રોકતું નહિ. તેમ આવેલા માણસો કોઇને હરકત કરતા નહિ. આ તરફ કપટસીંહ મામલો ભયંકર સમજી લશ્કરની તૈયારીઓ કરી રહ્યો હતો બપોરનો વખત થયો એટલે સૌ સૌને ઠેકાણે જમવા ગયા આ અરસામાં અમરગઢથી કંટકસીંહ કેટલાક સૈન્ય સાથે આવી પહોચ્યો ને તે કેશરીસીંહને મળી સર્વ વાતથી જાણીતો કર્યો. જ્યાં સુધી કનકસીંહ ન આવે ત્યાં સુધી તમારે દુર્ગની ચારે બાજુના દરવાજા ઘેરી રાખવા આ પ્રમાણે સલાહ લઇ કંટક પોતાના સૈન્યને શહેરના તમામ દરવાજાઓએ મુકી દીધું આવી રીતે આખા વિલાસનગરને ઘેરો ઘલાયાનું શહેરના ક્ષત્રિઓને ખબર પડી તેથી ઘણા વખતથી પોતાનાં હથીઆરો કટાતાં હતાં તેને સાફ કરી બચાવની તૈયારીઓ કરવા લાગ્યા આ વાત કપટકળાએ જાણી એટલે કપટસીંહને બોલાવી કહ્યું સરદાર ? જુઓ હવે આપણાં ઉપર દુઃખના વાદળાં ચઢી આવવા લાગ્યાં છે. તેમને વીખેરવા માટે રસ્તો કરવો જોઇએ

મારા ધારવા પ્રમાણે આપણી વાત ફુટી તો ન ગઇ હોય પણ જો વાત ફુટી હોય તો તે લોકો આમ બેસી રહે નહી આપણો દારૂગોળો પ્રથમ જપ્ત કરે પણ મારા ધારવા પ્રમાણે કનકસીંહની રાહ જોતા તેઓ બેઠા હશે.

કપટસીંહે જણાવ્યું ગમે તેમ હશે; તો આપણે પણ કયાં ડરી જઇએ તેમ છીએ. મેં પણ સર્વ લશ્કરની તઇયારી કરી રાખી છે. ને જો તે લોકો બંડ ઉઠાવશે તો દુર્ગપરથી મારો ચલાવીશું. કારણ કે તેમને આવવા એકે રસ્તો ખુલ્લો નથી; આ લોકો આમ ઠરાવ કરે છે ત્યારે શહેરમાં વહેપારીઓ પોતાનો માલ ખપશે એમ જાણી જાત જાતના નમુનાઓ બહાર ગોઠવી રાખતા હતા શહેરમાં હજારો માણસોનાં ટોળે ટોળાં દરેક દુકાનપર જણાતાં હતાં દુકાનમાં રોજ પૈસાને વરસાદ વરસતો હતો પોતાની દુકાને સારો વકરો આવવાની આશાએ આખો બજાર આખી રાત ખુલ્લો મુકવામાં આવ્યો પણ કોઇના માલને લેશ નુકશાન થવા પામ્યું ન હતું આ સર્વ શી ધમાલ હશે તે કોઇના જાણવામાં આવતું નહિં કેટલાક વેપારીઓ પોતાની દુકાને માલ લેવા આવતા માણસોને પુછતા તો તેઓ ટુંકમાં જણાવતા કે અમો જાણતા નથી આમ કહેવાનું મુખ્ય કારણ એ હતું કે પોતાના સરદારનો સખ્ત હુકમ હતો આમ ધમાલ ચાલતાં આખી રાત પસાર થઇ.

બીજી બાજુએ કનકસીંહ પોતાના માણસો સાથે રામપુરથી નીકળી તે વિલાસનગરની નજીક આવ્યો. તપાસ કરવા માટે મોકલવાક પોતાના જાસુસોએ આવી ખબર આપી કે શહેરને કેશરીસીંહે તથા કંટકસીંહે ઘેરો ઘાલ્યો છે. આથી કનકસીંહે તેમને બોલાવવા માટે

મોકલ્યા. સીપાઇ બન્નેને લઈ ત્યાં આવ્યો પોતાના બનેવીને જોઇ કેશરીસીંહ બોલ્યો કુમારશ્રી આટલું બધું થયા છતાં આપ આમ બીલકુલ શાંત બેસી રહ્યા છો કનકસીંહને માઠું લાગ્યું. પણ ખરૂં હતું કે પોતે કોઇને જણાવ્યું હતું નહી તેથી તે બોલ્યો કેશરીસીંહ તમો વાત જાણો તો આ શબ્દો બોલો નહી. પોતાના બનેવીના આ શબ્દો સાંભળી કેશરીસીંહે કહ્યું તમો નિર્ભય રહો તમારા સર્વ સમાચાર મેં જાણ્યા છે તેથી અમો મદદે આવ્યા છીએ આજે બે દિવસથી અમોએ શહેરને ઘેરો ઘાલ્યો છે. ત્યારે શહેરના સમાચાર જાણતા હશો કે આજકાલ શહેરમાં શા શા બનાવો બની રહ્યા છે જો કે તે તમારાથી અજાણ્યા છે! પણ તે મેં જાણ્યા છે ને તે માટે તમોને હું કહું તે પ્રમાણે કરો કે તમો હજુ કંઇ પણ બોલ્યા સિવાય ઘેરો કાયમ રાખો ને હું શહેરના પાછળને દરવાજેથી શહેરમાં દાખલ થાઉં છું. નહિ તો તેમણે કરેલી ગોઠવણ પ્રમાણે જો આપણે મુખ્ય દરવાજેથી જઇશું તો એકજ ફેરે આપણા સૈન્યનો અંત આવશે. કંટકસીંહે જણાવ્યું કે તમો જે રસ્તેથી જવા ધારો છો તે રસ્તાઓ બંધ છે માટે કોઇ નવી તજવીજ કરો. આ તરફ આમ ઠરાવ ચાલે છે ત્યારે વિલાસનગરના રાજ મહેલમાં રૂપવતી દાખલ થઇ પોતાની મામીને પોતાના મામા આવ્યાના સમાચાર જણાવી તેમને શહેરમાં દાખલ કરવાનો ઠરાવ માટે કામલતાને પુછવા લાગી પોતાના સ્વામી આમ સંકટમાં સપડાયા છે. એમ જાણી કામલતાએ પોતાના સ્વામીને મદદ કર્તા થવા માટે એક યુક્તિ શોધી કાઢી તે એ કે પોતે એક નાયીકાનો વેશ લઇ પોતાના વિશ્વાસુ નોકરને તબલચી તથા સારંગી વગાડનાર બનાવી મહેલમાંથી બહાર નીકળી

પાછળના દરવાજા પાસે થઈ જવા લાગી, આ વખતે જે દરવાજેથી કનકસીંહને દાખલ કરવાનો હતો ત્યાં એક જમાદાર પાંચ સાત સીપાઇઓ સાથે પેરો ભરી રહ્યો હતો તેણે આવી નાયીકા જોઈ બે ઘડી ગાણું સાંભળવા વિચાર કર્યો તેથી તેને બોલાવી કામલતા જેણે અત્યારે નાયકાનો વેશ લીધો હતો તે ત્યાં ગઇ ને પોતાના કંઠથી ગાવાનું શરૂ કર્યું પોતાની સાથે લાવેલી શરાબની શીશામાંથી શરાબ સર્વેને આપવા લાગી. સર્વેએ આમ મફતનો શરાબ મળતો જાણી પીવાય તેટલો પીધો. પછી તેના ઘેનમાં મસ્તાન બનવા લાગ્યા. તે એટલા સુધી મસ્તાન બન્યા કે પોતાના શરીરનું ભાન ભૂલી આળોટવા લાગ્યા સર્વેને નીશામાં ચકચુર બનેલા જોઇ કામલતાએ દરવાજાની કુંચીઓ લઇ દરવાજો ખુલ્લો કર્યો ઠરાવ પ્રમાણે કનકસીંહ ત્યાં ઉભો હતો તે દરવાજો ખુલ્લો થતાં દાખલ થયો પોતાની પ્રાણપ્યારી કામલતાની આ બહાદુરી જોઈ ઘણો હર્ષ પામ્યો ને પોતે શહેરમાં દાખલ થઇ દારૂગોળાવાળી કોટડીને ઘેરી પડયા પછી મુખ્ય દરવાજો ઉઘાડવામાં આવ્યો આ વખતે તે કોટડીની અંદર કપટકળા એકલીજ હતી કપટસીંહને ખબર પડતાં લશ્કર સાથે આવી પહોંચ્યો ભુખ્યા વાઘની માફક ઘણા વખતથી બેસી રહેલું લશ્કર કપટસીંહના માણસો ઉપર તુટી પડયું ને કપટસીંહ જે ઠેકાણે ચંદ્રરાય ઉભો હતો ત્યાં ગયો. કેશરીસંહ કેશરીયાં કરતો કપટસીંહના તરફ ધસ્યો. કનકસીંહ સૈન્યના પાછળની બાજુએ ઉભો રહયો હતો કારણકે તે જાણતો હતો કે કેશરીસીંહ તથા કંટક કપટસીંહના બધા સૈન્યને સંહારી કેશરીસીંહની મદદે આવે એટલામાં કપટકળા પણ ઘેરી પડેલા સીપાઇઓ સામે લડતી લડતી કેશરીસીંહના તરફ

આવવા લાગી તે કનકને ખોળતી હતી પણ કનક ત્યાં જણાયો નહિ કેશરીસીંહ લશ્કરને કાપતો મધ્ય ભાગમાં વકરાયલા વાઘની માફક ધુમતો હતો ત્યાં એક સીપાઇએ કેશરીસીંહના હાથપર તલવાર ઉગામી તેના હાથને કાપી નાંખવા તલવાર ઉઠાવી તે દુર લડતા કંટકસીંહના જોવામાં આવી તેથી તે દોડતો જઇ તલવાર ઉઠાવનારની પાછળની બાજુએથી તલવારના એકજ ઝટકાથી તેને જમીનદોસ્ત કર્યો. આ બનાવ કેશરીસીંહે જોયો પોતાની મદદે કંટકસીંહ આવ્યો છે તેથી તે નિર્ભય થઇ લડવા લાગ્યો સૈન્યના મધ્ય ભાગમાં કપટકળાને પોતાનાં માણસોને સંહારતી જોઇ તેના તરફ તે ધસ્યો. બંને સ્હામા સામી આવી ગયા કપટકળાને કપટસીંહે કેદ કરી લીધી પછી તે પ્રેમરાય અને ચંદ્રરાય હતા ત્યાં જઇ તેમને પકડી લીધા પછી પોતાના સરદાર કનકસીંહની તરફ ગયો ત્યાં કેશરીસીંહ બહાદુરી બતાવતો કપટસીંહની નજીક આવવા લાગ્યો. આ તરફથી કંટકસીંહ પણ કનકસીંહનાં માણસોને સંહારતો કપટસીંહની પાછળ આવી પહોંચ્યો બન્ને બાજુએ પોતે ઘેરાયો છે એમ જાણી કપટસીંહ નાસવા માટે રસ્તો શોધવા લાગ્યો પણ કેશરીના સપાટામાંથી શી રીતે બચાય તે લડતો લડતો પાછળ હઠવા લાગ્યો ને લાગ મળતાં તે ત્યાંથી નાઠો પણ કંટકસીંહ જેમ ભુખ્યો વાઘ બકરા ઉપર છલંગ મારી પકડી લે તેમ કપટસીંહને પકડી લીધો. પોતાના સરદારને પકડાયેલો જોયો ને હવે કોઇ મદદ કર્તા રહયો નહિ એથી સર્વે સીપાઇઓએ હથીયાર મુકી કનકસીંહનું શરણ સ્વીકાર્યું બાદ કપટસીંહને પકડી જ્યાં કનકસીંહ હતો ત્યાં લાવ્યા. કનકસીંહે દારૂગોળો ભરેલી ઓરડી ઉપર પોતાના વિશ્વાસુ માણસોનો પેરો

મુકવા કેશરીસીંહને કહ્યું કેશરીસીંહે પોતાનો વિશ્વાસુ સરદાર હિંમતસીંહને મુકયો ને બરાબર સાવચેતી રાખવા સુચના કરી પછી કનકસીંહને મળ્યો. બાદ સર્વેને લઇ તેઓ રાજમહેલ તરફ ચાલ્યા પકડાએલા કેદીઓને કેદખાનામાં મોકલી દીધા. તો વાંચકો આપણે તેમને કેદખાનામાં હાલ રહેવા દઇ આગળ જોઇએ કે રામદુર્ગને ઘેરો ઘાલી પડેલો કનક ત્યાં શું કરી અહીં આવ્યો હતો. તે જોયા પછી આપણે આ કેદીઓની શી બીના થાય છે તે તપાસીશું.

પ્રકરણ ૧૫ મું.

રામપુરનો ઘેરો.

ઘેરો પડયો છે શહેરને. સુણી સઉ ગભરાય છે
તીડાં સમાં બહુ માણસો આજ શહેરમાં ઉભરાય છે.

ગયા પ્રકરણ દસમામાં જણાવ્યા પ્રમાણે કનકસીહે રામપુરને ઘેરો ઘાલ્યો હતો ત્રણ દીવસથી શહેરને ઘેરો ઘલાયો છે પણ કંઇ જણાતું નથી તેથી રામસીંહના પુત્ર રણજીતસીહે લશ્કરની તૈયારી કરવા માંડીપોતાના શહેરને વિલાસનગરના રાજકુમારે ઘેરો ઘાલ્યોછે એટલે રામસીંહની પુત્રી ચંદ્રકળા એ તેને મળી પોતાનો પ્રેમ આપવા વિચાર કરી તે રાતના કનકસીંહની છાવણીમાં ગઇ. ત્યાં જઇ તેણે પ્રથમ કનકસીંહને વિના મહેનતે હું તમને આ દુર્ગ કબજે કરાવું ને સર્વેને કેદ પકડાવું પણ જો તમે મને તમારો પ્રેમ આપતા હો તો હું આ કાર્ય તમને વિના મુશ્કેલીએ પાર પાડી આપું. કનકે વિચાર્યું કે આમ વિના મહેનતે માણસોની ખુવારી કર્યા વિના કબજો મળી જો રાજા રાણી કેદ થતાં હોય તો શાને માટે હેરાનગતી વેઠવી. પોતે ખરો ક્ષત્રિ જાયો હતો કંઈ આવી ચંદ્રકળાની જાળમાં ફસાય તેમ ન હતો પણ પોતાનો

૯૬. રાજમહેલનું રમખાણ.

કૃત્રિમ પ્રેમ સોંપી પોતાનું કાર્ય પાર પાડવા હા કહી ને જ્યારે વિલાસનગર જઇશું ત્યાં તમારી સાથે લગ્ન કરીશ આવી ખોટી લાલચ આપી પછી ચંદ્રકળાએ કહ્યું આજે રાતના થોડાક માણસો લઇ તમે રાજમહેલની પાછળની બાજુએ આવી ઉભા રહેશો ત્યાં હું તમને ગુપ્ત રસ્તેથી મહેલમાં દાખલ કરીશ એમ કહી ચાલી ગઇ. તેના ગયા પછી કનકને વિચાર આવ્યો કે કદાચ કપટથી મને પકડવા માટે રામસીંહે આ યુકિત કરી નહિ હોય ! ભલે ગમે તેમ હશે આપણે કયાં લડવાથી પાછા હઠીએ તેમ છીએ કે તેમનાથી ડરીશું પણ મારા સાંભળવા પ્રમાણે રણજીતસીંહ એક બાહોશ ને બહાદુર લડવૈયો છે. માટે ખાસ સાવચેતી રાખીને કામ કરવું જોઇએ. રણજીતસીંહ આ વખતે રાજ્યગાદીને અચાનક છાપો ન મારે માટે કેટલાક માણસો સાથે પોતાની દેખરેખ નીચે પેરો ભરતો હતો.

ઠરાવેલા વખતે કનકસીંહ કેટલાક માણસો સાથે મહેલની પાછળની બાજુએ આવ્યો ત્યાં ચંદ્રકળા હાજર રહી હતી તેણે માણસો સાથે કનકસીંહને મહેલમાં દાખલ કર્યો ને જ્યાં પોતાના માતા પિતાના સુવાના ખંડ હતા ત્યાં લઇ ગઈ. આ વખતે રામસીંહ ઘાઢ નિદ્રામાં હતો દગાથી પકડવો કનકસીંહને યોગ્ય નહિ લાગવાથી તેને જાગૃત કર્યો રામસીંહ જાગી ઉઠયો પોતાના શયનગૃહમાં પોતાના શતરૂને ઉભેલો જોઇ બોલી ઉઠયો. કુમાર આમ દગાથી પકડવા માટે આટલા દિવસથી ઘેરો ઘાલ્યો હતો શું લઢવાની હીંમત ન ચાલી તે આમ અચાનક મને ઘેર્યો. કનકકસીંહે તેને કહ્યું અત્યારે એ વાત તમારે કરવાની નથી તમો મારા બંધીવાન થયા છો. લડવાની હીંમત હોય તો હથીયાર ઉઠાવો નહિ તો શરણ થાવ.

તાકાત હસ્તમાં હોય તો, શમશેર પકડો હાથમાં
નહી તો શરણુ થઈ તમ મને ચાલો અમારી સાથમાં
કાયર તણું આ કામ નહી પણ રાજ્યના ધારા ખરા
તેથી જગાડયા આપને, આવ્યો સમય સમજો જરા

માટે તમારી સર્વ બારીઓ તજી દઈ તમારાથી સંગ્રામ ન થતો હોય તો અમારી સાથે ચાલો. આ તરફ રાજમાતા યશોધરાને પકડી લાવ્યા તેમને જોઇ રામસીંહ કોપી ઉઠયો.

શું મહેલમાં આજે બધે, શત્રુતણો બહુ વાસ છે
આ કૃત્ય કોણે આદર્યું, કે શત્રુનો બહુ ત્રાસ છે
મમ પુત્ર રણુજીત કયાં ગયો, શું શતરને શરણે થયો
ના ના અરે એ વીર છે શું મહેલથી નાશી ગયો

આ બોલતો રામસીંહે પીસ્તોલનો બાર કર્યો. અવાજો ઉપરા ઉપરી થવા લાગ્યા. કનકસીંહ પીસ્તોલના બાર ચુકાવા લાગ્યો એટલે બંનેએ તલવારના દાવ શરૂ કર્યા, કનક તથા રામસીંહ સામસામી થયા રામસીંહ કનકથી ઉતરે તેમ ન હતો કંનકને હંફાવા લાગ્યો પણુ બહાદુર કનક આથી વધારે ખુશ થવા લાગ્યો. કારણકે પોતાની બાહોશીનો ખરેખરો ઉપયોગ આજ કરવાનો હતો. રામસીંહ કનકની સામે કેશરીની માફક ઝુમી રહ્યો હતો. આ વાતની ખબર રણુજીતને પડી તેથી તે કેટલાક માણુસો સાથે રાજમહેલ તરફ આવવા નીકળ્યો, અહીં રામસીંહ કનક પર તુટી પડયો ને કનકની ગરદન પર ઘા કરવા જતો હતો. ત્યાં કનકના સીપાઇએ ફાંસો નાખી પકડી લીધો જો આ સમય એક સીપાઇએ સાચવ્યો ન હોત તો કનક મરણુને

શરણુ થયો હોત. રામસીંહ પકડાયો તે સર્વેને લઇ તેઓ મહેલની બહાર નીકળવા ચાલવા લાગ્યા ત્યાં રણુજીત દોડવા આવી બોલી ઉઠ્યો

ઉભા રહો ઓ પાપીઓ જુલમ તમારો છે બહુ
આગળ ભર્યું પગલું જરી તો મર્ણ પામો તમ સહુ
તાકાત તમ એ છે નહી કે જીવતા રહેશો અહીં
રણુજીતના આ કોપથી બચવા તમે પામો નહીં

ઓ પાપીઓ ? એટલેજ રહો કહી રણુજીત માણુસો સાથે કનકસીંહની સામે આવ્યો એટલે કનકે કહ્યું.

મરવા અરે ઓ બાળકા, શાને અહીં આવી ગયો
કનક તણા તુ કોપનો ભોગજ અરે આજે થયો
તાકાત તારી છે નહી, કે કનકને તું મારશે
તુજ સરખા કંઇકને પળ મહી કનક સંહારશે

રણુજીતે સામો જવાબ આપ્યો.

સંહાર મારો તું કરે, એ મન મહીં ના આણુતો
રણુજીત તુજને મન થકી, મચ્છર સમો છે જાણુતો
શું સીંહને છંછેડીને, શીયાળવું નાશી જશે
નાના અરે ઓ કનક તું, મુજ કોપનો ભોગજ થશે

માટે ચલાવ તારા હથીઆરને જો રણુજીતની તલવારને કે તે તારો પળમાં કેવો નાશ કરે છે. ક્રોધથી પીળો થઇ કનક બોલ્યો કે તારી ચાલાકી રહેવા દે ને બળ હોય તો અહીંજ જંગ થવા દે.

જીબાનની ચાલાકી એ સઉ, બસ હે જાવા તું દે
જો હોય બાહુ બળ ભર્યાં તો આહી જંગ થાવા તું દે

છે કોણ બળીયું બેયમાં પળમાં જણાશે મહેલમાં
કે કોણ ચાલ્યું લઇ તને, મુશ્કેલી વીણ સહેલમાં

એમ કહી રણજીત પર ધસ્યો રણજીત પણ પોતાના બાપની માફક પાછો હઠે તેમ ન હતો. તે કનકની સામે ઘણીજ બહાદુરીથી લડતો હતો. રણજીતની લડવાની ચાલાકી જોઇ કનક વિસ્મય થયો. પણ કનક એવા રણજીતને નમ્યું આપે તેવો ન હતો. કનક તેને પાછો હઠાવતો હઠાવતો છેક રાજમહેલના મેદાનમાં લાવ્યો. રણજીત મરણીઓ થઇ કનક સામો ઝુઝી રહ્યો હતો. રણજીત થાકયો એટલે તેણે પોતાની તલવાર ફેંકી દીધી. આ વખત કનક તેને પકડી લેત પણ હથીઆર વગરના ક્ષત્રી કુમારને પકડવો ઠીક નહી લાગવાથી તેણે રણજીતને કહ્યું. રણજીત તારૂં હથીયાર સંભાળ રણજીતે તલવાર હાથમાં પકડી પાછા પગે હઠવા માંડયું છેક ઝાડીની નજીક આવ્યો એટલામાં બીજા માણસો મદદે આવી પહોંચ્યા તેથી તેનામાં નવો જુસ્સો આવ્યો ને એક વખત ફરીથી કનકનો સામનો કર્યો નવીન લશ્કરના નવીન માણસોના જુસ્સા આગળ કનકના થાકેલા માણસો નાહીંમત બનવા લાગ્યાં, તેમને નાહિંમતા બનતા જોઇ કનક બોલ્યો.

કાયર થઇ શું નાસતા ઓ બાળ ક્ષત્રી કુળના;
હીંમત ધરી આગળ વધો, એ શબ્દ સુણ્યા શુરના.
ચાહોમ કરી તુટી પડી, કરો શત્રુ તણા સંહારને
યશ પામો સર્વ તમ, કે જશ મળે સરદારને.

આમ સુરના શબ્દો સાંભળી નાસીપાસ થયેલા સીપાઇઓમાં નવો જુસ્સો આવ્યો રણજીતે વિચાર્યું કે કનક હારી જાય તેમ નથી ને આ વખતે પકડશે તો જીવતો રહેવા દેશે નહિ માટે તેણે ત્યાંથી નાસવા માંડયુ. રણજીતના નાશી જવાથી સઘળા માણસોએ શરણ સ્વીકાર્યું કનકસીંહે ગાદીને છાપો મારી વિલાસનગર તરફ ચાલવા માંડયું આ વખતે તેની સાથે રામસીંહ તથા યશોધરા કેદી હતાં ને ચંદ્રકળા પોતાની સાથે હતી તે વિલાસનગર નજીક આવ્યા ત્યારે તેમને ખબર મળ્યા ને પછી શુ થયું તે આગળના પ્રકરણમાં જણાવી ગયા છીએ તો હવે આપણે જેલમા પડેલા પાપી પુતળા કપટકળા તથા કપટસીંહ શું કરે છે તે જોઇએ.

પ્રકરણ ૧૬ મું.

કપટસીંહનો કીસ્સો.

નાસી છુટયા છે કેદીઓ તે સુણી કનક ગુસ્સે થયો
શોધવાને કેદીઓ જંગલ મહીં ચાલ્યો ગયો.

ગયા પ્રકરણ ૧૪ મામાં જણાવ્યા પ્રમાણે કનકસીંહ તથા કેશરીસીંહ તથા કંટકસીંહ જે કેદીઓ રામપુરથી લાવ્યા હતા તે અને આ પાપી પુતળાં કપટકળા તથા કપટસીંહ તથા દીવાનના છોકરાઓ અને એલચીઓને કેદખાનામાં મોકલાવી રાજમહેલમાં ગયા. ત્યાં ગયા પછી કેશરીસીંહ તથા કંટકસીંહ વિદાયગીરી લઇ પોતાના લશ્કર સાથે કુચ કરી. તેમના ગયા પછી આખા રાજમહેલમાં ફકત કામલતા તથા રૂપવંતી ને ચંદ્રકળા કે જે કુત્રીમ પ્રેમમાં સપડાઇ હતી તેટલાંજ હતાં કનકસીંહે પોતાની પ્રિય કામલતાને તેની ચાલાકી માટે ધન્યવાદ આપ્યો. પોતાની હૃદયેશ્વરી સૌન્દર્યવતીના કંઇ સમાચાર ન મળવાથી તે ઘણોજ દીલગીર હતો તે કયાં ગઇ હશે તેનો વિચાર કરવા લાગ્યો. તેની તપાસ કરવા માટે પોતે જવું એવો વિચાર

કરતો હતો ત્યાં કામલતાએ કહ્યું. પ્રાણનાથ ? આપ ચિંતા ન કરો તે જ્યાં હશે ત્યાં દુઃખમાં નહી હોય કારણ કે તે શુદ્ધ ક્ષત્રાણી માતાની પુત્રી છે.

આ બાજુ આમ વિચાર ચાલે છે ત્યારે બીજી બાજુએ કપટકળા તથા કપટસીંહે જેલ ખાનામાંથી મુકત થવા રસ્તો શોધવા માંડયો. કેદીઓને ખાવાનું આપનાર સીપાઇને તેમણે સમજાવ્યો પણ કોઈ રસ્તે માન્યું નહી ત્યારે કપટસીંહે તેને ઠાર કરી નાસી છુટવા માટે વિચાર કર્યો. બીજી વખત જ્યારે સીપાઇ ખાવાનું લઇ આવ્યો એટલે કપટસીંહે તેને બોલાવ્યો ને ઘણી જાતની લાલચો આપી પણ આ નીમકહલાલ નોકર પોતાના માલીકની નોકરી બજાવવામાં તત્પર હતો. તેણે કોઇ રસ્તે માન્યું નહી ત્યારે કપટસીંહે તેને ધમકી આપી પણ તે જરા ડર્યો નહી એટલે કપટસીંહે તેના ઉપર તરાપ મારી મારી નાંખ્યો. બીચારો નીમકહલાલ નોકર યમપુરમાં ચાલ્યો ગયો. એટલે કપટસીંહ પ્હેરેગીરોનાં હથીઆર લઇ કપટકળા સાથે જંગલને રસ્તે રવાના થયો. તે નાઠો તે વખતે કેટલાક સરદારોને સાથે લેતો ગયો હતો. આમની પાછળ પકડવા માટે જેલરે કેટલાક સીપાઇઓ દોડાવ્યા. બાદ કનકને ખબર આપવા એક માણસ દોડતો રાજમહેલમાં આવ્યો. આ વખતે કનક પોતાની રાણી કામલતા તથા ભાણેજ રૂપવંતી સાથે બનેલા બનાવોનો વિચાર કરતો હતો. ત્યાં નોકરે આવી ખબર આપી કે જેલમાંથી ખાવા આપવા જનાર માણસનું ખુન કરી કપટકળા તથા કપટસીંહ નાસી છુટયા છે. આ સમાચાર સાંભળી કનકે કેટલાક માણસો તૈયાર કરવાનું કહ્યું ને પોતાના ખંડમાં ગયો. પોતે તૈયાર થઈ એક જાસુસને

રતનગઢ તરફ કેશરીસીંહને બોલાવવા માટે મોકલ્યો. જાસુસ રવાના થયો બાદ પોતે લશ્કર લઇ જંગલને રસ્તે નીકળ્યો.

કપટસીંહ જેલમાંથી નાસી છુટતી વખતે જે માણસો લઇને ગયો હતો તે તથા પકડવા ગયેલા માણસોને લાલચ આપી પોતાને કબજે કરી લીધા હતા. અત્યારે કપટસીંહ પાસે ઘણા માણસો હતા. કનકસીંહ કપટસીંહને જંગલની ગુફાઓ તથા તળેટીઓ તપાસતો તપાસતો ચાલતો હતો અહીં કેશરીસીંહને ખબર મળતાં પોતાના માણસો સાથે વિલાસનગરમાં આવ્યો, કનકસીંહને કપટસીંહની પાછળ ગયા જાણી પોતે તે તરફ જવા તૈયારી કરવા લાગ્યો. પણ કામલતાએ તેમ ન કરવા સમજાવ્યું. કારણ કે હજુ રાજ ઉપરની આફતો દુર થઇ નથી ને એવા સમયમાં ગાદીના રક્ષક તરીકે કોઈ નથી માટે કોઇ બીજાને મોકલો. એટલે કેસરીસીંહનો સરદાર હિંમતસીંહને કેટલાક માણસોની સરદારી નીચે જંગલ તરફ પ્રયાણ કરવા કહ્યું તે ચાલ્યો ગયો ત્યારે રામપુરની લડાઇમાંથી નાશી છુટેલો રણજીત પોતાના મામા અજીતગઢના રાજા અજીતસીંહને મળ્યો. પોતાની બહેનના ઉપર આવેલી આફત ટાળવા માટે મોટું લશ્કર એકઠું કર્યું ને તેની સરદારી રણજીત સીંહને સોંપી વિલાસનગર તરફ રવાના કર્યો.

આ તરફ જંગલમાં નીકળેલો કનક કપટકળા તથા કપટસીંહને એક પર્વતની ગુફામાં પડાવ નાંખી પડેલાં હતા. ત્યાંથી તેમને શોધી કાઢયાં. બહારના માણસોએ સ્હામે આવતા લશ્કરને જોવાથી અંદરના માણસોને ખબર આપી કપટકળા તથા કપટસીંહ સામનો કરવા તૈયાર થયા કનક આવી પહોચ્યો. જેમ ભુખ્યો વાઘ

બકરાં પર તુટી પડે તેમ કનકનાં માણસો તુટી પડયાં કપટકળા તથા કપટસીંહ પણ કનકનાં માણસો પર તુટી પડયાં કપટસસીંહને પોતાના સામે જોઇ કનક બોલ્યો.

હતી તાકાત તમ તણી તો, શા માટે તમ નાશી છુટયાં
બચવા ઉપાયો શોધતાં, પણ આયુષ્ય તમ અહીંયાં ખુટયાં
હજુ ઉપાયો હોય તો, બાકી જરી રાખો નહિ
ના છોડશે આ કનક તમને, એ વાત સત્ય મેં કહી

એમ કહી તેમના ઉપર તુટી પડયો કનક અત્યારે પોતાની પુર્ણ બહાદુરી બતાવતો આગળ વધતો જતો હતો. પણ કનક પાસે માણસો બહુ ન હોવાથી તે મનમાં સંકોચાતો હતો કપટસીંહ કનકને પાછો હઠાવા લાગ્યો. બીજી બાજુ કપટકળા પણ કનકના માણસોને સંહારતી આગળ આવતી હતી. આથી કનક તદન નાસીપાસ થતો જાણી કપટસીંહે કનકને કહ્યું.

તાકાત તુજમાં હોય તો શા માટે પાછળ નાસતો,
સીંહનો બાળક કદાપી, બોડમાં શું ભાગતો,
આજે તમારૂં પુર્ણ બળ મેં જાણીયું એ કનકસીંહ,
તમને નહિ છોડું હવે, તમ કાળ આજે કપટસીંહ.

આવું ગર્વનું બોલવું સાંભળી ખરો ક્ષત્રી બચ્ચો જેમ કેશરી ગાજી ઉઠે તેમ ગાજી ઉઠયો ને બોલ્યો. એ કાળમુખા કપટસીંહ! તું એમ સમજે છે કે કનકસીંહ તારે તાબે થશે. ના! ના! તે તો તારા જેવાને જમીનદોસ્ત કરશે. તેને બોલતો અટકાવી કપટસીંહે કહ્યું. તારી તે તાકાત જતી રહી છે ને તું થોડાજ સમયમાં ક૫-

ટસીંહનો કેદી થશે માટે વાર ન કર ને હથીયાર સોંપી શરણ થા. આ શબ્દો હીંમતસીંહ સાંભળી ગાજી બોલ્યો.

ઉભો રહે શીયાળ તું શું સીંહને સપડાવશે,
મરતાં અરે એ સીંહ બાળક તુજ પ્રાણને રખડાવશે,
કાયર નથી એ તુજ સમા. કે તાયરે શરણે થશે,
હિંમત તણા આ કોપથી તુજ પ્રાણ પળમાંહી જશે.

માટે તૈયાર થા ઓ નરાધમ! એક રાજકુમારને આવા અધમ વાકયો સંભળાવનાર તારૂં આવી બન્યું સમજજે નવીન મદદ આવવાથી કનકને હિંમત આવી ને તેણે બહાદુરીથી લઢી કપટકળા તથા કપટસીંહને પકડી લીધાં ને વિલાસનગર તરફ જવા માટે સર્વેને લઇ તે નીકળ્યો.

આ તરફ રણજીત પોતાના લશ્કર સાથે વિલાસનગરને ઘેરી પડયો. કેશરીસીંહે આ સમાચાર જાણ્યા એટલે તે પોતાની પાસે લશ્કર હતું તે લઇ રણજીતની સામે થયો રણજીત અને કેશરીસીંહ બંને એકજ ઠેકાણે કવાયત શીખ્યા હોવાથી રણજીતે વિચાર કર્યો કે અહીં કેશરીસીંહ કેમ સરદારી લઈ આવ્યા હશે ગમે તેમ હશે બંને સામસામી ઝુંઝી પડયા કેશરીસીંહ હજારોને સંહારતો રણજીતના સૈન્યમાં ધસ્યો. તેવીજ રીતે રણજીત પણ કરવા લાગ્યો કેશરીસીંહ પાસે થોડાં માણસો હતાં. તે વાત કામલતા તથાં રૂપવતી જાણતાં હતાં એટલે તેમણે સર્વ ક્ષત્રાણીયોને હથીઆર આપી તૈયાર કરી દુર્ગની નજીક લાવી ઉભી રાખી કામલતાએ આ સૈન્યની સરદારી લીધી હતી ને મધ્ય ભાગમાં રૂપવતી હતી. કેશરી-

સીંહ મરણીયો થઇ લડતો હતો. રણજીતનાં અસંખ્ય માણસ મરાયાં છતાં તેના લશ્કરમાં કમી થયેલો ભાગ જણાતો ન હતો. બહાર તીમીલ યુદ્ધ ચાલતું હતું. ત્યારે ક્ષત્રાણીઓ પોતે ચંડીકાસ્વરૂપ ધારણ કરી શતરૂને સંહારવા તૈયાર હતી. લશ્કર શહેરમાં પેઠું ક્ષત્રાણીયો કેસરીયાં કરવા લાગી ઘોર યુદ્ધની શરૂઆત થઇ ક્ષત્રાણિયોએ કેટલાક યોદ્ધાઓને સંહાર કર્યો એટલામાં કનકસીંહ આવી પહોચ્યો આ સ્થિતિ જોઇ તે પણ પાછળથી મારો ચલાવતો આગળ ધસ્યો કનકસીંહ આવ્યાના સમાચાર જાણી રણજીત લશ્કર લઇ નાસવા લાગ્યો તેને કેશરીસીંહ પાછળ પડી દુર સુધી મુકી આવ્યો, તો તેને જવા દઇ આપણે કનકને રાજ્યાભીષેક કરી કેદીઓને તપાસીયે કે ન્યાય કેવો આપે છે.

પ્રકરણ ૧૭ મું.

રાજ્યાભિષેક.

આનંદ આજે હર્ષનો રાજ્યાભિષેક છે કનકનો
આખર તર્યું જે સત્ય તે છે વિજય આજે કનકનો

પ્રિય પાઠક હવે આપણે કનકને રાજગાદીના ખરા વારસ તરીકે માની તેને રાજ્યાભિષેક કેવો કરે છે તે જોઇએ. આજે સવારમાં સુર્ય ભગવાન પણ જેમ કનકના રાજ્યાભિષેકનો આનંદ માનતા હોય તેમ પુર્ણ પ્રકાશમાન થયા હતા. શહેરમાં સઘળે ઠેકાણે ધ્વજા પતાકાઓ લગાવી શુભ અક્ષરોથી આશીર્વાદ આપેલો હતો. ખુશાલીમાં નિશાળો બંધ કરી મહેતાજીઓ પોતાની સ્કુલના વિદ્યાર્થીઓને સારાં લુગડાં પહેરી મંગાવી વધાઇ આપવા તત્પર થઇ રહ્યા હતા. દરબારમાં જતા અમલદારો આજે પોતાને ઇલ્કાબો તથા સારો શીરપાવ મળશે એમ જાણી આનંદથી જતા હતા. આજે દરબારગઢને ઇંદ્રભવન સમાન બનાવવામાં આવ્યો હતો. રાજ્યાભિષેકની સર્વ સામગ્રી તૈયાર રાખવામાં

આવી હતી. વખત થતાં રાજગોર આવી પહોંચ્યા પછી કાર્યની શરૂઆત કરવામાં આવી. રાજ્યનો દંડ કનકસીંહના હાથમાં આપવામાં આવ્યો પછી ગાદી ઉપર બેસવા રાજગોરે આજ્ઞા કરી. કનકસીંહે રાજગાદીને બીજા ખંડમાં ગોઠવાવી હતી તે પર પોતે બેઠો. સર્વેએ મળી ઘણા હર્ષથી આનંદ દર્શાવ્યો.તેવીજ રીતે કનકસીંહે આભાર માન્યો. પછી પાંચ વર્ષની અંદરની શીક્ષા થએલા કેદીઓને મુકત કરવા માટે હુકમ નીકળ્યો હુકમ થતાંજ તેવી શીક્ષા થએલા કેદીઓને મુકત કર્યા સર્વે કેદીઓએ પોતાનો છુટકારો જલદી થયો તેથી આનંદથી આવી પ્રણામ કરી ચાલતા થયા. બાદ અમલદારોને યોગ્ય શીરપાવ આપવામાં આવ્યા. આ સર્વ થઇ રહ્યા પછી નાયકાઓના નાચની શરૂઆત થઇ તેમની કળાકૌશલ્ય અને સામાના મનને હરણ કરવાની તેમની ચાલાકી જોઇ કનકસીંહ ઘણો ખુશ થયો ને તેમને ઈનામ આપી વિદાય કરી. પછી સ્વારી રાજમહેલથી નીકળી. આખા શહેરમાં આજે માણસો તીડાંની માફક ઉભરાતાં હતાં. નીશાળના છોકરાઓને બરફીના પડીઆ વહેંચવામાં આવ્યા. સર્વ ઠેકાણે સલામી લઇ સ્વારી રાજમહેલમાં આવી પહોંચી આજે સર્વ કોઇને આનંદ થતો હતો. પણ કનકસીંહને પોતાની પ્રાણપ્યારી સૌન્દર્યવતીને તપાસ કરવાનો હોવાથી મુખપર શોકની છાયા જણાતી હતી. આવી સ્થિતિમાં પણ ખરો ક્ષત્રિ પોતાના ધર્મને ન ત્યજતાં પોતાના કાર્યમાં કુશળ રહેતો હતો. ત્હેણે કેદીઓને રાજ્યાસન નજીક લાવવા માટે હુકમ કર્યો સર્વ કેદીઓ હાજર થયા. એટલે ચતુરસીંહ દીવાને પ્રથમ પોતાના પુત્રોનો ન્યાય કરવા વિનતિ કરી ચતુર કનકસીંહ પોતાના હાથે અન્યાય ન થાય ને દિવાનને ખોટું ન લાગે માટે

તેમને પોતાને તે ન્યાય આપવા માટે કહ્યું. તે દિવાને કબુલ કર્યું.

દિવાને પોતાના પાપી પુત્રોને લાવવા માટે સીપાઇને હુકમ કર્યો બંને છોકરાઓને પીંજરામાં ઉભા રાખ્યા. છોકરાઓ પોતે ખોટું કાર્ય કર્યું છે ને તેની શી-શીક્ષા થસે તે તથા રૂપવતી એ પ્રથમ કહેલું તે માટે વિચાર કરતો ચંદ્રરાય નીચું જોઈ રહ્યો. આથી ચતુરસીંહે ગુસ્સે થઇ કહ્યું. કુલાંગાર! ધીક્કાર છે તમને કે તમો તમારા પીતાની આબરૂપર પાણી ફેરવવા બેઠા. શું તમો જાણતા નથીકે તમારો આ પીતા ન્યાયથી બાપને પણ શીક્ષા કરવા માટે ચુકે તેમ નથી. તમો આટલું જાણતા છતા આવી અ-નીતીનાં પગલા ભર્યાં તેથી તમને બેવડી શીક્ષા થવી જોઇએ હું જ્યારે મારી આબરૂને માટે મરી રહી છું ત્યારે તમો મારા કુળને બાળી ખાખ કરનાર અંગારા પેદા થયા તમારાં શામમુખ લઇ અહીં આવતા પહેલાંજ જો તમે તમારા હાથે મરણ પામ્યા હોત તો તમારાં મુખ મારે જોવાં ન પડત. જાવ દુષ્ટ પુત્રો તમને તો એવી શીક્ષા કરૂ છું કે જેથી દુનિયાના બીજા પુત્રો તમારા જેવા કાર્યો કરતાં અટકે એમ કહી તેમને મોતને માંચડે લઇ જવા માટે હુકમ કર્યો. આ હુકમ સાંભળી જે દરબારમાં રૂપવતી બેઠી હતી તેણે પોતાના પ્રીયને બચાવવા માટે આપેલું વચન લેવા માટે જવા વિચાર કરતી ઉઠીને પોતાનાં પહેલાંનાં લુગડાં પહેરી દોડતી સબુર ! સબુર ! ના પોકાર કરતી આવી પહોંચી આમ એક બાળકને દોડતો આવતો જોઇ સર્વ કોઇ તેના તરફ જોવા લાગ્યા તે બાળકે આવી દીવાનને હાથ જોડી કહ્યું. દીવાનજી! આપે તે દિવસે આપેલા વચનની યાદ કરો. જો તે વચન સત્ય હોય તો તે મને અત્યારે આપોને ન આપવું.

હોય તો ના કહો. મારૂં આપેલું વચન ફેરવાય કેમ ? આપવું તો પડેજ બાળક ! તું એક ઘડી પછી તારે જે માગવું હોય તે માગ હાલ આ મારા દુષ્ટ પુત્રોને શીક્ષા થવા દે. બાળકે તે સાભળી કહ્યું ? કે જો આપ આપવાજ માગતા હોતો અત્યારેજ આપો ! બાળકની હઠ જોઇ દિવાને માગવા માટે કહ્યું એટલે બાળકે કહ્યું મોતને માચડે ઉભા રાખેલા નણારા પુત્રોને મુક્ત કરો. આ સાંભળી સર્વ કોઇ અજાયબ થયા કે આમ અણીના વખતે આવી છોડાવનાર કોણ હશે તે જાણવા ઉત્સાહીક બન્યા. કનકસીંહ આવી પરોપકારી વૃત્તિ જોઇ બોલ્યા.—

છે કોણ બાળક તું વળી કે માર્ગ ઉપકારી ધર્યો
સાચું જણાવી દે હવે ઉપકાર અમ પર તેં કર્યો
છે ધન્ય તારી માતને, કે પુત્ર રત્ન તું મળ્યો
કહી દે ખરૂ જે હોય તે, શામાટે પંથ આ આદર્યો

આ સાભળી બાળકના વેષે આવેલી રૂપવતી બોલી.

થાઓ અધીરા ના તમે, હું તો સગો છું તમ ઠર્યો
મમ પ્રેમ માટે આ બધો, રસ્તો હતો મેં આદર્યો
સામે ઉભી માતા વળી, જે કપટી ખરી દેખાય છે
મામા જુઓ સામે ઉભી, શું ભાણેજ આ ઓળખાય છે

એમ કહી બુરખો અલગ કર્યો તો પોતાની ભાણેજને જોઈ કનક ખુશી થયો પણ કપટકળાને આગ સળગી ઉઠી કે હાય ? પુત્રી મારૂં સર્વસ્વ નાશ તેંજ કર્યું પણ શું કરે. છોકરાઓને મુક્ત કર્યા પછી બીજા કેદીઓ કે જે રામપુરથી પકડી લાવ્યા હતા તેમને લાવવા હુકમ કર્યો તેઓ હાજર થયા એટલે કનકસીંહ બોલ્યો.

રામસીંહ! બોલો તમે શી રીતે હાવે હું કરૂં
કઇ રીતથી વર્તું હવે ના અન્યાય ડગલું હું ભરૂં.
માનો તમે મનથી ખરૂં કે દરબાર આ છે આ જનકનો
અન્યાય દીનકો આપુ નહિ, સિદ્ધાન એ છે કનકનો

આમ બોલતો તે રાજ્યાસન ઉપર બેસવા માટે ચાલ્યો એટલે રામસીંહે કહ્યું.

ન્યાયી તમે જો હો ખરા તો સીંહાસન શું ચઢી બેઠા
ખરો જો ન્યાય કરવો છે તો તમે ઉતરો અહી હેઠા.
કપટથી કેદ કરીયો છે; તેની છુટ આપું છુ
આપણા બંને તણું અહીયા હું બસ યુદ્ધ માગું છું.

તે એવી શરતે કે આપણા યુદ્ધમા કોઈ આડે આવે નહિ ને તેમાં જે જીતે તેજ ખરો ગણાય! આવું ગર્વનું બોલવું સાંભળી કનકસીંહે હુકમ કર્યો કે અમારા યુદ્ધમાં તમારે કોએઇ હાથ ઘાલવો નહિ આ હુકમ અઘટીત થાય છે એમ દીવાનને સમજાવ્યું પણ કેશરી તે બાળકે માન્યું નહિ તે યુદ્ધ કરવા તૈયાર થયો. બંનેએ સામસામી તરવારના દાવ શરૂ કર્યા કનક બહાદુરીથી રામસીંહની સ્હામે ટકી રહ્યો. તેની ચાલાકી જોઇ રામસીંહ આશ્ચર્ય પામ્યો. પણ એક બાળક સ્હમજી રામસીંહ તેને લઢાવતો હતો. રામસીંહ ધારે તો તેને પુરો કરે એટલો તે બહાદુર હતો આમ ઘણા વખત ચાલ્યું પછી રામસીંહે તેની નજર ચુકાવી કનકની ગરદન પર તલવારનો ઘા કરવા તલવાર ફેંકી પણ પાસે ઉભેલા સીપાઇએ તેમના જાન બચાવા માટે તલવારના એકજ ઝટ

કાથી તેના હાથને છુટો કર્યો. આ કૃત્ય જોઇ કનકસીંહ ક્રોધે ભરાઇ બોલ્યો.

ધડથી ધરો મસ્તક અલગ; હુકમ શા માટે ઉથાપ્યો
અમો બંને હતા લડતા, શા માટે હાથ એ કાપ્યો
હણાયો હોત જો લડતાં, તો મરતે કેશરી હાથે
પડી નાહક અધર્મી તું વાળ્યું મોત તેં માથે

હુકમ થતાંજ ભલા સરદારના પ્રાણ પરલોક પહોંચી જાત પણ રામસીંહે તેમ કરવા ના કહ્યું પછી તેમને સારવાર માટે મોકલી દીધા તો ચાલે આપણે ચાલો બાકી રહેલા કેદીઓને બીજી વખત જોઇશું પણ હાલ પોતાની પ્રાણ પ્યારીને શોધવા જવા માટે જતાં કેટલાક સંકટો આવી પડે છે,

પ્રકરણ ૧૮ મું.

શોધમાં સંકટ.

માનવી મનથી આદરે, કીરતાર ત્યાં ન્યારૂ કરે
અનુસરી ના તે ચાલતાં, વીણ મોતથી પોતે મરે.

આજે સાૈન્દર્યવતીની શોધ માટે કનક તૈયાર થયો હતો ત્યાં ચંદ્રકળા આવી પહોંચી ને પોતાને આપેલા વચનની યાદી દેવડાવી. કનકસીંહે પોતાની નાખુશી બતાવી આથી ચંદ્રકળા ગુસ્સે થઇને પોતાને નીરાશા ઉત્પન્ન કરનારની પાસેથી વેર લેવા માટે વિચાર કર્યો. પણ પ્રથમ તેણે કનકસીંહને જવા દીધો. કનક પોતે જંગલમાં તપાસ કરી એકાદ દીવસમાં પાછો આવવાનો હોવાથી ચતુરસીંહને સર્વ કારભાર સોંપી ગયો હતો, તે જંગલમાં સઘળે ઠેકાણે ગુફાઓ તથા તળેટીઓ તપાસતો ફરતો હતો ત્યાં તેને એક તળાવ ઉપર પર્ણકુટી જણાઇ તેથી તે તે તરફ જવા લાગ્યો તે નજીક પહોંચ્યો તો એક યોગી જેવા જણાતા માણુસને જોયો તેથી તે તેમને પુછવા લાગ્યો. યોગેશ્વર આપ ઘણા વખતથી તપશ્ચર્યા કરતા હો તેવા મહાન તપધારી

જણાવો છો. આપની પાસે હું મહાન આશા ધારી આવ્યો છું. પોતાની સન્મુખ પોતાના સાળાને ઉભેલો જોઇ યોગી વેશે બહાદુરસીંહ હતો તેણે કહ્યું. કેમ ? તમો એક રાજાના પુત્ર છો ને તમો મારી પાસે તમારી હૃદયેશ્વરીનો પત્તો મેળવવા માટે આવ્યા છો. તે તમોને મળશે પણ હાલ નહી મળે. હજુ બીજું તમને જણાવું છું કે તમારા ઉપર હજી એક આફત છે તે થોડાજ વખતમાં પડશે. આમ વાત કરે છે ત્યાં પાસેની પર્ણકુટીમાંથી યોગીની સ્વરૂપે સૌન્દર્યવતી આવી પોતાના સ્વામી કનકને જોતાંજ તે તેને ભેટવા માટે જવા વિચાર કર્યો પણ યોગીએ તેમ ન કરવા માટે ઇશારત કરી યોગીનીને જોઇ કનકસીંહે કહ્યું. આપની વિભુતી પણ મહાન જ્ઞાનેશ્વરી જણાય છે, આ સાંભળી યોગીએ કહ્યું, કુમાર ? તે વિભુતી નહિ પણ મારી ભગીની સમાન દેવી છે તેમના પ્રત્યે મારો પુજ્ય ભાવ છે. કનકસીંહને શંકા પડવાથી પુછયું. ક્ષમા કરજો ગુરૂરાજ ? શું આપનાં આ સગાં ભગીની થાય છે કે કોઇ જંગલમાં ફરતી વનવિહારીણી યોગીનીના લેબાશમાં સમાયેલ છે આમ બોલી તે વિચારવા લાગ્યો કે કદાચ મારી હૃદયેશ્વરી તો ન હોય એમ શંકા થવાથી તેણે ઉપરના શબ્દો યોગીને કહ્યા હતા આમ વિચારમાં પડેલો કુમાર કંઈ નિર્ણય કરી ન શકયો પણ ચતુર યોગીની સમજી ગઇ ને કહ્યું. કુમારશ્રી તમો મારે માટે તમારી હૃદયેશ્વરીના વિચાર ધરાવો છો પણ તમો ભુલ ખાઓ છો તમારી હૃદયેશ્વરી જો કે તમોને મળશે ને તે જ્યારે તમોને મળે ત્યારે નીશાની તરીકે કંઇ આપજો. આપ અહીં વાર્તાવિનોદ કરતાં રાત્રી સમય થયો અર્વે

માણુસોએ ત્યાંજ મુકામ નાખ્યો ને ઇશ્વરભજનમાં રાત્રી પ્રસાર કરવા વિચાર કર્યો તો તેમને ત્યાંજ રહેવા દો.

આ તરફ વિલાસનગરમાં આજે મહાન કાર્ય થવાનું હતું તે એજ કે નીરાશ ચંદ્રકળા પોતાનો અગ્ની કનકનું અહીત કરી હોલવવા માગતી હતી.

મદથી ભરાઈ કનક શું હસ્તી, બની બેઠો અરે ?
મચ્છર બનીને દાઝ લઉં, માથું પછાડી તું મરે ?
તું ના હજી પીછાણુતો, આ ચંદ્રકળાના ખેલને
મુક્ત કરૂં બસ જેલથી, આજે અરે મુજ બેનને

આમ બોલતી તેણે આજે જેલમાંથી કપટકળા તથા કપટસીંહને મળી તેમને મુકત કરવા વિચાર કર્યો. રાત્રીનો સમય નજીક આવ્યો સર્વ શુન્યકાર જણાવા લાગ્યું એટલે ચંદ્રકળાએ જેલના રસ્તે પ્રયાણ કર્યું. તે દરવાજા નજીક આવી આ વખતે દરવાજા પર સીપાઈ પેરો ભરતો હતો તેને સહમજાયું કે જાવ હું જ્યારે ઉઠી તે વખતે મહેલની પાછળના ભાગમાં કોઇ હરામખોરો કંઇ વાતચીત કરતા જણાયા મેં ચાર માણુસને મોકલ્યા છે પણ તેમનાથી પકડી શકાય તેમ નથી માટે તમારી મદદની જરૂર જેવું હોવાથી તમને મોકલવા માટે આવી સીપાઇએ પોતાના ફાનસથી જોયું તો કનકે જેને રામપુરથી પોતાની પ્રાણેશ્વરી બનાવા માટે લાવ્યો હતો તેને જોતાંજ તેના હુકમને માન આપી સીપાઇ ચાલ્યો ગયો તે ગયો એટલે ચંદ્રકળાએ કપટકળાને બોલાવી કહ્યું જુઓ હું તમને અહીંથી મુકત કરૂં પણ ફરીથી ન પકડાવાને ? કદાચ પકડાય તો મને

અડચણ ન કરો તો મારૂં વેર વાળવા બંધાતાં હો તો હું તમને મુક્ત કરૂં પોતાને આમ અણધારી મદદ મળતી જોઇ કપટકળાએ કબુલ કર્યું એટલે તેણે દરવાજા પરથી કુંચીઓનું ઝુમખુ લાવી ઉઘાડી તેમને વિદાય કર્યા. પછી પોતે ત્યાંથી ચાલી ગઈ. આ સઘળું જે પોપટે કપટકળાનું પોગળ ફોડયું હતું તેજ પોપટ આજે અત્યારે અહીં છુપાઇને જોયા કરતો હતો. કારણ કે તે પોપટને કનક પોતાના ખંડમાં રાખતો હતો ને કનકના ગયા પછી ચંદ્રકળા તેજ ખંડમાં સુવા જતી હતી એટલે પોપટ તેના નીકળ્યા પછી પોતે પાછળ ચાલ્યો પોપટને કનક પીંજરામાં રાખતો ન હતો કારણ કે ચાલાક પોપટ રાજમહેલમાં થતી વાતચીત સાંભળી લાવી કનકને જણાવતો હતો માટેજ પોતે એક સોનાની લાકડી કરી પોપટ તે પર બેસી શકે તેવી બેઠક કરી હતી. કપટકળા તથા કપટસીંહ જેલમાંથી જતી વખત એક એક તલવાર તથા તમંચો ને થોડાં કારતુસ લેતાં ગયાં હતાં. ચંદ્રકળા પોતાના શયનગ્રહમાં દાખલ થઇ તે પહેલાં પોપટ પોતાની જગાએ બેઠો હતો. તેણે ચંદ્રકળાને કહ્યું કે તમો આટલી રાતે કયાં ગયાં હતાં તો ચંદ્રકળાએ તેને કામ માટે કહી સમજાવ્યો પોતે જાણતો હતો. પણ જો અત્યારે કંઈ કહે તો પોતાના મોતની વખત આવે માટે બહુ સારૂ કહી પોતે બંધ પડયો.

આ તરફ ચોરને શોધવા જનાર સીપાઈ બધે ફરી થાકયો પણ કંઈ જણાયો નહિ તેથી તે પોતાના પેરાપર પાછો આવ્યો ને તાળું તપાસ્યું તો બરોબર હતું પણ કેદીઓને જોયા નહિ ને તેને શંકા પડે તેમ હતું નહિ કારણ કે જેલ તોડીને નાશે તો બારણું

પણ જેમનાં તેમ હતાં. પણ બા સાહેબ કેમ ચાલ્યાં ગયાં હશે તે વિચાર તેના મન ઉપર આવ્યો પણ તે મોટાં ખરાં તેથી ખબર આપી ગયાં હશે? આમ વિચાર કરતો બીડી સળગાવી તેના ગોટામાં ગુલતાન બનવા લાગ્યો ને બીડીનાં વખાણ કરતો રાત્રિ વિતાવા લાગ્યો.

બીડી ખરે તું છે ખરી, મન મનુષ્યનાં તું ભમાવતી
તુજને પીધા વિણુ પીનારને, ના લેશ અક્કલ આવતી
તુજથી થતા પેદા વળી, ધુમા મહીં ગોટાળો છે
પીના નથી તુજને કદી, તે કેય છે શું લાળો છે.

આમ પોતાના મનથી બોલતો બીડી તાણતો જતો હતો. ત્યાં ચાર વાગ્યાની નોબત થઇ ત્યાં બીડી નાખી દઈ પોતાના કામ પર ધ્યાન લગાવી બેઠો, પણ તેને જરા આજે ચેન પડયું નહિ. કોણ જાણે કે શાથી આજ એને આમ થયું હશે. તે વિચાર કરવા લાગ્યો પાછું ફરીથી બીજી બીડી સળગાવી, હાથમાં ફાનસ લઇ ફરવા લાગ્યો ફરતાં ફરતાં તેની નજર હથીઆર પર પડી તો પોતાની તલવાર તથા તમંચો ને કાર્તુસની ડબી ન જણાઇ તેથી તેણે વિચાર્યું કે બા સાહેબ લઇ ગયાં હશે. એમ ધારી તે બેઠો થોડોક વખત થયો એટલે સ્હવાર થવાને થોડીવાર હતી ત્યાં બીજો પેરાવારો નોકરી પર આવ્યો તેને સોંપી પોતે નિંદ્રા દેવીને શરણે જવા માટે કંઈ ભાંજગડ ન કરતાં ત્યાંથી ચાલવા માંડયું બીજો પહેરેગીર પેરો ભરતો ત્યાંજ ઉભો રહ્યો.

આ તરફ ઇશ્વર ભજનમાં રાત્રી વ્યતીત કરી રહેલો કનક યોગીનીના મુખનાં ભજન સાંભળી વિસ્મય થવા લાગ્યો ને વિચારવા લાગ્યો કે ખરેખર? મારી હૃદયેશ્વરીના જેવો આવાજ કોમળ છે પણ હવે મારાથી શી રીતે પુછાય આમ તર્ક ઉપર તર્ક કરતો કનક નીંદ્રાદેવીને શરણ થયો તે ત્યાં ને ત્યાંજ સુતો એટલે બીજાં માણસો પણ ત્યાંજ સુઈ ગયાં એટલે યોગીની તથા યોગીએ ત્યાંથી થોડેક છેટે કોઇને ખબર ન પડે તેવી ગુફામાં પ્રવેશ કરી છુપાઇ ગયાં. કનકને નિંદામાં સ્વપ્નું આવ્યું કે પોતાની પ્રાણપ્યારી પોતાની પાસે છે ને તે તેને ઓળખી શકતો નથી તે ઉઠી ઉભી થઇ ચાલવા લાગી એટલે તેને પકડવા માટે ઉંઘમાં ને ઉંઘમાં ઉભો થયો તો શુન્યકાર જણાયું અરે? આ તે સ્વપ્ન કે સત્ય હશે યોગી કયાં? યોગીની કયાં? શું સર્વ અદ્રશ્ય થયાં આમ વિચાર કરતો સઘળે તપાસ કરવા લાગ્યો પણ પત્તો લાગ્યો નહિ આમ કરતાં સવાર થઇ પણ કંઇ ન જણાવાથી પોતાના નગર તરફ પ્રયાણ કરવા માટે હુકમ કર્યો સર્વેએ સવાર થતાંમાં ચાલવા માંડયું. આ તરફ નવીન પેરો ભરનાર, સીપાઇ સવારમાં જે રૂમમાં કપટકળા તથા કપટસીંહ કેદ હતાં ત્યાં કોઇને ન જોવાથી ગભરાયો શું તેઓ નાશી ગયાં કે પેલા સીપાઇએ નસાડી મને મોતના મુખમાં હોમ્યો. આમ વિચારો પર વિચારો કરતો દિવાનને ખબર આપવા માટે ગયો આ વખતે દીવાન પરવારી દરબાર તરફજ નવાજુની તપાસવા માટે નીકળવાની તૈયારી કરતા હતા ત્યાં સીપાઇએ ખબર આપી કે કપટકળા તથા કપટસીંહ જેલમાં નથી. આથી ચતુરસીંહ વિચારમાં પડયા ને તેમની તપાસ કરવા માટે જેલખાના

તરફ ગયા. ત્યારે જંગલમાંથી નીકળેલો કનક માણસો સાથે રાજ મહેલમાં આવ્યો એટલે કામલતા તથા રૂપવતી અને ચંદ્રકળા સર્વેએ પત્તો મળ્યાનું પુછવા માંડયું. કનકસીંહ બનેલી વાત કહેવા માટે તૈયારીમાં હતો ત્યાં તપાસ કરવા નીકળેલ દીવાન ત્યાં આવી પહોંચ્યા ને ખબર આપી કે શોધ કરવા જતાં કુમારશ્રી સંકટમાં આવી પડયા ને કપટકળા તથા કપટસીંહ જેલમાંથી નાસી છુટયા. આ સમાચાર સાંભળી પેરાવાળાને બોલાવી મંગાવ્યા. બંને ત્યાં હાજર થયા એટલે તેમને કહ્યું ખરૂં કહો નહી તો જાન ગુમાવશો. કેદી કયાં છે ? પણ કોઇએ જવાબ ન આપ્યો એટલે ગુસ્સે થઈ હુકમ કર્યો જાવ તેમના શીરચ્છેદ કરો ? આ હુકમ સાંભળી બંને ગભરાયા ને તેમનાં શીરચ્છેદ ન કરવા વિનવવા લાગ્યા. હમારી ખરી વીગત જરા કુમારશ્રી સાંભળો ને પછી હુકમ કરો કે હું પેરા પર હતો ત્યાં આ ચંદ્રકળા બા આવ્યાં ને મને ચોરની તપાસ કરવા મોકલ્યો હું તપાસ કરવા માટે ગયો પણ ત્યાં કંઇ ન હોવાથી પાછો આવ્યો ત્યારે ત્યાં તે હાજર ન હતાં મેં તાળું તપાસી જોયું તો બરાબર હતું પછી મારો વખત થયાથી આ સીપાઇને સોંપી ચાલતો થયો પછી શું બન્યું તે હું જાણતો નથી બીજાએ પણ નિર્દોષ હોવાનું જણાવ્યું આમ પુછપાછ ચાલતી હતી ત્યાં ચંદ્રકળાએ જાણ્યું કે હવે આપણા ઉપર આવશે. માટે ચાલી નીકળવામાજ સાર સમજી ઉઠી ચાલવા માંડયું ત્યાં ગેબી અવાજ પોતાના પોપટનો સંભળાયો, પકડો કૃતઘ્ન કામી ચંદ્રકળાને કે જેણે જેલરને થાપ દઇ કેદીઓ નસાડયા છે આ સાંભળી તેને પકડવા સીપાઇને હુકમ કર્યો. ચંદ્રકળા પોતે નિર્દોષ હોવાના બહુ બહુ કીસ્સાઓ અજમાવ્યા પણ કનકસીંહ પોતે જે

૧૨૦. રાજમહેલનું રમખાણ.

પોપટને કદી ખોટું બોલતાં સાંભળ્યો કે સુણ્યો ન હતો તેની વાત કેમ ન માને એટલામાં પોપટ આવ્યો ને બનેલી સર્વ બીના કહી સંભળાવી પછી ચંદ્રકળાને જેલખાનામાં પુરવા માટે હુકમ કર્યો ને સીપાઇઓને છુટા કર્યા તેઓ ચંદ્રકળાને લઇ જેલ તરફ ગયા તો આપણે પણ ચાલો ને ઘણા વખતના પડી રહેલા શત્રુ રણજીતને તપાસીયે કે તે હવે નવું શું કરે છે.

પ્રકરણ ૧૯ મું.

કપટકળાનો કીસ્સો

પાપી જન મનથી કદી, પાપ ના પોતે તજે
હરદમ વીચારે પાપના, તે પાપને હરદમ ભજે.

કપટકળા તથા કપટસીંહ બંનેજણાં જેલમાંથી નાઠા પછી તેમણે રણજીતને મળી તેને લઇ વિલાસનગર પર ચઢી આવવાની તદબીર રચી. પણ રણજીત કયાં હશે તેની તેમને ખબર ન હતી, કારણ કે લઢાઇમાંથી રણજીત નાસી છુટયો હતો. પણ તે તેના મામા અજીતગઢના રાજા અજીતસીંહ પાસે ગયો હશે ધારી તેમણે અજીતગઢ જવાનો વિચાર કર્યો. ને અજીતગઢ જવા માટે ચાલવા માંડયું રસ્તામાં તેમણે એક માણસને અજીતગઢ જઇ ખબર આપવા માટે મોટી લાલચ આપી તેને પોતાની સાથે લીધો તે કોઇ નહિ પણ બહારવટીઆનો સરદાર ભેમલો હતો તેણે અજીતગઢ જવા માટે હા કહ્યું ને ખબર લઇ હું આવું ત્યાં સુધી તમો આ ગુફામાં રહેજો કહી તે ચાલ્યો. તેને એક કાગળ લખી રણજીતને આપ્યો. તે કાગળમાં શું લખ્યું હતું તે વાંચક આગળ જણાશે પણ હાલ આપણે આ જંગલમાં રહી શું કરે છે તે જોઇએ

ભીમલો પોતાના માણસોને આ આપણા અનદાતા છે એમ સમજાવી ગયો હતો એટલે સૌ કોઈ આ બંને પાપી પુતળાંને માનની દષ્ટિયે જોતા હતા કપટકળાએ સર્વ માણસોને પોતાની મોહજાળમાં ફસાવવાની શરૂઆત કરવા માંડી. તે લોકો તેના ઉપર એવા તો મોહી પડયા કે તે જે કહે તે કરવા તૈયાર થતા. એક દિવસ કપટકળા જંગલમાં ફરવા નીકળી તે ફરતી ફરતી જે જગ્યાએ કનકે મુકામ કર્યો હતો તે જગ્યાએ તલાવ પાસેની પર્ણકુટી પાસે આવી તેમાં તપાસ કરી તો કોઇ જણાયું નહિ. આથી તે વિચાર કરવા લાગી કે આ મઢીમાં કોણ રહેતું હશે. કોઈ યોગીની મઢી હોય તેમ જણાય છે એમ વિચાર કરતી તે બીજી મઢી તરફ ગઇ તો ત્યા પણ તેને યોગીનીના વાસ જેવું જણાયું હશે તે હમણાં આવશે એમ વિચારી રાહ જોતી બેઠી એટલામાં યોગી રૂપ જે બહાદુરસીંહ હતો તે ગુફામાંથી ફળ લેવા માટે નીકળેલો તે ત્યાં આવી ચઢયો પોતાની મઢીમાં કોઈ સ્ત્રી બેઠેલી જોઇ તે વિચારમાં પડયો પણ નજીક આવતાં જણાયું કે પોતાની પત્ની કે જેને માટે પોતાને આ વસ્ત્રો ધારણ કરવાં પડયાં હતાં. તેને જોઇ ક્રોધ તો વ્યાપ્યો પણ તેને સમાવી બોલ્યો ? ભલી બાઇ ? તુમ કોન હો કે આમ આકર મઢીમાં બેઠકર હમારી મઢી અપવિત્ર કર દઇ તુમારા જેસે પાપી મનુષ્યકો લીયે એ સ્થાન નહિ હે ? આ સાંભળી કપટકળાને ગુસ્સો આવ્યો. પણ તે પહેલાં યોગીએ જણાવ્યું ગુસ્સા કાયકુ કરતી હે તું બડી પાપીની હે તુને તેરે પીતા ઓર માતાકો માર ડાલે હે ! ઓર તુમ અવર પુરૂષ કે સાથ જાર કર્મ રમતીથી ઇસસે તેરા સ્વામી ભાગ ગયા હે ? હમ

ઇધર બેઠે બેઠે સબ કુછ સમાધીસે જાન લેતે હે? ઓર તુમ જેલ-મેસે ભાગ કર આયે હો ? કહો સચ હે ઓર જુઠ.

આમ પોતાની વાત યોગીના મુખથી સાંભળી કપટકળાને આશ્ચર્ય લાગ્યું ને આ ખરેખરા સર્વ વાતના જાણનારા મહાન તપસ્વી હો એમ જણાય છે માટે લાવ હું પુછું કે મારી ઇચ્છા પુર્ણ થશે કે નહિ. એમ વિચારી યોગીને પુછ્યું, યોગી સમજી ગયા કે આ પાપણીને રાજ્યની ઇચ્છા છે તે હજુ તેની પુર્ણ થઇ નથી. એટલે તેમણે કહ્યું તુમ જે વિચાર કર રહે હો વો તમારા કાર્ય જબ તક તમારા સ્વામી નહિ મિલે તબતક પુરા ન હોગા કદાચ દુસરા રસ્તા હે વો તુમ કરો તો જરૂર તુમકો રાજગાદી પ્રાપ્ત હોજાય; તે રસ્તો કયો તે જણાવવા કૃપા કરશો. એમ અધીરાઇથી પુછ્યું એટલે યોગીએ જણાવ્યું કે તુમકો હમ એક જડીબુટી દેવે ઓ તુમ જીસકે પે અજમાયશ કરો ઓ તમારે આધીન હો જાય ઓર જીસકો ટુકડા ખીલાવ વો રાજા બન જાય. પણ એ બુટીકી કીંમત મેં નહિ લેતા હું પણ જબ તુમ રાજગાદી પ્રાપ્ત કર શકો ઉસ વકત મેં આઉં તબ તુમ ભુલ ન જાવ ઉસલીયે એક ચીઠી હમકો લીખદો એટલે ગરજના માર્યા કપટકળાએ ચીઠી લખી આપી તેમાં લખ્યું હતું.

યોગેશ્વર તમોએ મને જે બુટી આપી છે તેના બદલામાં હું તમોને જ્યારે રાજગાદી પ્રાપ્ત કરીશ તે વખતે તમો જે માગો તે હું આપીશ.

એજ લી.

કપટકળા

ચીઠી લખી આપી કપટકળા ચાલતી થઇ તેણે જઇ પોતાના પ્રેમી કપટસીંહને વાત કરી. તેથી તે ત્યાં યોગીને જોવા માટે ગયો. આ વખતે યોગીની પણ ત્યાં હતાં. પોતાના દુશ્મનને પોતાની નજીક આવતો જોઇ સૌંદર્યવતીના ક્રોધનો પાર રહ્યો નહિ પણ પોતે તેને દબાવી યુક્તીથી કામ લેવા વિચાર્યું. કપટસીંહે આવી બંનેને પ્રણામ કર્યા તેનો યોગ્ય સત્કાર યોગીએ કર્યો પણ યોગીનીની આંખમાં ક્રોધની જ્વાળા સળગી રહી હતી તેણે કહ્યું. કેમ તમો કોણ છો ? ને શા માટે આમ જંગલમાં પડી રહો છો તમો એક રાજકુટુંબને શોભાવો તેમ તમારી મુખાકૃતી ઉપરથી જણાય છે. તમારે માથે મારા ધારવા પ્રમાણે સંકટ આવી પડયું છે, ને તેને મુકત કરવા તમો આમ જંગલમાં ફરતાં ફરો છો પણ તમારૂં દુખ હાલ દુર થાય તેમ નથી. આમ બોલી યોગીનીએ ચાલવા માંડયું યોગીની ઉભાં થવા માટે ઉઠયાં તો તેમની કમરમાં પીસ્તોલ જણાઇ તે કપટકળાના જોવામાં આવી તેથી વેમાવા લાગી પણ કંઇ ન બોલતાં તેઓએ ચાલવા માંડયું. તેમના ગયા પછી યોગીએ તેમની ઓળખ જાણી લીધી.

આ તરફ કાગળ લઈ નીકળેલો ભેમલો અજીતગઢ આવ્યો ને અજીતસીંહના દરબારમાં ગયો ત્યાં જઇ તેણે પુછ્યું સરદાર રણજીત સીંહજી કયાં છે એટલે જે રાજાની પાસે બેઠેલો હતો તે ઉઠી નીચે આવ્યો ને પુછયું કેમ ? શું કામ છે એટલે ભેમલે કહ્યું તમારૂં નામ રણજીતસીંહ છે લ્યો આ કાગળ કહી કાગળ આપ્યો કાગળ રણજીતે ફાડી વાંચવા માંડયો તેમાં લખ્યું હતું કેઃ—

પ્રિય સરદાર રણજીતસીંહ?

આપને હમારે મળી ખાસ વાત કરવાની છે માટે જો તમો તમારા વેરની પુર્ણાહુતી કરવા માગતા હોતો અમો તમોને જરૂરથી મદદ કરીશું. માટે જો આપનો વિચાર હોય તો જણાવશો.

એજ લી૦

કપટકળા તથા કપટસીંહ

આ કાગળ વાંચી રણજીતે જવાબ લખી આપ્યો. તે લઇ ભેમલો ચાલતો થયો. તે લઇ જે ઠેકાણે કપટકળા તથા કપટસીંહ હતાં ત્યાં આવ્યો ને કાગળ આપ્યો.

કપટકળા તથા કપટસીંહ

વિ૦ આપનો કાગળ આવ્યો છે મારા હૃદયમાં સળગતી આગ બુજાવા માટે ઘણા વખતથી વિચાર ચાલ્યા કરતો હતો તે આજે તમારી સહાયતા મળવાથી મને ઉમેદ વધી માટે તમો જલદી આવી મને મળો. પછી આપણે વ્યવસ્થા કરીશું.

લી. રણજીતસીંહ.

કાગળ વાંચી બંનેએ ત્યાં જવા વિચાર કર્યો ને તેઓ ભેમલો તથા તેનાં કેટલાક માણસો લઇ અજીતગઢ તરફ જવા નીકળ્યો તેઓ થોડોક વખત યોગીની મુલાકાત લેવા ચુકયા નહી ને યોગીને જણાવ્યું કે ગુરૂજી! હમો અજીતગઢ તરફ જઇએ છીએ તો ત્યાં અમારી ધારણા પુર્ણ થશે કે નહિ એટલે યોગીએ જણાવ્યું કે તમારૂં કામ ત્યાંથી પુર્ણ થશે પણ તમોને આગળ ઘણી અડચણો વેઠવી પડશે. તમારે જવું હોય તો જાવ. એટલે સર્વે વિદાય થયા તો આપણે હવે ચાલો ને તપાસીયે કે આ વાતની ખબર કનકને કેવી રીતે મળે છે તે જાણીયે.

પ્રકરણ ૨૦ મું.

ભેદી કાગળ.

કાગળ લખ્યો ભેદી ખરો પ્રકાશ કીધું પાપને
કરશે દગો જે જન કદી ઉલટો ફસાવે આપને

પ્રિય પાઠક હવે આપણે તપાસીએ કે કનકસીંહના જંગલમાં ગયા પછી જે બનાવ બન્યો હતો તે પોપટે જાહેર કર્યું પછી ચંદ્રકળાનું શું થયું તે તપાસીએ ચંદ્રકળાને પકડી બીજે દીવસે દરબારમાં હાજર કરી. ન્યાયાસન ઉપર બેઠેલો કનક તેને કહેવા લાગ્યો.

વિષયાંધ થઇને કામીની શું કૃત્ય આ કુડું કર્યું
જેણે કર્યાં કૃત્યો કુડાં જો ફળ તેનું શું મળ્યું
કૃત્રીમ પ્રેમમાં હું ફસાઈ શું તને હું પ્રેમ દઉં
ધીક્કાર છે કે તુજને સ્ત્રી છે વિશેષ હું શું કહું

જા? તારૂં શામ મુખ લઇ અહીંથી ચાલી જા, તું સ્ત્રી છે માટેજ તને જીવતી જવા દઉં છું નહીતર આમ ન જવા દઉ પણ ફરીથી જો કંઈ આવું કૃત્ય કર્યું તો જાણજે કે જરૂર મરણને શરણ થઇશ. આટલું બોલી રહ્યા પછી ચંદ્રકળાએ કહ્યું.

જુઓ વિચારીને તમે શું કોલ મુજને આપીઓ
ઉંડે કુવે ઉતારીને શું દોર હાવે કાપીઓ
તમ પર ભરોસો રાખીને રસ્તો બતાવ્યો આપને
બદલો મને આપ્યો ખરો પકડાવ્યો જ્યારે બાપને

કુમાર મેં તમારા ભરોસાથી મારાં માતા પીતાને સપડાવ્યાં ત્યારે તેના બદલામાં આ ઇનામ આપ્યું એટલે કનકે કહ્યું.

પાપાત્મા થઇ તું હવે, શું પ્રેમ મારો શોધતી
આવી હતી તું છાવણી, મુજને અરે તું ખોળતી
માબાપને દઇ છેહ તેં, શાને હવે ફુલાય છે
આ કૃત્ય તારાં જોઇ મને, બસ લાય અંગમાં થાય છે

માટે જા હવે વધુ વખત મને ન સતાવીશ તું તારે માર્ગે ચાલી જા ? ચંદ્રકળા નીચું મસ્તક રાખી ત્યાંથી ચાલતી થઇ પછી તેણે એલચીઓને બોલાવ્યા તેમને હાજર કર્યા, એટલે કનક બોલ્યો.

પાપાત્મા થઇ પુતળાં, શું કપટજાળ આ પાથરી
વિશ્વાસ છે સઉ રાજ્યનો, ત્યાં બેવફા શું આદરી
ખાધું તમે છે અન્ન જેનું આ દીધો બદલો હવે
જાઓ તમારાં શામ મુખ લઇ, ના આવશો અહીંયાં તમે

ઓ રાજ્યના નિકંદન કરનારા ગુલામો તમારા ઉપર આખા રાજ્યનો આધાર રહેલો છે છતાં આજ દીન સુધી તમારા પુર્વજોમાં આવું કૃત્ય કરનાર કોઇ પણ નીકળ્યું ન હતું. છતાં તમોએ તમારા કુળને આજે કલંકીત કર્યું તમારા આ આચરણોની

તમોને એવી તો શીક્ષા કરવી જોઇએ કે તમારૂં જોઈ બીજા પણ તેમ કરતાં વિચાર કરે. પણ તમારા બાપદાદાની વફાદારી જોઇ તમને શીક્ષા ન કરતાં દેશનિકાલ કરૂં છું. માટે જાવ નીમકહરામો મારા રાજ્યની હદ બહાર થાઓ. આમ સજા કરી બીજી કેટલીક રાજ્યને લગતી વાતચીત કરી.

આ તરફ જંગલમાંથી બહાદુરસીંહે એક માણસને કાગળ લખી આપ્યો ને તેને વિલાસનગરમાં કુમાર કનકસીંહને આપવા માટે કહ્યું માણસ કાગળ લઇ ચાલ્યો. તે વિલાસનગરના રાજ્ય-મહેલ નજીક આવ્યો પછી પોતે ત્યાં કેવી રીતે જવું તે બાબત વિચાર કરવા લાગ્યો એટલામાં એક સીપાઇએ તેને પુછયું એટલે તેણે કનકને મળવાનું નામ દીધું એટલે સીપાઇ તેને લઇ દરબારમાં લાવ્યો આ વખતે કનકસીંહ તથા દીવાન બંને રાજ્યને લગતી બાબતનો વિચાર કરતા હતા ત્યાં તેમને કાગળ આપ્યો. કનકે કાગળ લઈ વાંચવા માંડયો.

ભેદી કાગળ

કુમારશ્રી.

તમારા શીરપર થોડાજ વખતમાં મહાન સંકટ આવનાર છે. તે સંકટ લાવનાર કોઈ નથી પણ તમો જેને માટે બહુ બહુ સંકટો ઉઠાવી આખરે તમોએ દુઃખ દરીયામાં ધકેલ્યાં તે પાપી પુતળાં હાલજ અજીતગઢ ગયાં છે માટે તમો તમારી તૈયારી કરજો.

લી૦

ભેદી૦

કાગળ વાંચી રહ્યા બાદ કનક વિચાર તરંગો ઉપર ચઢયો પણ તેને કંઈ સમજાયું નહી આ કાગળ લખનાર કોણ હશે તે પણ જણાયું નહી માટે આવનાર માણસને પુછયું તો તેણે જણાવ્યું કે કુમારશ્રી તમોને તે હું નહી કહું મને કાગળ આપનારે નામ જણાવા માટે ના કહ્યું છે માટેજ હું તમોને કહી શકતો નથી તો માફ કરશો. તેને તેના કામ બદલ યોગ્ય શીરપાવ આપી વીદાય કર્યો તે માણસ ત્યાંથી વીદાય થયો.

આ તરફ કપટકળા તથા કપટસીંહ બંને માણસો સાથે અજીતગઢ આવી પહોંચ્યાં તેમને ઉતરવા માટે યોગ્ય બંદોબસ્ત કરી આપ્યો પછી રાતે રણજીત તેમને મળવા માટે ગયો ત્યા તેમની સાથે વાતચીત કરી મોટું લશ્કર લઈ વીલાસનગરને ઘેરી છાપો મારવા માટે વીચાર કર્યો કપટકળાએ તેમને છુપા રસ્તેથી મહેલમાં દાખલ કરી વીના મુશ્કેલીએ રાજ્યગાદી આપવાની હીંમત આપી આથી તે લશ્કર લઇ તે તરફ જવા માટે બે દીવસમાં ઉપડવા વીચાર કરી વીખુટાં થયાં તો આપણે પણ જુદા પડી જોઇએ કે ચંદ્રકળા પોતાનું વેર કેવી રીતે લે છે તે આગળ જોઇશું.

પ્રકરણ ૨૧ મું.

જડીબુટી.

બુટી ખરી છે જંગલી, ખાતાં સૌ સારૂં થશે;
ખાવે કદાપી સાણુાજન, પ્રિયા તજી ચાલ્યો જશે.

રણજીત પોતે બે દિવસમાં કુચ કરવાનો હોવાથી પોતાના મામાને કહી એક મોટું જબરજસ્ત સૈન્ય પાછું એકઠું કર્યું ને તેની સરદારી નીચે સર્વ સૈન્ય લઈ નીકળી પડયો સાથે કપટસીંહ તથા કપટકળા આવેલાં હતાં, તે રસ્તામાં વિલાસનગરના જંગલમાં જ્યાં પેલા યોગી રહેતા હતા તે તલાવ પર પડાવ નાંખ્યો યોગી આ સર્વ લશ્કર જોઇ મનમાં વિચારવા લાગ્યા કે ખરેખર આટલા લશ્કરની સામે કનકસીંહનું જોર ચાલી શકશે નહિ માટે તેને મદદ કરવી જોઇએ. એમ વિચારી તેમણે એક માણુસને અમરગઢ તરફ મદદ માટે કહી મોકલ્યો. ને બીજો માણુસ રૂપગઢ કામલતાના પિતા તરફ મોકલ્યો. માણુસો રવાના કર્યા પછી તેઓ યોગીની સાથે વાર્તાલાપ કરતા હતા. ત્યાં રણજીત કપટકળા તથા કપટસીંહ આવ્યા તેમને જોઈ યોગીએ આવકાર આપ્યો સર્વે ત્યાં બેઠા પછી યોગીએ તેમને પુછ્યું. કુમારશ્રી તમો આટલું સૈન્ય લઇ

ક્યાં જવા ધારો છો. શું કોઇ રાજ્યને છાપો મારી રાજ્ય પચાવી પડવાની ઉમેદ મનમાં રાખી જાઓ છો. આવું યોગીનું બોલવું સાંભળી રણજીતે કહ્યું યોગેશ્વર! આપના વચનો પરથી એમ સ્હમજાય છે કે આપ સર્વ વાત જાણી શકો છો તો ગુરૂરાજ! અમારા પર કૃપા કરી કહેશો કે અમોને અમારા કાર્યમાં ફતેહ મળશે કે નહિ. એટલે યોગીએ જણાવ્યું કે કુમાર તમે એક વખત કનકસીંહ સામે થયા હતા પણ તે વખતે તમારે નાસવું પડયું હતું તેમ કદાચ બને ખરૂં? પણ કનકસીંહ જરૂર સાવચેત ને બાહોશ છે. જો કે તેની પાસે આટલું લશ્કર હશે નહિ તથાપી તે ડરશે પણ નહિ.

કનક છે કેશરી બાળક કદીયે ઘાસ નહી ખાસે
ઘેરાયે સીંહ પીંજરામા તથાપી તે ફરે હાંસે
હજારો દુશ્મનો હરવા કનકસીંહ છે ખરો ક્ષત્રી
ખરે છે કુમળુ બાળક હજુ ઉગે દંતી ખત્રી

આમ બોલી યોગીએ કનકનાં ઘણાં વખાણ કર્યા. યોગીના મુખથી આવા વખાણ સુણી રણજીતને શક પેદા થયો કે કદાચ યોગીના વેશમાં કોઇ કનકસીંહનો માણસ તો ન હોય આમ વિચાર કરતો તેણે ઉઠી ચાલવા માંડયું. કપટકળા તથા કપટસીંહ ત્યાંજ બેસી રહ્યાં હતાં તે અત્યારે મનમાં વિચાર કરતાં જણાતાં હતાં તે શું વિચાર કરતા હશે તે તે પોતેજ જાણી બેસી રહ્યા નહી પણ થોડીક વારે કપટકળા બોલી યોગેશ્વર! આપની બુટીની યજમાયશ હું પોતે કરી ચુકી છું ને તેમાંની અડધી આ અમારી સાથે રહેતા અમારા માનવંતાને આપી છે. યોગીએ વિચાર્યું કે આ કુલટાને

ખબર નથી કે આનું સર્વ પોગળ હું જાણું છું મને ન ઓળખ-વાથીજ તે અત્યારે આમ બોલે છે પણ હજુ પોતાનું પાપકર્મ તજતી નથી માટે તેમને જરા ભય અને શોકમાં નાખવાની આ ખરી વખત છે એમ સમજી યોગીએ કહ્યું અરે ! આ શું કર્યું. તમો પુરી વાત જાણ્યા સીવાય આ કાર્ય કર્યું તેથી મહાન ભયંકર પરી-ણામ આવશે. ને તે માટે તમારે ઘણું સંકટ વેઠવું પડશે માટે તમો મારી સાથે એક બાજુ આવો તમોને હું ખરી બીના જણાવું એટલે કપટકળા ઉઠી એક બાજુ ગઇ એટલે યોગીએ કહ્યું તમે તમારા પ્રેમીને બુટી ખવડાવી એ ઘણું ખોટું કર્યું કારણ કે હવે તે બુટીમાં એવો ચમત્કાર છે કે પુરૂષ ખાય તો પોતાની પ્રિયાને દુખ દરીયામાં હડસેલવાની મતી થાય માટે ચેતો ને તેનો રસ્તો પ્રથમથીજ કરો કપટથી ભરેલી કપટકળા આ ભેદ સ્હમજી શકી નહી ને તેના અંતઃકરણમાં જે સ્થળે પ્રેમનો વાસ હતો ત્યાં ઝેરનો પ્રવેશ થયો ને ઇર્ષાની આગમાં સળગવા લાગી કપટકળા કપટ-સીંહને લઇ ચાલી એટલે કપટસીંહે પુછયું કે યોગીએ બુટી માટે શું કહ્યું. કપટકળાએ ખરી વાત ન જણાવતાં પોતે યોગીનું કહેલું છુપાવી રાખવા પ્રયત્ન કર્યો પણ કપટસીંહને ખરૂ ન લાગવાથી તેના ઉપર વેમાયો. એટલે પોતે કંઇ ન બોલતાં ત્યાંથી ચાલતો થયો આથી કપટકળા સમજી ગઈ કે જરૂર યોગીનું કહેવું સત્યજ હશે નહીતર આમ કપટસીંહ કોઇ દીવસ નહી ને આજે આવી રીતે ચાલ્યો જાય એ બનેજ નહી પણ લાવ હું પોતે પુછી તો જોઉં એમ વિચારી બોલી પ્રિય ! શું તમો મારા ઉપર શકમય દ્રષ્ટિથી જુઓ છો તે આમ અચાનક મોં ચઢાવી

ચાલતા થયા કહી તે કપટસીંહને ગળે વળગી પડી કૃત્રિમ પ્રેમમાં ફસાયેલ કપટસીંહ ન સમજ્યો કે હું જેને માટે આટલું ઘોર કર્મ કરી રહ્યો છું તે મારે માટે આજથી કંઇ જુદાજ વિચારો ધરાવે છે આમ બંને જણાં પ્રેમ સાગરમાં પડયાં. આમ તારામૈત્રીક ચાલ્યું હતું. તેવામાં સામે કોઈ સ્ત્રીના વેશે આવતું જણાયું. બંને તે જોવા માટે ઉભાં. ત્યાં એક વ્યકતી આવી ઉભી રહી તે બીજી કોઇ નહિ પણ રણજીતની બેન આવી રણજીતની બેનને કપટકળા ઓળખતી હતી ને જેણે જેલમાંથી પોતાને મુકત કરી વેર લેવા માટે પોતાની પાસેથી વચન લીધું છે તેને બોલાવી પોતે તેને સર્વ વાત પુછવા લાગી કેમ ચંદ્રકળા તમો અહીં કેમ? શું તમને ત્યાં શાન્ત સ્થાન ન મળ્યું? એટલે ચંદ્રકળાએ કહ્યું બેન? મેં મારે હાથેજ મારા પગ ઉપર કુહાડી મારી હવે કોને દોષ દેઉં. ઉલટાં મારાં માત પીતાને ફસાવી શતરૂને સ્વાધીન કર્યાં ને ભાઇને રખડતો કર્યો. હવે હું કયાં જાઉં ને શું કરૂં, મારૂં વેર લે તેવું હવે કોઇ નથી. માત્ર મારો ભાઈ છે પણ તેનો કંઇ પત્તો લાગશે તો હું તેને સમજાવીશ.

એટલામાં રણજીત ત્યાં આવી ચઢયો. પોતાની બેનને જોઈ રણજીતે કહ્યું બેન તમો કેમ અહીં શું તમોને પણ શતરૂએ દુઃખ દરીયામાં ધકેલી મુકયાં કે આમ રખડતા રહેવાનું થયું અત્યારે અચાનક જંગલમાં પગે ચાલી જવાનું કારણ શું તમને સાસરીમાંથી કંઇ કારણ બન્યું પોતાનો ભાઈ કંઇ વાત જાણતો નથી એમ સમજી ચંદ્રકળાએ કહ્યું. ભાઇ મને કનકસીંહ પીતાજી સાથેજ કેદ કરી લઈ ગયો હતો પણ હું અહીં નાસી છુટી છું ને

પિતા તથામાતા જેલમાં છે. પીનાનો હાથ કપાઇ ગયો છે. પોતાના પિતાનો હાથ કપાયો જાણી રણજીત ગુસ્સે થયો ને એ હાથના કાપનારને પુર્ણ શિક્ષા કર્યા વિના ન રહું કહી બોલતો ચાલ્યો.

કરૂં શિક્ષા પુરી પાપી પછાડું પાતાળે તુજને
લઉં હું વેરનો બદલો પીછાણે ના હજુ મુજને
ખરેખર ઝેરી સાપજ હું ફેલાવું વીષની જ્વાળા
કનક તું જાણજે મનમાં થશે નહી હાલ તુજ સારા

આમ બોલતો સર્વેને લઇ ચાલ્યો તો આપણે ચાલો કે કનક ને રણજીત શું કરે છે તે જોઇએ

પ્રકરણ ૨૨ મું.

રણજીત અને કનક

શુરા ઉભા છે સીંહ સામે શીયાળ હવે કોણ થાય છે
પીતા અને ભગીની તણું હવે વેર લેવા જાય છે.

રણજીત પોતાના માતપિતા તથા ભગીનીના વેરને માટે વિલાસનગર જવા માટે ઉપડયો. સર્વ લશ્કર સાથે બીજા દીવસે આવી શહેરને ઘેર્યું, શહેરને ઘેરો ઘલાયો છે એમ કનકે જાણ્યું એટલે સૈન્યને સાવચેત થવા સુચવ્યું સર્વ લશ્કર તૈયાર થઇ દરવાજા નજીક આવી પહોંચ્યું. આજે શહેરમાં ભારે ધમાલ ચાલતી હતી. કારણકે બહાર અથાગ સૈન્યની સામે આ વખતે કનકસીંહ ફાવી શકે તેમ નથી માટે રજપુતો તથા રજપુતાણીઓ પોતાના બાળરાજા કનકસીંહને મદદ કરવા માટે માંહે માંહે તૈયારીઓ કરી રહ્યા હતા. કનકસીંહે વિચાર્યું કે જો કે આટલા મોટા સૈન્યની સામે થવામાં જરા ભય જેવું છે ખરૂં ? પણ તેથી નહી ડરતાં પોતે હિમતથી લડવા માટે તૈયાર હતો તેણે ગુપ્ત રીતે તપાસ કરાવી તો કમળસીંહ તથા કમળકળા પણ રણજીતને મદદ કરવા માટે આવ્યા

હતા. આથી તેના ક્રોધનો પાર રહ્યો નહીં તે બોલ્યો.

સુવાડુ રણ મહીં આજે સબળ શતરૂ થયા સામા
નથી પરવા જરી કરતો ભલે નાખી પડે ધામા
હજારો દુશ્મનોને હું કરૂં પળ મંહી અરે પુરા
સુવાડુ શતરૂઓ રણમાં કરી શરીર તણા ચુરા

આમ બોલતો તે દરવાજા પાસે આવ્યો લડાઇની સર્વ તૈયારીઓ હોવાથી બ્યુગલ થયું તે સાથે શહેરના મોટા દરવાજેથી સૈન્ય બહાર આવ્યું, જેમ હજારો શીયાળવાના ઘેરામાં ઘેરાયેલો કેશરી મરણીયો થઇ નાસી છુટે તેમ તમામ યોદ્ધાઓ નાસી ગયા. રણજીત તથા કનક સામે ઉભી ઉભા જોયા કરતા હતા તે વખતે કપટકળા ત્યાંથી નાસી છૂટી શહેરના પાછળના દરવાજે જઇને ત્યાં કોટ ચઢી ઉતરી અંદર દાખલ થઈ પછી દરવાજો ઉઘાડી કેટલાક માણસો દાખલ કર્યા પછી તેણે રાજગાદીને છાપો મારવાની ઉત્તમ તક મળેલી જાણી ત્યાં જવા માટે વિચાર કર્યો તેથી તે રાજ્યગાદી તરફ જવા લાગી પણ તે ત્યાં ફાવી નહી કારણ કે કનકસીંહ સર્વ લશ્કર લઇ લડાઇમાં ગયા થોડાક માણસો ગાદીના રક્ષણ માટે મુકી ગયા હતા પણ તેમને જોઇએ તેટલી મદદ ન હતી. આ વાતની ખબર રૂપવંતી તથા કામલતાને પડી એટલે તેમણે રાજગાદીના રક્ષણ માટે ક્ષત્રાણીયોનો જબરદસ્ત પેરો મુકયો હતો. આ વખતે એક એક ક્ષત્રાણીની નસેનસમાં ખરૂં ક્ષત્યાણી માતાની કુંખ દીપાવવાનું જનુન વહેતું હતું. તેઓએ પોતાના માથાંના વાળ છુટા મુકયા હતા તેથી તેમના ક્રોધને વધારે ઉત્તેજન આપતા જનુન દેખાડતા

હતા. રૂપવતી રાજ્યસીંહાસનની નજીક ઉભી હતી કામલતા પોતે ગુપ્ત રસ્તે કેટલીક ક્ષત્રાણીયોને લઈ ભરાઇ બેઠી હતી ચંદ્રરાય તથા પ્રેમરાય માણસો સાથે ગાદીના મુખ્ય દરવાજે ઉભા હતા. આમ સર્વ ગોઠવણ થઇ રહી હતી. કપટકળા માણસો સાથે આવી ચંદ્રરાયને જોઇ તે બોલી.

અરે ઓ બાળકા આ શું વચન શાને વિસારે છે
કરેલા ઉપકારો સર્વે અહીં શું તું ગુમાવે છે
કરીને સહાયતા મુજને, બની જા રાજ્યનો રાજા
નહીં તો કોપ મારામાં, રહેશો નહિ તમે સાજા

એમ કહી તેને પોતાના પક્ષમાં લેવા માટે સમજાવા લાગી. પણ ચંદ્રરાય જે એક વખત તેના સંગથી મોતમાંથી બચ્યો હતો, તે તેને હવે તેને નમ્યું આપે તેવો ન હતો એટલે તેણે કહ્યું.

હતો જે દિન બાળક હું નથી આજે રહ્યો તેવો
ગયા સર્વે દિવસ પહેલા અધર્મી થઉં નથી એવો
ઉંડી આશા ધરી મનમાં ભર્યું તું પાપમાં પગલું
સફળ થઇ આશ એ મારી હવે ત્યાં નહિ ભરૂં ડગલું

આમ બોલી તેણે કપટકળાને કહ્યું. કપટી કપટકળા તે દીવસો જતા રહ્યા, કારણ કે તે વખતે મેં મારી અણસમજવામાં તમારા પાપ પંથમાં ભળી મારા જાનની હાની થવાનો પ્રસંગ આવ્યો. હતો. હવે ફરીથી એવી વખત ન લાવવા આ ચંદ્રરાય ચેતતોજ રહેશે તું તારાં આ પાપ કર્મ ત્યજી અહીંથી પાછી વળ તું એમ સમજતી હશે કે સર્વ લડાઇમાં ગયા હશે પણ તેમાં તું ભુલ

ખાય છે. અહીં તારા તથા તારા યોદ્ધાઓને હણે એવા મહાન સમર્થ લડવૈયા ગાદીના રક્ષણ માટે તૈયાર છે આગળ ડગલું ભરી નાહક જીવનું જોખમ ન ખેડીશ.

વિચારો હે ત્યજી તારા, નથી કંઇ સાર લડવામાં
ઉભા છે સર્વ શુરાઓ, હણાશે પળમાં લડવામાં
ઉમેદ તારી ત્યજી હાવે, શરણુ થા ભાઇને નમતી,
નહિ તો મોતવીણુ મરશે, અગર ફરશે વને ભમતી

કપટકળા ક્રોધથી બોલી.

વદી બીરૂ તથા શબ્દો, મને શું તું ડરાવે છે
થઈ છે રાજ્યની ઇચ્છા, સદા મુજને તે સતાવે છે
નથી કંઇ આજ બચવાના, તમો તેમજ કનકસીંહજી
સર્વને પળ મહીં હણશે, સબળ યોદ્ધો રણજીતસીંહજી

આમ બોલતી તેણે ચંદ્રરાય ઉપર ફેર કર્યો. ચંદ્રરાયે તે ચુકાવ્યો પણ આ અવાજ સાંભળી ગાદી નજીક પેરો ભરતી કામલત્તા ત્યાં દોડી આવી ને બીજો અવાજ કરતા પહેલાં બોલી ઉઠી.

સબુર કર પાપી માતા તું નથી અહીં દાદ ગળવાની
ઉમેદ સર્વે રહે મનમાં, વીના મોતે તું મરવાની
નથી એ સ્હેલમાં લેવી, કનકની રાજ્યગાદી ને
રહી છું આજ સંભાળી, મામાની રાજ્યગાદીને

એમ બોલતી ત્યાં આવી પોતાની પુત્રીને આજે પોતાની સ્હામે આવતી જોઇ તે બોલી.

અરે! પુત્રી થઇ મ્હારી, શું સ્હામી આજ થાયે છે;
ઉછેરી આવડી કીધી, હણતાં લાજ આવે છે.
ખરે તું એકની એક છે, છતાં અધર્મી દીસે છે.
મળી જા માત તારીને, રહ્યું તે સુખ વીશે છે.

આમ બોલી તે આગળ આવી પણ કપટકળાને આગળ આવતાં અટકાવી કામલતા છુપાયેલી તે નીકળી આવી પાછળથી કપટકળાને પકડી લીધી આમ ખુબીથી પોતાને પકડેલી જોઈ સર્વેને સ્હમજાવા લાગી કે શાબાશ ભાભી! શાબાશ! તમારી બહાદુરી જોઇ ઘણી ખુશ થાઉં છું. હું કઇ ગાદીની ઇચ્છાથી આવી ન હતી પણ તમોને મદદ કર્તા થવા મારા થોડા માણસો સાથે આવી હતી ચતુર કામ-લતા કંઇ તેના આ શબ્દોથી ભરમાય તેમ ન હતી તેણે કહ્યું નણંદ જો કે તે દીવસે તમારી મુખત્યારીની વાત હતી છતાં ભરી સભામાં કરેલા હુકમને અભીમાનથી દર્શાવતાં હતાં તે સમય હજુ મારી નજરે દેખાય છે તેમ છતાં હું તમોને કંઇ કહેવા આગર કરવા માગતી નથી પણ જ્યારે તમારા ભાઇ આવશે ત્યારે જેમ કહે તેમ કરજો માટે હાલ તમે તો જેલમાં મહેલ માની રહો. જાવ? લઇ જાવ.

આ તરફ તીમીર યુદ્ધની ધમાચકડી ચાલી રહી છે બને પક્ષના હજારો યોદ્ધાઓ હણાયા. રસ્તામાં તેમના ધડ મસ્તકો રખડતાં ફરતાં હતાં રણજીત તથા કનકને હવે યુદ્ધમાં ઉતરવાનો સમય આવી પહોંચ્યો, કનક હાથી ઉપરથી નીચે ઉતરી રણજીતને સામે થવા માટે કહેવા લાગ્યો.

ભીરૂ સમ તું અરે રણજીત ત્રીજી વાર આજ આવ્યો છે.
છતાં ના તું કદી ફાવીશ સુતેલો સીંહ જગાવ્યો છે.
પ્રપંચી જાળમાં ફસતો વિચારો દે તજી તારા
ભરી પાપો તણા પગલાં થશે નહિ હાલ તુજ સારા

આ સાંભળી રણજીત બોલ્યો.

ધરી હીંમત પુરી મનથી આવ્યો છું અહીં આજે
પીતા માતા ભગીનીના લેવા વેરને કાજે
નહી છોડું હવે તમને થઇને કેશરી ફરતા
પીંજરમાં આજ પુરાશો સદા મન ધાર્યું છે કરતા

કહી તે તેના ઉપર તુટી પડયો પોતાની તલવારો ચમકાવતા બંને સામસામી થયા. એક એકના દાવ ચુકાવવા લાગ્યા. આમ ચાલતું હતું ત્યા રૂપગઢના રાજા રૂપસીંહનો પુત્ર વીરસીંહ લશ્કર સાથે આવી પહોંચ્યો તે પાછળથી કચરઘાણ વાળતો જરાવારમાં ઠેઠ કનકને રણજીતની નજીક આવ્યો. વીરસીંહને જોઇ રણજીત ગભરાયો. કારણ કે વીરસીંહ આગળ રણજીત એક મચ્છર સમો હતો કનક આટલો બહાદુર છતાં વીરસીંહ સામે ઝાઝો વખત ટકે તેમ ન હતું વીરસીંહ રણજીતને જોઇ બોલ્યો.

શીયાળ મન શું ધારતું સીંહ થઇ વનમાં રહું
પણ ના જરી મનમાં લહે, કે સીંહ શી રીતે કહું
રણજીત તારો દીન આજે, છે બરાબર ખુટીયો
કે જાણ મનથી તું ખરે, વીરસીંહ આજે કોપીયો

કહી તેણે એકજ છલંગ મારી તેને પકડી લીધો. પણ રણજીત ત્યાંથી નાસી છુટયો પોતાના સૈન્યનું શું થશે તે પણ વિચાર્યા વિના નાઠો આથી સર્વ સૈન્ય ભાગતું હતું ત્યાં કપટસીંહે તેમને થોભાવી પોતે સ્હામે થયો. કપટસીંહ તથા વીરસીંહ બંને સામસામી લડવા લાગ્યા. વીરસીંહને આ એક મચ્છર સમો લાગતો હતો. દ્વંદ્વ યુદ્ધ ચાલ્યું તેમાં વીરસીંહ જો કે પછાત પડે તેમ હતો પણ આ વખતે તેણે પુર્ણબળ બતાવી પોતાના ઉપર ચઢી બેઠેલા કપટસીંહને લાત મારી ઉથલાવી પાડયો. કનકસીંહે તરતજ કપટ-સીંહને પકડી લીધો યુદ્ધની સમાપ્તી થઇ સર્વે સૈન્ય કનકનું શરણુ સ્વીકારી તાબે થયું. સર્વે રાજ્યમાં ચાલ્યા તો આપણે ચાલો કે વીરસીંહની સમીપ ન્યાય કેવો થાય છે.

પ્રકરણ ૨૩ મું.

રૂપવતીનું લગ્ન

——(૦)——

વીજય જાણી કનકનો, મન મહીં સઉ મગન છે
આનંદ બીજો ઉપજે કે, રૂપવતીનું લગન છે

——(૦)——

આજે પ્રભાતના માંગલીક સવારમાં દરબાર ભરાયો હતો. સર્વ અમલદારો તથા ભાયાતો સર્વે ભરાયા હતા. દરબારમાં સર્વ સ્થળે લગ્નને માટે તૈયારીઓ કરી રાખી હતી રૂપવતી અત્યારે પોતાની ભાભી કામલતાની પાસે બેસી દીપમાળ શણગાર સજતી હતી. તેણે કપાળે બંધી બાંધી હતી તેમાં ઉત્તમમાં ઉત્તમ કારીગર સોનીના હાથથી બનાવેલી બંધી કે જેના વચ્ચે સાચા હીરાની ટીલડી કપાળના મધ્ય ભાગમાં આવી આજુ બાજુ સાચા મોતીની સેરો આવેલી હતી. આ બંધી કરનાર સોનીની કીંમત બંધી જોનારની આંખ જેમ હીરાને જોઇ જવેરી ખુશ થાય તેમ દાગીનાની પરખ કરનારને આનંદ આવ્યા શીવાય રહેતો નહિ હાથે હેમનાં કડાં તથા સાચા હીરામાણેકની બંગડીયો પહેરી પોતાના કોમળ હસ્તને શોભાવ્યા હતા, પગમાં સોનાનાં સાંકળાં પહેર્યાં હતાં. તથા શરીર પર રેશમી સાડી, ને સાચા મોતીથી ભરેલી કંચુકી પહેરી હતી. અધરને દીપાયમાન કરનાર ગળામાં નાખેલો હાર હીરા માણેકના

તેજથી જેમ અંધારા આકાશમાં તારાઓ ચમકારો કરે તેવી રીને દીપાવી રહ્યા હતા. સર્વ પ્રકારના અલંકારો સજી સામેના આયનામાં જોઇ કોઇ જાતની ખામી ન રહે તે માટે પુરતી કાળજી રાખતી હતી.

આ તરફ ચંદ્રસીંહ પણ પોતાના ઉત્સાહમાં વધારો કરવા જાતજાતના ફેંટાઓ લાવી મનપસંદ કાઢી બાજુએ મુકી દરેક વસ્ત્રો કાઢતો હતો. દરબાર ભરાયો એટલે બંનેને ત્યાં બોલાવવામાં આવ્યાં. રાજ્યગોરે વીધીપુર્વક લગન કીયા શરૂ કરી કન્યાદાન અપવાની વખત આવી. એટલે કન્યાના પીતા બહાદુરસીંહ ત્યાં હાજર નહિ હોવાથી તેનો મામાએ કન્યાદાનમાં તેને રામપુરનું રાજ્ય આપ્યું તે સાથે કેટલાક ઘોડા હાથી આપી આખા દરબારમાં કન્યાના બાપની ખામી જણાવા દીધી ન હતી પણ આ વખતે એક અજાણ્યો માણસ આવી ત્યાં દરબારમાં ઉભો રહ્યો ને તેણે પોતાની પાસે છુપાવેલી પોટલી કાઢી રૂપવતીના હાથમાં આપી આમ અજાણ્યા માણસે શું આપ્યું હશે જાણી કનકસીંહે તે લઇ તેને ખોલવા માંડી કેટલાક લુગડાના કકડા કાઢ્યા પછી તેમાંથી કેટલાક દાગીના નીકળ્યા કે જે દાગીના પોતાના રાજ્યમાં હોઇ પોતાની પ્રાણ પ્યારી સૌભાગ્યવતી પહેરતી હતી. તે હતા આ સર્વ જોઈ કનક બોલ્યો. અરે ભાઇ ! તમો ખરેખર સત્યજ જણાવશો કે આ દાગીના તમોને કોણે આપ્યા કારણ કે તમારા સાચા બોલવાથી અત્યારે મારા મનને અથાગ-આનંદ થયા વીના રહેશે નહી. માટે મને જરૂર જણાવશો. એટલે આવેલા માણસે કહ્યું કુમારશ્રી હું તમોને જે જે વાતો પુછશો તે કહેવા માટે તૈયાર છું પણ તમો તે વીશે ગમે તેમ કહેશો તો હું જણાવી શકીશ નહિ એટલે કુંવરે પોતેજ

પોતાની ચાલાકીથી જાણવા માટે બાજી રચી કે જ્યારે આ માણસ અહીંથી રવાના થાય તે વખતે તેની પાછળ ગુપ્ત રીતે મારો પોપટ મોકલું એટલે તે સર્વ વાત જાણી લાવશે. એમ ધારી તે પોતાના ખંડમાં ગયો ને પોતાનો પોપટ જે ત્યાં બેઠો હતો તેને કહ્યું બેટા! આજ સુધી તારાં કરેલાં કામોપરથી મને સંપુર્ણ વિશ્વાસ છે ને તેજ કારણથી આજે તને હું એક માણસ પાછળ મોકલવા ધારૂં છું ને મને ખાત્રી છે કે તે તું પુર્ણ કરી આવશે, એટલે જે ખરો સ્વામી ભક્ત પોપટ કહેવા લાગ્યો. કુમારશ્રી જરૂર તમારૂં કામ કરી જલ્દી પાછો આવીશ કહી તે કુંવરની સાથે દરબારમાં આવ્યો કુમારે તેને તે માણસ ઓળખાવ્યો પછી પોપટ ત્યાંથી ઉડી ચાલતો થયો ને તે દરવાજાની બહાર ઝાડ ઉપર આવી બેઠો. પેલા આવેલા માણસને કનકસીંહે સારા સારપાવ આપી વિદાય કર્યા. તે લઇ આવેલો માણસ ચાલતો થયો. દરવાજા નજીક આવ્યો એટલે કનકસીંહે પોપટને જણાવ્યા પ્રમાણે આવજો જજોના આવકારોથી વિદાયગીરી આપી આ અવાજ સાંભળી પોપટ પણ માણસની પાછળ ઉડતો જંગલમાં ચાલવા લાગ્યો.

પોતાની પાછળ કોઇ છુપી રીતે આવે છે એમ પેલા માણસને ખબર ન હતી, એટલે તે નીડરતાથી ચાલ્યો જતો હતો તે તલાવ નજીક આવ્યો ને પર્ણકુટી પાસે ઉભો રહ્યો એટલામાં ઝુંપડીમાંથી એક યોગીએ નીકળી તે માણસને કહ્યું કેમ બહાદુર તું કામ કરી આવ્યો. એટલે તેણે ત્યાં બનેલી સઘળી વાત કહી સંભળાવી. આ સઘળું પોપટ સાંભળતો હતો. તેણે બહાદુરસીંહને ઓળખ્યો એટલે તે ઉડી કનકને ખબર આપવા માટે ચાલ્યો ગયો. કનક પોતાના

માણસો સાથે તે જગાએ આવ્યો, પછી યોગીને નમસ્કાર કરી કહ્યું યોગેશ્વર ! ખરેખર તમે કોઈ રાજવંશી કુમાર હો તેમ જણાઓ છો. આ સાંભળી બહાદુરસીંહ બોલ્યો કુમાર તમો ભુલો છો હું રાજકુમાર નથી આમ વાત કરે છે એટલામા યોગીની સ્વરૂપે મહાત્મા સમ જણાતાં દેવી આવ્યાં તેમને જોઈ કનકસીંહે કહ્યું યોગીની ! તમો શાને માટે આમ જંગલ નીવાસી બન્યા છો આપની મુખાકૃતી ઉપરથી તમો પણ કોઇ રાજકુમારી જેવાં જણાવો છો એટલે યોગીનીએ કહ્યું શું રાજકુમાર તમારી આંખ આમ વીકારથી ભરેલી છે તે કયારે મટશે એટલામાં ગેબી અવાજ [illegible]યો કે તમે તમારી ખરી વાત હવે વધુ વખત ન છુપાવો તમારા માટે કનકસીંહના મનમાં જે લાગણી છે તે ઉપરથી હું સત્ય કહું છું કે તમારૂં નામ સૌન્દર્યવતી ને યોગીનું નામ બહાદુર સીંહ છે. આ સાંભળી બંને વિસ્મય થયાં અને પોતાની ખરી પીછાણ જણાવી. સર્વે સાથે ચાલી નીકળ્યાં ને રાજમહેલમાં આવ્યાં પોતાના પીતા આવ્યા છે જાણી રૂપવતી દોડતી ભેટવા ચાલી. પોતાના પુત્રીનાં શુભ લગ્ન થયેલાં હોવાથી બહાદુરસીંહે તેને હર્ષથી ભેટયા ને આશીર્વાદ આપ્યો. પછી તેઓ આસન ઉપર બેઠા. સૌંદર્યવતી મહેલમાં જઇ પોતાના વસ્ત્રો સજી આવી પહોંચી. આજનો દરબાર ખાસ આનંદમય લાગતો હતો કારણ કે વિપત્તિનાં ઘેરાયેલાં વાદળ વિખરાઇ ગયાં હતાં અને આજે રાજકુમાર કનકસીંહ રાજકુમાર તરીકે નહિ પણ રાજા તરીકે સતી સૌંદર્યવતીને સાથે રાખી ગાદી ઉપર વિરાજતાં હતાં. જેમ તારાઓમાં ચંદ્ર શોભે છે તેમ આજના [illegible] દરબારમાં કનક શોભતો હતો આ અપુર્વ

દ્રષ્ય જોઈ પ્રજાજનો રાજી થતા હતા. સર્વ દરબારમાં આજે જે કોઇ દીવસ આનંદ નહી પામેલા કનકસીંહ હર્ષાનંદથી માન સીરપાવ આપવા લાગ્યો. બ્રાહ્મણોને યોગ્ય દાન આપ્યું અને બારોટો કવિત કરવા લાગ્યાં. તેમને પણ શરપાવો આપ્યા દરબારીઓને યોગ્ય માન આપ્યું–સર્વ સભા આનંદ પામતાં વિસર્જન થઈ તો વાંચક આપણે આગળ ચાલોને તપાસીયે કે કનક બીજા કેદીઓને કેવો ન્યાય આપી પોતાના બાપનું વેર લે છે.

પ્રકરણ ૨૪ મું.

ન્યાયી નરેશ.

ન્યાયી તણા દરબારમાં સરખા રહે છે સર્વએ
પિતા હણાયે પાપથી ન્યાય તણો એ ગર્વ છે

આજે સવારના શહેરમા કલાહોલ મચી રહી હતી કારણકે જે પુત્રીના પાપથી આખી વીલાસનગરની પ્રજાનેજ નહિ પણ આજુબાજુના રાજાઓને પણ સંકટો સહન કરવાની તક આવી હતી. આવી પાપાત્મા પુત્રીને દંડની શીક્ષા થશે તે કોઇ જાણતું ન હતું. દરબાર ભરાયો સર્વ હાજર થયા એટલે કપટસીંહ તથા કપટકળાને રાજગાદી સમક્ષ ઉભાં કરવામાં આવ્યા. તેઓને સમક્ષ ઉભેલાં જોઇ કેશરી તરફ મારી હરણને ગબડાવે તેમ કનકસીંહ સીહાસનથી કુદકો મારી કપટકળાને પકડી બોલ્યો કેમ ઉદ્ધત છોકરી તું એક વખત ભરી સભામાં ગર્વથી કુલાઇ મારા સામું જોતી ન હતી તે જોયું કે આજે તારો પણ વખત આવ્યો

છે બોલ બોલ કેમ બોલતી નથી. તે દીવસે તો તારી જીભ જાણે ફુલનો વરસાદ વરસાવતી હતી, કાળમુખી તને ખબર ન હતી કે સત્ય હંમેશાં તરે છે.

છે સત્યનો જય સદા અધર્મનો ક્ષય થાય છે
સંકટ સહે તો સત્યથી અધર્મી દુઃખમાં જાય છે
મદથી ફુલાઇ માંકડી ગર્વથી છકતી જતી
પણ નાસમજતી ઉર મહી કે દીન એક મારી આ સ્થિતી

બોલ હવે તને તારા શબ્દો યાદ આવે છે. તે દીવસે પિતાના શબ ઉપર રથ ચલાવતાં જરા વિચાર નહોતો આવતો. બીચારા સત્યસીંહના બાળબચ્ચાંને રખડતાં કર્યાં. માતાપિતાને હણ્યાં. એટલાથી સંતોષ ન પામતાં ભોળા રાજકુમાર બહાદુરસીંહને પણ હણ્યા ને અધુરૂ હતું તે મને મારવા માટે દારૂગોળો ભર્યો. ઓ કુલટા તને શું કરૂં તને યાદ છે કે તે દીવસે તું હવામા ચણાતા કીલ્લા ઉપર બેસી " કોણ ભાઇ કોની સગાઇ " આવા શબ્દો બોલી મલકાતી હતી. તારા તે હવાઇ કીલ્લાઓ કયાં ગયા વિષયલંપટ જરા ન સમજી કે તું રાજાની પુત્રી થઇ આ સામે જણાતા કફન વિનાના કપટસીંહને તારો પ્રેમ અર્પી સુવર્ણ પાત્ર ત્યજી ઠીકરામાં જમવું ઉચીત ધાર્યું.

સુવર્ણ પાત્ર તેં તજી ઠીકરાને વળગી રહી
આખર કર્યો સંગ નીચનો તો જો દશા તુજ શી થઇ
ખુની બની ખુનો કર્યાં નીજ માતને મારી ગઇ
પીતા હણી ઓ પાપણી હત્યારી તું આજે થઇ

બોલ ! એક શબ્દ તો બોલ તારી મુકતીને માટે હજુ જે ઇરાત્ર કર્યો હોય તો જણાવ. કપટકળાએ હવે પોતે નમી પડી કહેવા માંડયું ભાઇ ? સર્વ મહેલાતો પવન વીખરાતાં વીખરાઈ ગયા મને હવે તું વધુ ન બાળ. ખરેખર ! હું પાપીણી, હત્યારી થઇ ચુકી છું. માટે હવે મારા પાપ કર્મનો બદલો આપવા ન્યાયી પ્રભુના દરબારમાં સદાને માટે ચાલી જાઉં છું. કહી ખંજર પેટમાં મારવા જાય છે તેને તેમ કરતી અટકાવી કનક બોલ્યો. એ અધર્મી હજુ મરવાને વાર છે એમ તારૂં મોત નથી તારૂ મોત કોણ જાણે કેવી રીતે થશે તે હું કહી શકતો નથી.

તને જો મારે એમ મારવી હોત તો કયારની યમપુરીમાં તને પીતાની પાછળ પહોંચાડી હોત પણ મારે તને એવી રીતની મારવાની છે કે દુનીયાની બીજી બાળીકાઓ પણ તારા જેવા પરનર પ્યારમાં ફસાઇ આવા અનર્થ ન કરે.

શું મોત તારૂં એમ છે કે સ્હેલથી છુટી જશે,
તુજ મર્ણ આજે સર્વને સ્હેલાઇથી જાહેર થશે;
છો પ્રેમી સાચાં તમ હવે જો જગત સર્વ જાણશે,
હશે ખરો જે પ્રેમી જોડાં તે સર્વ સુખને માણશે.

માટે ઓ પોતાના મોતની બારી શોધી વીના મુશ્કેલીએ મરનારી તું થોડો વખત જોયા કર કે ત્હારા પ્રેમીના શા હાલ થાય છે કહી કપટસીંહને કહ્યું કેમ ? સરદાર ! રાજ્યનું સીંહાસન તમારા માટે ખાલી છે માટે જરા બેસો. ઓ બેઅદબી અધર્મી તે દીવસે તને ગાદીની નીચ ઇચ્છા કયાંથી થઇ કે. તેં આટલા અનર્થો કર્યા તારામાં રાજ્ય

થવાના એક પણ ગુણ તો જોઇએ તેં તે દીવસે મને મોતની સજામાંથી બચાવ્યો તે તારો ઉપકાર મારા પર હતો પણ તે પાછળથી તારા હાથે તારા કરેલા દુશ્કર્મથી ભુસાઇ ગયો છે નાહક બીચારી સતી નારી જે તારી માતા સમાન તેને તેં વીના કારણ જંગલમાં રખડતી બનાવી આ તારો અધર્મ હું સહન કરી શકતો નથી તને હું પણ તારી પ્રેમીકાની સાથે મોતની સજાએ પહોંચાડીશ હાલ તમો બંને જોયા કરો કે તમારા મદદ કર્તા એલચીઓ કેવા સુખના ભોકતા થાય છે કહી એલચીઓને બોલાવ્યા એલચીઓ આવી હાજર થયા એટલે તેમને કહ્યું નરાધમો તમે રાજ્યના વીશ્વાસુ છતા આવાં અધર્મી કામો કરતાં જરા શરમાયા નહી તમારા ઉપર તો આખા રાજ્યનો આધાર રહેલો હોય છે. તમોએ જરા પણ વિચાર ન કર્યો કે પાછળ રહેલાં બાળબચ્ચાં ખાશે શું તમો તમારા કુળમાં ખરેખર કુલાંગાર નીકળ્યાં તમારા આ કૃત્યને જોઇ તમને મોતની સજા કરૂં તો થોડી છે પણ તમારાં પુર્વનાં કામ જોઈ તમને દેશનીકાલની સજા ફરમાવું છું જાવ મારા રાજ્યની હદબહાર થાવ. કહી તેમને દેશ નીકાલ કરવા મોકલી દીધા બાદ ચંદ્રરાયને તથા પ્રેમરાયને બોલાવી તેમને ઠપકો આપ્યો પુત્રો તમારાં આ કૃત્યો જો કે તમોએ લાલચથી લલચાઇ કર્યાં હશે પણ હવે આવા કાર્યમાં ભાગ ન લેતા સદા ન્યાયને સત્યને માર્ગે ચાલી પીતાની કીર્તીને કલંકીત ન કરતાં ઉજવળ કરશો. કહી તેમને સીંહાસન નજીક ખુરશી પર બેસવા કહ્યું.

આમ ઘટના ચાલી રહી હતી એટલામાં કેશરીસીંહે કનકસીંહની પાસેથી રજા માગી કે હું જરા બે બોલ આ કપટસીંહને

જણાવું રજા મળતાં તે બોલ્યો કપટસીંહ ત્હમોને હું જ્યારે મળવા આવ્યો ત્યારે ગર્વથી છકી જઇ જવાબ આપતા ન હતા ઉલટા મને પકડવાના રસ્તાઓ ગોઠવ્યા હતા એ તો હું સમજી ગયો હતો એટલે ચાલ્યો ગયો હતો કયાં ગઈ તમારી તે સર્વ ખુમારી કે આમ અહીંઆ શીઆળની માફક ઉભા રહી સાંભળ્યા કરો છો બતાવો તમારા શૌર્યને ને કરો કનકસીંહને દુર ? ને બેસો રાજગાદી ઉપર જરૂર તમે હવે ચીતા ગાદીપર બેસી સીધા સ્વર્ગને રસ્તે તમારા પાપનો ન્યાય આપવા જવાના એટલામાં કંટકસીંહ બોલ્યો કમ કપટકળા તમો તો તે દીવસે સાસુ સસરાના સમાચાર માગતા હતા તમારૂ મુખ તમારા સાસુ સસરાને બતાવો તો ખરાં શું બતાવો જે મુખચંદ્રને શોભાવે તેવું હતું તે આજે કાળરૂપી કાળાશથી કાળું થયું છે. અમારા રાજકુમાર સ્મશાનમાં ગયા કહેતા શરમ ન આવી તો તમો હવે કયા સરદાર ગૃહમાં જનાર છો. માટે કહોને છુટવાની બારી હોય તો જણાવો.

અત્યાર સુધી સર્વ વાત સાંભળી કનકસીંહે કહ્યું બેન ! શું આ શબ્દો અત્યારે તારાથી સહન કેમ થઇ શકે છે. તે દિવસે તો તારી ભાભીએ તને કહેલા શબ્દો ઉપર તેં લાત મારી ધિક્કારી કાઢી હતી તો અત્યારે તારૂં શામ મુખ લઇ કેમ ઉભી છું. જો ? જો ? તારાં કૃત્યોથી તારાં તથા મારાં માતા પિતા બીચારાં અંધવચ ઓળાની માફક અહીં તહીં ફરતા ફરે છે. બીચારા આ મારા પોપટને પણ તેં માતપિતા પાસે જુદો પાડવા માટે બહુ બહુ પ્રયત્નો કર્યા પણ તેમાં તું ફાવી નહિ, ને તેની પાંખો તોડવા માટે તૈયાર થઇ હતી જો એ પોપટ તે વખતે ન હોત તો તું અમે

તેમ કરી તારી ધારણા બર લાવત પણ તેં તો ધાર્યું કર્યું. હવે તને હું શું કરૂં. તમારાં કૃત્યો મને અત્યારે ભયંકર આગમાં સળગાવી રહ્યાં છે આ તારી સાથે કપટસીંહ જે એક સરદારની માનવંતી જગાએ હોવા છતાં રાજા બની રાજસુખને પ્રાપ્ત કરવા માટે તારા કૃત્રીમ પ્રેમમાં ફસાઇ નાહક જાનની ખુવારી કરી બૈરી છોકરાંને રખડતાં કરી આજે જે સભામાં આવતાં આવો આવોના પોકારોથી વધાવતા તેમને આજે સર્વ કોઇ કાળની દ્રષ્ટિથી જોઇ રહ્યા છે તેમને બચાવવા માટે રસ્તો મારા સમજવામાં આવે છે કે કપટકળા જરૂર રસ્તો કરી આપશે.

હવાના કયાં ગયા કીલ્લા, બનાવ્યા જે હતા ઉંચા
જતાં વીખરાઇ હવા તે, ગયા તમ નીકળી ડુચા,
હવે જો હોય મનમાં તો, ઉઠાવો તર્ક કંઇ બીજો
છુટીને થાવ રાજા ને, કરો કંઇ માર્ગ તમ ત્રીજો

ઓ ! પાપાત્મા પુતળાં તમોને તો હું એવી શીક્ષા કરીશ કે જગતના લોકો તમારાં નામ સાંભળી તમારા નામ ઉપર થુંકે તમો એમ ન સમજશો કે તમોને આ કનક હવે છોડે જો કે અત્યારે વખત પુર્ણ થયો છે માટે જાવ આજનો દીવસ તમોને આ દુનીયામાં તમોએ ભોગવેલાં સુખોના વિચાર કરવા માટે જીવતા રહેવા દેઉં છું એમ કહી દરબાર વિસર્જન થયો ને બીજે દિવસે ને પાપાત્માને કેવી શીક્ષા કરે છે તે જોઇએ.

પ્રકરણ ૨૫ મું.

અદલ ઈન્સાફ

ઇન્સાફ સાચો છે થયો જો ન્યાય સાચોઆપીઓ
રઇયતને સુખી કરિ. શત્રુ તણો ભય કાપીયો

આજ સવારમાં નગરના તમામ લોકો દરબારમાં જવા માટે તયાર થવાની તઇયારીઓ કરતા હતા કારણ કે આજે પાપીઓનો અદલ ઇન્સાફ હોવાથી તેમને કેવી સજા થાય છે તે સાંભળવા લોકો ખુશી થતા હતા બરોબર દશ વાગવાનો સુમાર થવા આવ્યો. દરબારમાં માણસો ન સમાવાથી રાજમહેલના ચોકમાં દરબાર ભરાયો હતો સર્વે લોક ભરાયા એટલે કનકસીંહ દીવાન ચતુરસીંહ સાથે આવી પહોંચ્યા સર્વેએ કુંવરને હર્ષનાદથી વધાવ્યા પછી બધા શાન્ત થઇ બેઠા. કુંવરે કેદીઓને હાજર કરવા હુકમ કર્યો. કપટકળા તથા

૧૫૪. રાજમહેલનું રમખાણ.

કપટસીંહને રામસીંહ તથા રાજમાતા દુર્ગાવતીને હાજર કર્યાં. કુંવરે પ્રથમ કપટકળાનો ન્યાય કરવાનું હાથમાં લીધું ને તે આસનથી નીચે ઉતરી બોલ્યો.

ભરાઇ મદ મહીં જાતી, ફુલાઇ ફાગડી ફામી
ઉભી શું શાન્તતા ધારી, ગયો શો શોક છે જામી
તમારૂ છે જીવન ખુટયું, જશો ના કો તમો ફાવી
નથી કો સાંયક કે, બચાવે તે અહીં આવી

આમ બોલતો કપટકળાને ધક્કો મારી બોલ્યો કેમ ? ઉદ્ધત છોકરી હવે તને તારા કૃત્યોનું સ્મરણ થાય છે કે નહિ. જો ન થતું હોય તો થોડાજ વખતમાં થશે, તને તથા તારા આ પ્રેમીને હું એવી શીક્ષા કરૂં કે તમારાં દુઃખોથી મારાં માતાપીતા ખુશી થઇ સ્વર્ગે જાય પણ હજુ વાર છે. એમ કહી રાજા રામસીંહ તથા યશોધરાને લાવવામાં આવ્યાં.

રામસીંહજી જો કે તે દિવસે તમો મને જરૂર જીતી જાત પણ એ નીમકહરામ નોકરની બેવકુફાઇથી આપના હસ્તને નુકશાન થયું હું તમારી વફાદારીથી ઘણો ખુશ થયો છું. ને તમોને આટલું દુઃખ દેનાર તમારા પુત્રી ચંદ્રકળા છે હવે તમોને તમારો મુલક પાછો તો નહિ મળે કારણકે તે કન્યાદાનમાં અપાયો છે પણ તે શીવાય હું તમોને બીજો મુલક આપું છું ત્યાં સુખેથી રાજ્ય ચલાવો કહી તેમને કેટલાક મુલક આપી વિદાય કર્યાં.

પાપ કેરાં પુતળાં ચઢતી મહીં ફુલાય છે
જેમ જેમ ફળે નીજ વારના તેમ મસ્તીમાં મલકાયછે

પણ જાણુતા ના તે જરી કે કાચની આ કાય છે
ફટ ફુટયાં નહિ વાર લાગે પ્રભુ સત્યે સહાય છે.

પછી તેણે પોતાની બેનને તથા કપટસીંહને હુકમ કર્યો કે જાવ સીપાઇઓ એ પાપાત્મા પુતળાંને વિલાસનગરના દરવાજે લઇ જઇ ઉંધે મસ્તક લટકાવો ને આખા શહેરમા ડાંડી પીટાવો કે પગે ચાલતાં જેટલા માણસો હોય તે સર્વે દરવાજે લટકાવેલાં પાપી પુતળાંને એક એક પત્થર મારી તેમનું માથું છુંદો. જો આમ કરવામાં જે કોઇ દયા દર્શાવશે તે રાજ્યનો ગુન્હેગાર ગણાઇ શીક્ષાને પાત્ર થશે આ પ્રમાણે હુકમ થવાથી સર્વે કામની તૈયારીઓ થવા માંડી. બપોરના બે વાગતાં બંને પુતળાને ઉંધે મસ્તક લટકાવવામા આવ્યાં હુકમ પ્રમાણે દરેક નગરવાસી એક એક પત્થર મારતા આવવા જવા લાગ્યા. પાપીઓની બુમોથી આખુ શહેર ગાજી ઉઠયું એવી કારમી ચીશો ને શરીરમાંથી નીકળતી લોહીની ધારાઓ જોનારને દયા ઉપજાવ્યા વિના રહે નહિ. પણ સર્વ કોઇ તેમના કૃત્યોથી તેમને છોડાવવાની હીંમત કરી શકયું નહિ. આ વાતની ખબર રાણીવાસમાં પડતાંજ સૌંદર્યવતી તેમજ કામલતા અને રૂપવતી સર્વે ત્યાં આવ્યાં પોતાની નણંદની આ સ્થિતી જોઇ સૌંદર્યવતીને દયા આવી તેથી તેણે કનકસીંહને મુકત કરવા વિનંતી કરી પણ પોતાના પિતાનું વેર પુર્ણ ન થાય ત્યાં સુધી તેમને મુકત ન કરવા માટે લીધેલી પ્રતિજ્ઞા કેમ તોડાય? તેમ સમજાવ્યું લાચારીથી સૌંદર્યવતી નિરૂપાય બની ચાલી ગઇ. આમ ચાલી રહ્યું હતું ત્યાં બીજી એક બીના બની.

રાજા અશોક તથા રાજમાતાના શબે ત્યાં દેખાવ દીધો તે પોતાના બંને હાથ ફેલાવી જણાવ્યું બેટા! ધન્ય છે તારી વીરતાને

તેં ખરેખર અમારા વેરનો બદલો લઇ દુશ્મનોને ઘટતી શીક્ષા કરી છે હવે તે પાપી પુતળાને મુકત કર. કારણ કે તેમના કૃત્યોની હવે તેમને પુરી શીક્ષા થઈ છે ને હવે તે જરૂર સમજી ગયાં હશે. પોતાના માતપીતાની રૂપ જોઇ કનકસીંહ તથા બીજાં સર્વેએ પ્રણામ કર્યા સર્વેને આશીષ આપી રૂપો ચાલી ગઈ. બાદ બંનેને મુકત કર્યા સર્વેને લઇ દરબારમાં ગયા. ત્યાં દરબાર ભરવામાં આવ્યો કપટકળા તથા કપટસીંહને સારી સારવાર કરવા માટે બંદોબસ્ત કર્યો. તેમને થોડા વખતમાં આરામ થયો પછી કપટકળા પોતાનાં સર્વે કૃત્યોની માફી માગીને પોતાના પતિ બહાદુરસીંહની ક્ષમા માગવા લાગી. બહાદુરસીંહે તેને નિખાલસ દીલથી માફી આપી તેમને કેટલાક ગામ ઇનામ આપી ત્યાંથી વીદાય કર્યાં કપટકળા તથા બહાદુરસીંહ આનંદથી ત્યાં મોજશોખ ભોગવી પ્રજાને મદદ કર્તા થઇ પોતાનાં નામ દીપાવવા લાગ્યા. કપટસીંહને પણ રાજ્યમાં ઓહ્દાદારની જગાએ નીમ્યો. તે પણ પોતે નીમકહલાલથી રાજ્યની સેવા બજાવી પોતાનું નામ દીપાવવા લાગ્યો બાદ ચંદ્રરાય તથા રૂપવતીને રામપુર વિદાય કરવામાં આવ્યાં. તેમજ રામસીંહને ને યશોધરાને પણ યોગ્ય બદલો આપ્યો ને દીવાન પુત્ર પ્રેમરાય ઉમર લાયક હોવાને લીધે તેમને રાજ્યમાં સેનાપતિની જગ્યાએ મુકયો સર્વેએ મળી હર્ષનાદથી વધાવ્યા ને બોલી ઉઠયા ધન્ય હો ! કનકસીંહને જય હો ! ના ધ્વનીથી વધાવી દરબાર વિસર્જન થયો તો

વાંચક આપણે પણ આપણી વાર્તાને અહીંજ પુર્ણ કરી સર્વેને સુખસાગરમાં મસ્ત બની મહાલતાં જોઇ આપણે આપણા મનને શાંતી આપી પુર્ણ કરીશું.

સત્યનો જય પાપનો ક્ષય ન્યાય એ નિર્માણ છે
પાપી પહેલા ફાવતા અંત સત્યનો જયકાર છે.

શાન્તિ શાન્તિ શાન્તિ

સમાપ્ત.

માણસ પોતાની બુદ્ધિથી શું નથી કરી શકતો ? લાકડાના ઘોડાને ચાંપ દાબી કે સરરરરસટ આકાશમાં ઉડયો; એક રાજકુમાર રાજાની બે કન્યાઓ લઇ ગગન માર્ગે ચાલ્યો. પૈસાની ભીડ પડે તો બસ (!) લોઢાના માણસને ચાંપ દાબી કે મહાસાગરને તળીએથી સાચાં મોતીના ઢગલે ઢગલા લઇ આવ્યો. પણ....એ બધું બને કયારે! માણસ પોતાની નીતિ જાળવે ત્યારે, રાજકુમાર ઉપર સ્વર્ગની દેવી આશક-પડી તેને સદબોધ આપી સતમાર્ગે ચલાવી. બદ-લામાં કેટલી દૈવી ચમત્કારી ચીજો બક્ષીસ મળી તે દૈવી ચીજોએ શું પરાક્રમ કર્યું, લાકડાનો ઘોડો, અને લોઢાનુ-માણસ કોણે બનાવ્યું. એ બધું જાણવાની ઈચ્છા હોય તો તુરત મંગાવો,

આકાશમાં ઉડતો ચમત્કારી ઘોડો.

દરેક શહેરમાં બધા બુકસેલરો વેચે છે

તમો વેચશો તો પૈસા કમાશો અને વાંચશો તો જ્ઞાન સાથે ગમ્મત મળશે,

સારાં સસ્તાં ઉત્તમ લોકપ્રીય પુસ્તકો

સોળ વરસની સતી	મહાત્મા તુલસીદાસ
મુંબાઇની શેઠાણી	ભકત પ્રહ્લાદ
વરઘેલી વીણા	સંત તુકારામ
પાંચ લાખનું પાણી	રાજમહેલનું રમખાણ
સુંદરી કે સાપણ	ઉડતો ઘોડો
પ્રપંચી પતિવૃતા	અટક પાંસળી હજામ
નારી કે નાગણ	જાપાની જાદુગર
ભેદી રાજકુમાર	જાદુઇ માછલી
પ્રેમની પીસ્તોલ	ભયંકર કુતરો
નવરાત્રીના ગરબા (સચીત્ર)	ખુબસુરતીનું ખપ્પર

જદુલાલ નારણદાસ બુકસેલર

મુ. નડીઆદ.